

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

# જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

## DVD No. 2

**(GUJARATI EDITION)**

## :: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

# ADBHUT NAVSMARAN



# અદ્ભુત નવસ્મરણ

॥ શુભ ધ્યાન કે શૃંગાર હૈં ॥ 卐

॥ ૐ ॥

## ચમકતું મંગલમય

# અદ્‌ભુત નવસ્મરણ

શ્રી વર્ધમાન ભક્તામરનવસ્મરણ તથા કલ્યાણમંગલ

## સ્તોત્ર


રચનાર :

જૈનાચાર્ય જૈનધર્મ દીવાકર પરમ પૂજ્ય આચાર્ય શ્રી

૧૦૦૮ શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબ

હિન્દી કે પ્રેરક ઘોર તપસ્વી ૧૦૦૮ શ્રી મદનલાલજી

મહારાજ સાહેબ હિન્દી ભાષા, ગુજરાતી કાઠિયાવાડી

ભાઈ બહેનોને અનુકુલતા ન હોવાથી તપસ્વી શ્રી ચાંદમુની

મહારાજ સાહેબની આજ્ઞા લઇને હિન્દીમાંથી ગુજરાતી

કરતા શ્રી સોહનલાલ જૈન



પ્રકાશક :

શ્રીમાન શેઠ કેશરીમલજી સ્વરૂપચંદજી ભંડારી કીશનગઢ

તથા શ્રીમાન શેઠ સરૂપચંદજી જુવારમલજી બોથરા

મુ. બરમાવલ, માલવા, મધ્યપ્રદેશ

૨૦૨૩ ] મૂલ્ય રૂા. ૨ [ ઈ. સ. ૧૯૬૬


॥ શાન્તિ રસકે ભંગાર હૈં ॥ 卐

॥ ક્રિયા ક્રિયા કે ભંડાર હૈં ॥

(બચ્છુડા કે)

અજિબ શાંતિ વરતાવે, શાંતિ ઉરલાવે હો જિનવરજી ।
[illegible] મ્હારે, આવે હો જિનવરજી ॥
વિશ્વસેન [illegible] વરજી, જન્મે હૈં સોલવે જિનવરજી ॥ટેક॥

શાંતિ હુઈ [illegible] દેશ મેં, ઘર ઘર મંગલાચાર ।
ઘર ઘર હર્ષ વધાવના, ઘર ઘર આનન્દતાર ॥
તીન ભવનમેં શાન્તિ શાન્તિ, ફેલાવે હો જિનવરજી ॥૧॥

સુરપતિ સબ પરિવાર લે, આયે સજ સિણગાર ।
મંગલ મહોત્છવ હો રહા, બાજે કે ઝણુકાર ॥
જગમગ જગમગ, જગમગ જોત જગાવે હો જિનવરજી ॥૨॥

સુર નર નારી બોલતે. શાન્તિ કરી સંસાર ।
અચલ શાન્તિ દીજે હમેં, વિનતી વારંવાર ॥
શાન્તિ શાન્ત સબ મિલકર, મુખમુખ ગાવે હો જિનવરજી ॥૩॥

કોટિ સૂરજ સમ તેજ હૈ, શીતલ ચંદ્ર સમાન ।
માત પિતા નિરખી કહે, પુત્ર ઘણો ગુણવાન ॥
યો તીન ભુવન કો નાથ દરસ દિખલાવે હો જિનવરજી ॥૪॥

શાન્તિ શાન્તિ વરતે સદા, વિષ અમૃત બન જાય ।
શાન્તિ શાન્તિ કી લહરેં મુજ મન ભાવે હો જિનવરજી ॥૫॥

રાણાજી કી બીનતી, ગઢ સે હુઆ વિહાર
ઉદિયાપુર ઓર આહડ મેં ઘણો હુઆ ઉપકાર;
'ઘાસીલાલ' દોય સહસ્ર શાન્તિ જિન ધ્યાવે હો જિનવરજી

॥ શુભ ધ્યાન કે શૃંગાર હૈં. ॥

॥ ૐ ॥

## ચમકતું મંગલમય

# અદ્ભુત નવસ્મરણ

શ્રી વર્ધમાન ભક્તામરનવસ્મરણ તથા કલ્યાણમં

## સ્તોત્ર

રચનાર :

જૈનાચાર્ય જૈનધર્મ દીવાકર પરમ પૂજ્ય આચાર્ય ?

૧૦૦૮ શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબ

હિન્દી કે પ્રેરક ઘોર તપસ્વી ૧૦૦૮ શ્રી મદનલાલ

મહારાજ સાહેબ હિન્દી ભાષા, ગુજરાતી કાઠિ

ભાઈ બહેનોને અનુકુલતા ન હોવાથી તપસ્વી શ્રી ચાંદ

મહારાજ સાહેબની આજ્ઞા લઇને હિન્દીમાંથી ગુજ.

કરતા શ્રી સોહનલાલ જૈન

પ્રકાશક :

ીમાન શેઠ કેશરીમલજી સ્વરૂપચંદજી ભંડારી કીશ.

તથા શ્રીમાન શેઠ સરૂપચંદજી જીવારમલજી બોથ્યા

મુ. ખરમાત્રલ, માલવા, મધ્યપ્રદેશ

સં. ૨૦૨૩ ] મૂલ્ય રૂા. ૨ [ ઈ. સ. ૧૯૬૬

॥ શાન્તિ રસકે શૃંગાર હૈં ॥

। શાંતિ જિણુંદ મન ધ્યાવે હૈ, મ્હારે શાંતિ શાંતિ વરતાવે હૈ
ખડી ગુલકયારી ફુલાવે હૈ, મ્હારે રોમરોમ હરષાવે હૈ ॥ટેક॥

ખ ગર્ભ મેં થે જગ સુખ પાયા, ફિર જન્મે-જનમન હુલસાયા ।
॥ તીન ભુવનમેં મન ચાહ્યા, સુરનર મહોચ્છવકો આવે હૈ ॥૧॥

ગુણા કે સાગર હો, તુમ ગુણ રત્નોં કે આગર હો ।
કમલકે સુધાકર હો, જિન વચન સુધા વરસાવે હૈ ॥૨॥

ી મિટ જાવે હૈ, જો શાન્તિ શાન્તિ ગુણ ગાવે હૈ,
ાપ કર્મ હટ જાવે હૈ, વિષભી અમૃત હોજાવે હૈ ॥૩॥

ન્તિ જાપ જપતા હૂઁ, સબ કામ સિદ્ધ કર આતા હું ।
છિત સુખ મૈં પાતા હૂઁ, આનન્દકી લહર જગાવે હૈ ॥૪॥

ોં ધ્યાન લગાતા હે, જો આજ્ઞાચક્ર પહુંચાતા હૈ ।
સિદ્ધિ પ્રગટાતા હૈ, કેવલ વો મોક્ષ સિધાવે હૈ ॥૫॥

. ને હુકમ દિયા, (ભૂપાલ ભૂપ ને હુકમ દિયા)
સબ રાજ મેં પાલો જીવ દ
ન્ય ભુપોં ને લાભ લિયા, દેવીદેવી ભી અમર કરાવે હૈ

નન્નાણું દીવાલી ભલી, બગડુન્દે સંઘ કી આશ ફલી ।
। ચોમાસે ખૂબ પલી, મુનિ 'ઘાસીલાલ' સુખ પાવે હૈ

---

॥ શ્રી વીતરાગાય નમઃ ॥

# ॥ શ્રી વર્દ્ધમાન ભક્તામરસ્તોત્રમ્ ॥

**ભકતામર–પ્રવર–મૌલિ–મણિ–પ્રભેષુ
જયોતિઃ–પ્રભૂત–સલિલેષુ સરોવરેષુ ।
ચેતોલિ–મંજુ–વિકસત્કમલાયમાનં,
શ્રી–વર્દ્ધમાન–ચરણં શરણં વ્રજામિ ॥૧॥**

મંત્ર—ૐ હ્રીઁ શ્રીઁ કલીઁ નમો ભગવતે શ્રી વર્ધમાનાય । શ્રી શાસનદેવ પ્રસીદ પ્રસીદ મમ સર્વ સુખં સાધય સાધય સ્વાહા ॥




આ પહેલા શ્લોકને બોલવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી શાસનદેવ પ્રસન્ન થાય છે. અને મનવાંછિત રિદ્ધિ સિદ્ધિ સુખ સંપત્તિ પ્રાપ્ત થાય છે. છે.

२

**આનન્દ-નન્દન-વનં સવનં-સુખાનાં,**
**સદ્ભાવનં શિવ-પદસ્ય પરં નિદાનમ્ ।**
**સંસાર=પાર-કરણં કરણં ગુણાનાં,**
**નાથ-ત્વદીય-ચરણં શરણં પ્રપદ્યે ॥૨॥**

**મંત્ર**—ૐ નમો અરિહંતાણં ભગવંતાણં શ્રી વર્ધમાન સામીણં ।
ૐ હ્રીં ક્લીં શ્રીં સિરીદેવી મમ સુખં સૌભાગ્યં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ બીજા શ્લોકને બોલવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી લક્ષ્મી, સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય છે, અને આપણું ઘર સર્વ સુખમય બની રહે છે.

३

**સિદ્ધૌષધં સકલ-સિદ્ધિ-પદં સમૃદ્ધં,**
**શુદ્ધં વિશુદ્ધ-સુખદં ચ ગુણૈઃ સમિદ્ધમ્ ।**
**જ્ઞાનપ્રદં શરણદં વિગતા-ઘ-વૃન્દં,**
**ધ્યાનાસ્પદં શિવપદં શિવદં પ્રણૌમિ ॥૩॥**

**મંત્ર**—ઓં ણુમો સવ્વક્ખરસન્નિવાઈણું ણુમો સવ્વોસહિ-લદ્ધીણું ણુમો કુટુબુદ્ધીણું ણુમો સિદ્ધિ પત્તાણું । ઓઁ બ્લૂઁ શ્રીઁ શ્રીઁ સઃ સરસ્વતી મમ જિહ્વાગ્રે તિષ્ઠ તિષ્ઠ શાસનદેવી મમ ચિન્તાં ચૂરય ચૂરય, સિદ્ધિં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ત્રીજા શ્લોકને બોલવાથી ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ, જ્ઞાનની વૃદ્ધિ, ઔષધિની સિદ્ધિ, ચિન્તાનું હરણ અને સર્વ પ્રકારની સિદ્ધિ થાય છે. આ મંત્રથી ઔષધીને અભિમંત્રિત કરીને રોગીને આપવાથી રોગ જતો રહે છે.

४

**બાલો વિવેક-વિકલો નિજ-બાલ-ભાવા-**
**દાકાશ-માન-મપિ કર્તુમિવ પ્રવૃત્તઃ ।**
**જ્ઞાના-ધનન્ત-ગુણ-વર્ણન કર્તુ-કામઃ,**
**કામં ભવામિ કરૂણાકર ! તે પુરસ્તાત્ ॥૪॥**

મંત્ર—ૐ હ્રીં અર્હં ઐં હંસઃ શ્રી મહાવીરાય અતુલ બલ પરાક્રમાય અરિહંત્રે નમઃ । શ્રી શાસનદેવી મમ સર્વત્ર વિજયં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ચોથા શ્લોકને ભણવાથી અને મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી બળ, પરાક્રમનો વધારો થાય છે. વિવાદમાં અને રાજદ્વારમાં વિય જય મળે છે. તેજ વધે છે. અને યશ ફેલાય છે.

૫

**સ્પર્શો મણિર્નયતિચેન્નિજ–સંનિધાનાત્,**
**લોહં હિરણ્ય–પદવી–મિતિ નાત્ર ચિત્રમ્ ।**
**કિન્તુ ત્વદીય–મનુચિન્તન–મેવ દૂરાત્,**
**સામ્યં તનોતિ તવ સિદ્ધિપદે સ્થિતસ્ય ॥૫॥**

**મંત્ર**—ૐ હ્રીં શ્રીં ક્લું ક્લું બ્લૂં બ્લૂં અર્હં ણમો અસિ આઉસાણું ણમો । ૐ શાસનાદેવી સિદ્ધાયિકે મમ અભ્યુદયં ઇષ્ટ સિદ્ધિં ચ કુરૂ કુરૂ સ્વાહા ॥




આ પાંચમા શ્લોકને ભણવાથી અને તે મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી ઇષ્ટ સિદ્ધિ, ભાગ્યોદય પ્રત્યેક કાર્યમાં અભ્યુદય અને યશની પ્રાપ્તિ થાય છે.

કુન્દેન્દુ

કુન્દેન્દુ-હાર-રમણીય-ગુણાન્ જિનેન્દ્ર,
વક્તું ન પારયતિ કોઽપિ કદાપિ લોકે ।
કઃ સ્યાત્ સમસ્ત-ભુવનસ્થિત-જીવ-રાશે-
રેકૈક-જીવ-ગણના-કરણે સમર્થઃ ? ॥૬॥

મંત્ર—ઓઁ હ્રીઁ શ્રીઁ ણમો અણુત્તરણાણદંસણુસ્સ વર્દ્ધમાણુસ્સ ।
ઓઁ વ્રૌઁ વિઘ્ર દેવી મમ સર્વત્ર સર્વં દિવ્યં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ છઠ્ઠા શ્લોકને વાંચવાથી અને ૧૦૮ વાર જપ કરવાથી, યંત્રને ધારણ કરવાથી દિવ્ય રિદ્ધિ, દિવ્ય પ્રભાવ, દિવ્ય પરાક્રમ દિવ્ય યશ, દિવ્ય લક્ષ્મી, દિવ્ય ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.

**શક્ત્યા વિનાપિ મુનિનાથ ! ભવદ્ગુણાનાં,**
**ગાને સમુદ્યત-મતિર્નહિ લજ્જિતોસ્મિ ॥**
**માર્ગેણ યેન મરૂડસ્ય ગતિઃ પ્રસિદ્ધા,**
**તેનૈવ કિં ન વિહગસ્ય શિશુઃ પ્રયાતિ ? ॥૭॥**

મંત્ર—ઔં ક્લીં હ્રીં ઔં ઔં અર્હં શશાંકશંખકુન્દોજ્જવલ ગુણાય શ્રી વર્ધમાનાય નમઃ । ઔં શ્રીં મહામાનસી દેવી મમ જ્ઞાન શૌર્યાદિ ગુણાન્ વર્ધય વર્ધય સ્વાહા ॥



વિધિ અને ફળ

આ સાતમા શ્લોકને ભણવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી શૂરતા, વીરતા આદિ ગુણો પ્રાપ્ત થાય છે. જ્ઞાન વૃદ્ધિ થાય છે. શત્રુ ખલ હટી જાય છે. અને ભાગ્યની વૃદ્ધિ થાય છે.

## ૮

**ત્વદ્વાક્-સુધા સુરુચિરેવ વિભો ! બલાન્માં,**
**વક્તું પ્રવર્ત્તયતિ નાથ ! ભવદ્ગુણાનામ્ ।**
**યદ્વર્દ્ધતે જલનિધિ-સ્તરલૈ-સ્તરંગૈ-,**
**સ્તત્રાસ્તિ ચન્દ્ર-કિરણો-દય એવ હેતુઃ ॥૮॥**

મંત્ર—ઓઁ ઐઁ ક્લીં બ્લૂઁ શ્રીઁ નમો ભગવતે વર્ધમાનાય ।
ઓઁ શ્રી શ્રીવત્સે મે સંપદ્વૃદ્ધિં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ આઠમા શ્લોકને વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી વિદ્યાની પ્રાપ્તિ, વચનસિદ્ધિ, હર્ષ પ્રકર્ષ, ધન ધાન્ય સંતાન પરિવારની વૃદ્ધિ થાય છે.

૯

**અજ્ઞાન-મોહ-નિકરં ભગવન્ ! હૃદિસ્થં,**
**હર્તું પ્રભુ પ્રવચનં ભવદીય મેવ ।**
**ગાઢં સ્થિરં ચિરતરં તિમિરં દરીસ્થં,**
**હર્તું પ્રભુઃ સુરુચિરા રૂચિરેવ નાન્યત્ ॥૯॥**

મંત્ર—ઓઁ હ્રીં શ્રીં સઃ ણમો સિદ્ધસ્સ સિરિ વદ્ધમાણસ્સ તિત્થયરસ્સ । ઓઁ ક્લીં ઓઁ અશોકે દેવી મમ સર્વં વાંછિતં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ નવમા શ્લોકને બોલવાથી અને મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી, વિપત્તિ હરણ, દ્રારિદ્રનિવારણ સર્વ પ્રકારના સામર્થ્યની પ્રાપ્તિ, ભૂતપ્રેત આદિ દુઃખનું નિવારણ, ભાગ્યોદય તથા જ્ઞાનનો ઉદય થાય છે.

## ૧૦

**વાક્યં પ્રમાણ-નય-રીતિ-ગુણૈ-ર્વિહીનં,**
**નિર્ભૂષણં યદપિ બોધિદ ! મામકીનમ્ ।**
**સ્યાદેવ દેવ-નર-લોક-હિતાય યુષ્મત્-**
**સંગાદ્ યથા ભવતિ શુક્તિ ગતો-દ બિંદુઃ ॥૧૦॥**

મંત્ર—ઓઁ શ્રીઁ ક્લીઁ લોકોદ્યોતકરાય જ્ઞાતપુત્રાય નમઃ ।
ઓઁ હ્રીઁ ઐઁ બ્રાહ્મી દેવી મમ વાગ્લબ્ધિ કુરૂ કુરૂ સ્વાહા ॥



આ દસમો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી, યંત્રને ધારણ કરવાથી લોકોત્તર પ્રભાવ વધે છે. વિજયની પ્રાપ્તિ થાય છે. વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે. મૂંગો માણસ બોલી શકે છે. પ્રિયનો સંગમ અને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે.

## ૧૧

**આસ્તાં તવ સ્તુતિ–કથા મનસોઽપ્યગમ્યા,**
**નામાપિ તે ત્વયિ પરં કુરૂતેઽનુરાગમ્ ।**
**જમ્બીર–મસ્તુ ખલુ દૂરતરેઽપિ દેવ !**
**નામાપિ તસ્ય કુરૂતે રસનાં રસાલામ્ ॥૧૧॥**

**મંત્ર**—ઓઁ ક્લૂઁ શ્રીઁ બ્લૂઁ લોકત્રયમનોહરાય વૈશાલિકાય નમઃ । ઓઁ હ્રાઁ હ્રીઁ ક્લીઁ વીરશાસન યક્ષ મમ વાંછિતં આકર્ષય આકર્ષય સ્વાહા ॥



આ અગીયારમા શ્લોકને વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી, દૂરથી પણ વસ્તુનું આકર્ષણ થાય છે. રાજા પ્રજા વિગેરે વશમાં આવે છે, અને દુઃખ દારિદ્રયનો સર્વ પ્રકારે નાશ થઈ, ઘર આનંદમય બને છે.

१२

**નાના-મણિ-પ્રચુર-કાંચન-રત્ન-રમ્યં,**
**સ્વીયં પ્રયચ્છતિ પદં જનકઃ સુતાય ।**
**ત્વદ્-ધ્યાન-મેવ જિનદેવ ! પદં ત્વદીયં,**
**ભવ્યાય નિત્ય-સુખદં પ્રગટી-કરોતિ ॥૧૨॥**

મંત્ર—ૐ હ્રીં શ્રીં બ્લૂઁ અચિન્ત્ય ચિંતામણિ રૂપાય વર્ધમાનાય નમઃ । ૐ શ્રીં શ્રીં ક્રોં કમળ પ્રભા દેવી મમ અચિન્ત્ય સુખરાશિં દેહિ દેહિ દાપય દાપય સ્વાહા ॥



આ બારમો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી, યંત્રને ધારણ કરવાથી ધનધાન્ય રિદ્ધિસિદ્ધિ સમૃદ્ધિ નિધિ વગેરેની પ્રાપ્તિ થાય છે. માતાપિતાનો પ્રેમ વધે છે. આકસ્મિક દ્રવ્ય લાભ મળે છે.

१३

**જ્ઞાના-ધનન્ત-ગુણ-ગૌરવપૂર્ણ-સિન્ધું,**
**બન્ધું ભવન્ત-મપહાય પરં ક ઇચ્છેત્ ? ।**
**પ્રાજ્યં પ્રલભ્ય ભુવન-ત્રિતયસ્ય રાજ્યં,**
**કઃ કામયેત કિલ કિંકરતા-મબુદ્ધિઃ ॥૧૩॥**

મંત્ર—ૐ અર્હં હ્રીં ક્લીં અનન્ત ચતુષ્ટય ધારિણે વર્ધમાન સ્વામિને નમઃ । ઐં આં ઈં ઉં ઉત્પલાદેવી રત્નાકર નિવાસિનિ મમ સર્વ દિવ્ય લાભં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ તેરમા શ્લોકને વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી દિવ્ય દ્રષ્ટિ, જ્ઞાનની પ્રાપ્તિ, પ્રતિભાની વૃદ્ધિ થાય છે. અપૂર્વ લાભ, રાજ્ય લાભ સર્વત્ર વિજય તથા રત્ન વિગેરે પ્રાપ્ત થાય છે.

## ૧૪

**ત્વદ્-ગાત્રતાં-પરિણતાઃ પરમાણવોઽપિ,**
**સર્વોત્તમા નિરૂપમાઃ સુષમા ભવન્તિ ।**
**લબ્ધ્વા શરણ્ય ! શરણં ચરણં જનાસ્તે,**
**સિદ્ધા ભવેયુ-રિતિ નાથ ! કિમત્ર ચિત્રમ્ ॥૧૪॥**

**મંત્ર**—ઓઁ ક્લીઁ શ્રીઁ હ્રાઁ હ્રીઁ નમો સવ્વ લબ્ધિધર જિણાણં । ઓઁ બ્લીઁ ઐઁ શ્રીઁ વં વં વજ્રસેના દેવી મમ લબ્ધિ સુખ સૌંદર્ય સર્વ પ્રિયંચ કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ચૌદમો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી સ્પર્શલબ્ધિ ઉત્પન્ન થાય છે. અર્થાત્ સાધકના હસ્ત વિગેરેના સ્પર્શ માત્રથી રોગીનો રોગ દૂર થઈ જાય છે. અને અપૂર્વ સુંદર સર્વરોગ નિવૃત્તિ અને સકલ ઇષ્ટસિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

**કશ્ચંડકૌશિક-સમં ભવ+સિન્ધુ-પારં,**
**નેતા સુદર્શનસમં ચ જગત્ત્રયેઽપિ ।**
**હે નાથ ! તત્ કથય તે ચરણાંબુજસ્ય,**
**યેનોપમા ગુણલવેન ઘટેત લોકે ॥૧૫॥**

**મંત્ર**—ૐ હ્રીં શ્રીં અનાહત વિજયાય વર્ધમાનાય નમઃ । ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં જ્વાલામાલિની દેવી સ્થાવરજંગમવિષં હર હર ઉપસર્ગનાશય નાશય સ્વાહા. ॥



આ પંદરમો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી દરેક પ્રકારના સ્થાવર જંગમ વિષનો નાશ થાય છે. ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, ડાકણ, શાકણ ગ્રહ નક્ષત્ર વિગેરેથી થનાર ઉપસર્ગનો નાશ થાય છે. દરેક પ્રકારનો રોગ દૂર થઈ જાય છે.

**લોકોત્તરં સકલમંગલ-મોહ-કન્દં,**
**સ્યન્દં વચો-મૃતરસસ્ય જગત્ય મન્દમ્ ।**
**સ્વર્ગા-પવર્ગ-સુખદં ભવદાસ્ય ચન્દં**
**દૃષ્ટ્વા મુદં ભજતિ ભવ્ય-ચકોર-વૃન્દમ્ ॥૧૬॥**

મંત્ર—ઓઁ હ્રીં હ્રૂઁ ગાઁ ગીઁ ગઃ નમો અપૂવ્વનાણદંસણુ ધરસ્સ વર્ધમાણુસ્સ । ઓઁ શ્રીઁ ક્લીઁ હ્રીઁ સાઁ સઃ શ્રી વત્સા દેવી મમ સર્વં લોકોત્તરં અભ્યુદયં સાધય સાધય સ્વાહા ॥



આ સોળમો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી રાજાપ્રજાવશ, મન પ્રસન્ન, આપણા બીજાના સ્થાનમાં પૌષ્ટિક કાર્ય, સર્વોત્કૃષ્ટ સુખ, કુટુંબમાં સર્વ પ્રકારના આનંદ ઇત્યાદિ અનેક પ્રકારના માંગલિક કાર્ય થાય છે.

## ૧૭

**ભ્રાન્ત્યાપિ ભદ્ર-મુદ્દિતં ભવદીય-નામ,**
**સિદ્ધેર્વિધાયિ ભગવન્ ! સુકૃતાનિ સૂતે ।**
**અજ્ઞાનતોપિ પતિતં સિતખંડ-ખંડમ્,**
**ધત્તે મુખે મધુરિમાણ-મખંડ-મેવ ॥૧૭॥**

**મંત્રઃ-** ૐ હ્રીં હૂં ક્લુઁ ક્લુઁ નમઃ અર્હતે શ્રીવર્ધમાનાય । ૐ શ્રાઁ શ્રીં હુઁ મહામાનસી દેવી મમ અચિન્ત્યમખંડમાનંદં સર્વસૌખ્યં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ સત્તરમો શ્લોક વાંચવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી સદ્દબુદ્ધિ પ્રાપ્ત થાય છે. મનમાં સારા સારા વિચાર ઉત્પન્ન થાય છે, અખંડ આનંદ પ્રાપ્ત થાય છે. સર્વ મન વાંછિત સિદ્ધ થાય છે.

૨

## ૧૮

**યો મસ્તકં નમયતે જિન ! તેન્દ્રિપદ્મે,**
**સર્વર્દ્ધિ-સિદ્ધિ-નિચયઃ શ્રયતે તમેવ ।**
**તીર્થંકરઃ શુભકરઃ પ્રવિભૂય સોડયં,**
**સ્થાનં પ્રયાતિ પરમં ધ્રુવ-નિત્ય-શુદ્ધમ્ ॥૧૮॥**

**મંત્રઃ-** ઓઁ હ્રાઁ હ્રીઁ હ્રુઁ બ્લૂઁ નમઃ અનન્તચતુષ્ટયધરાય તીર્થંકૃતે વર્ધમાનાય । ઓઁ હ્રીઁ શ્રીઁ ક્લીઁ કનકપ્રભાદેવી મમ અનંત રિદ્ધિસિદ્ધિં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ અઢારમો શ્લોક વાંચવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી, યંત્રને ધારણ કરવાથી, દરેક પ્રકારની રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સાધારણ મનુષ્ય પણ ઊંચું પદ પ્રાપ્ત કરે છે. કુટુંબમાં સંપ વધે છે. અખંડ યશની પ્રાપ્તિ થાય છે.

## १९

**પૃચ્છામિ નાવ-મધુના મુનિનાથ ! નિત્યં,**
**પ્રાપ્તા ત્વયા તરણ-તારણતા હિ કસ્માત્ ? ।**
**સા નોત્તરં વિતનુતે ત્વમપિ પ્રયાત—,**
**સ્તદ્બ્રૂહિ કોઽસ્તિ પરિતોષકર-સ્તૃતીયઃ ॥૧૯॥**

**મંત્ર:-** ઑઁ ૠૌઁ ધ્રૌઁ ક્લીઁ ક્લીઁ બ્લૂઁ અનંત બલપરાક્રમાય શ્રી મહાવીરાય નમઃ । ઑઁ ધ્રાઁ ધ્રીઁ વ્રાઁ વ્રૌઁ શ્રી વારૂણીદેવી મમ સર્વ ઉત્પાતં હર હર સ્વાહા ॥



આ ઓગણીસમો શ્લોક વાંચવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી જળ સંબંધી ભય દૂર થાય છે. નદી સમુદ્ર વિગેરેમાં સ્મરણ માત્રથી રક્ષણ થાય છે. અને પોતાનો બેડો પાર થઈ જાય છે.

**પીયૂષ–મન્ત્ર નિજ જીવન–સાર–હેતું,**
**પીત્વાડડનુવન્તિ મનુજાસ્તનુ માત્ર રક્ષામ્ ।**
**સ્યાદ્વાદ-સુન્દર–રૂચં ભવતસ્તુ વાચં,**
**પીત્વા પ્રયાન્તિ સુતરા–મજરા–મરત્વમ્ ॥૨૦॥**

**મંત્ર:**– ૐ હ્રાઁ હ્રૂઁ ક્રાઁ ક્રૌ નમો પહીણુ જરમરણુસ્સ વદ્ધમાણુસ્સ । ૐ ઝ્રાઁ ઝ્રૌઁ ઝ્રૂઁ વજ્રસેના દેવી મમ સર્વં વિઘ્નં હર હર ફટ્ સ્વાહા ॥




આ ૨૦મો શ્લોક વાંચવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી, શરીરના બધા જ રોગ દૂર થાય છે. ભૂત પ્રેતાદિની પીડા થતી નથી. અકાળ મૃત્યુનો ભય ટળી જાય છે. શરીર હંમેશાં નિરોગી અને રૂષ્ટપુષ્ટ બની રહે છે. આ મંત્ર ફૂકવાથી બાળકોને સર્વ પ્રકારના વ્યાધિ, તથા ડાકણી–શાકિણી આદિના દોષ દૂર થાય છે.

**ચક્રી યથા વિપુલ-ચક્ર-બલાદખંડં,**
**ભૂમંડલં પ્રભુતયા સમલંકરોતિ ।**
**રત્ન-ત્રયેણ મુનિનાથ ! તથા પૃથિવ્યાં,**
**જૈનેન્દ્ર-શાસન-પરાન્ ભવિનો વિધત્સે ॥૨૧॥**

**મંત્રઃ-** ૐ હ્રીં અર્હં હ્રાં હ્રૂં નમો સિદ્ધસ્સ વદ્ધમાણુસ્સ । ૐ હ્રીં શ્રીં દ્રાં દ્રીં ધ્રાં ધ્રીં મહાજવાલા દેવીમમ દિવ્યપ્રભાવં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૨૧મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી, અખંડ શાસનતા, રત્નાદિ પ્રાપ્તિ પરપરાભવ કારી ઓજસ્વિતા, બલબુદ્ધિ આદિની તેજસ્વિતા પ્રાપ્ત થાય **છે.**

## ૨૨

**કાલસ્ય માન-મખિલં શશિ-ભાસ્કરાભ્યાં,**
**પક્ષ-દ્વયેન ગગને ગમનં ખગાનામ્ ।**
**તદ્વદ્ ભવાનપિ ભવાદ્ ભગવન્ ! જનાનામ્,**
**જ્ઞાન-ક્રિયા-ભય-વશા-દિહ મુક્તિમાહ ॥૨૨॥**

**મંત્ર:-** ઑં શ્રાં શ્રીં શ્રું હ્રીં નમો સવ્વકામવિપ્પમુક્કસ્સ વદ્ધમાણસ્સ । ઑં હ્રાં હ્રીં ક્રૌં શ્રીં સુભગાદેવી મમ સર્વારિષ્ટં મોચય મોચય સ્વાહા ॥



આ ૨૨મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી બંધનમાં રહેલાનો મોક્ષ અને ઉભય પક્ષમાં શાંતિ થાય છે તથા ગ્રહની પીડા દૂર થાય છે, સર્વ પ્રકારના રોગ શાંત થાય છે.

## ૨૩

**આનાદ્દિકં હૃદ્દિગતં વિષમં વિષાક્તં,**
**સંસાર–કાનન–પરિભ્રમણૈક–હેતુમ્ ।**
**મિથ્યાત્વ–દોષ મખિલં મલિનસ્વરૂપં,**
**ક્ષિપ્રં પ્રણાશયતિ તે વિમલઃ પ્રભાવઃ ॥૨૩॥**

**મંત્ર**—ૐ હ્રાઁ અર્હં અસિ આઉસાણું અણુાહય વિજયાણુ નમો । ૐ હ્રીઁ શ્રાઁ ક્લી હ્રાઁ હ્રીઁ હ્રુઁ માતંગયક્ષ ! મમ સર્પાદિ વિષભયં હર હર નૈરૂજયં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૨૩મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી સર્પ વિગેરેનું વિષ ઉતરે છે. અને કોઢ પાયોરિયા વિગેરે રોગ મટી જાય છે. શરીર નિરોગી બની જાય છે.

**પ્રામાદિકા વિષય મોહ-વશં ગતા યે,**
**કર્ત્તવ્ય-માર્ગ-વિમુખાઃ કુમતિ-પ્રસક્તાઃ ।**
**અજ્ઞાનિનો વિષય-ઘૂર્ણિત-માનસાશ્ચ,**
**સન્માર્ગ-માનયતિ તાન્ભવતઃ પ્રભાવઃ ॥૨૪॥**

**મંત્ર**—ૐ નમો સવ્વોસહિપત્તાણું ૐ નમો સવ્વ વાહિહરાણું જિણવરાણું । ૐ હ્રીં ક્લીં બ્લૂં હ્રાં હ્રીં વજ્રા દેવી । મૂર્છા પ્રમાદં હર હર, ઉન્માર્ગગામિનં સન્માર્ગં પ્રાપય સ્વાહા ॥



આ ૨૪મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી મૂર્છારોગવાળાનો મૂર્છારોગ દૂર થાય છે. ઉન્માર્ગે જનારા સન્માર્ગ પર ચાલવા લાગે છે, અને પ્રમત્ત મનુષ્યોનો પ્રમાદ દૂર થઈ જાય છે.

**કલ્પ-દ્રુમા-નિવ ગુણાંસ્તવ ચન્દ્ર-શુભ્રાન્ ,**
**ચિન્તા-મણી-નિવ સમીહિત-કામ-પૂર્ણાન્ !**
**જ્ઞાનાદિકાન્ જન-મનઃ-પરિતોષ-હેતૂન ,**
**સંસ્મૃત્ય કો ન પરિતોષ-મુપૈતિ ભવ્યઃ ॥૨૫॥**

મંત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં ક્લું ઐં નમઃ । ૐ હ્રીં માનસી દેવી વાંછિતસિદ્ધિ સર્વજનવશં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ ૨૫મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી વાંછિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. તથા વશીકરણ સિદ્ધિ, ચિત્ત સ્થિરતા અને મનની પવિત્રતા મેળવી શકાય છે.

२६

**ચિન્તામણિઃ સુરતરૂ-ર્નિધય-સ્તથૈવ,**
**તેભ્યઃ સુખં ક્ષણિક-નશ્વર-માપ્નુવન્તિ ।**
**ત્વત્સેવિનો ભવિ-જના ધ્રુવ-નિત્ય-સૌખ્યં,**
**તસ્માદ્દિતોઽપ્યચિંતિકતાં સમુપૈષિ નાથ ! ।।૨૬।।**

**મંત્ર**—ઐઁ હ્રીં શ્રીં ક્લીં ક્લીં નમો ભગવંતાણું ણાયપુત્તાણું । ૐ હ્રીં અપરાજિતે દેવી મમ ચિંતાં હર હર સર્વ સૌખ્યં કુરૂ કુરૂ સ્વાહા ।।



આ ૨૬મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી ચિંતાનો નાશ થાય છે. વાંછિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. અને અવિચલ સૌખ્ય મળે છે.

**ધ્વાન્તં ન યાતિ નિકટે રવિ–મંડલસ્ય,**
**ચિન્તામણેશ્ચ સવિધે ખલુ દુઃખલેશઃ।**
**રાગાદિ–દોષ નિચયા ભગવઁ–સ્તથૈવ.**
**નો યાંતિ કિંચિંદપિ દેવ! ભવત્સમીપે ॥૨૭॥**

**મંત્ર—**ૐ હ્રીઁ અર્હંનમો વિપ્પોસહિપત્તાણં । ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ ઐં કાલી દેવી મમ નેત્રાદિ રોગં હર હર સુખ સૌભાગ્યં સાધય સાધય સ્વાહા।



આ ૨૭મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને પાસે રાખવાથી આંખોની જ્યોતિ વધે છે. સન્નિપાત આદિ ઘાતક રોગોનું ઉપશમન થાય છે. દુઃખ દારિદ્રય હંમેશાને માટે અદ્રશ્ય થઈ જાય છે અને સુખ સાંનિધ્ય નિરંતર બની રહે છે.

**શીતાંશુ-મંડલ-જલા-મૃત-ફેન પુંજં,**
**પ્રોત્ફુલ્લિતેપ્સિત-સુપુષ્પ-વિશાલ-કુંજમ્ ।**
**ધર્મં નિરૂપ્ય પરમં ખલુ દુઃખ ભંજં,**
**નિત્યં વિકાસયસિ ભવ્યહૃ! ભવ્ય-કંજમ્ ॥૨૮॥**

મંત્ર—ૐ હ્રીઁ શ્રીઁ અર્હં નમો વિઉવ્વણ ઇડ્ઢિપત્તાણું ।

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ શાસનદેવ ! મમ કાર્યં કમનીયં કુરૂ કુરૂ સુખં સંમાનં વર્ધય વર્ધય સ્વાહા ॥



આ ૨૮મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી શરીરની કાંતિ વધે છે. દુઃખ હંમેશને માટે નષ્ટ થઈ જાય છે. સુખ સંપત્તિનો ઢગલો થાય છે અને દરેક જગ્યાએ સન્માનની પ્રાપ્તિ થાય છે.

**દૂરસ્થિતોપિ શિતરશ્મિ-રલં સ્વકીયૈઃ**
**શુભ્રૈ-ર્વિકાસિ-કિરણૈઃ સુવિકાસભાવમ્ ।**
**અન્તર્ગતં વિતનુતે કિલ કૈરવાણાં,**
**તદ્-વદ્ જિનેન્દ્ર ! ગુણ-રાશિરયં જનાનામ્ ॥**

મંત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં નમો ભગવંતાણ નાણધરાણં । ૐ ઐં હ્રીં શ્રીં ઐં નમઃ સરસ્વતિ પ્રસીદ પ્રસીદ, મયિ સમ્યગ્જ્ઞાન-વિકાસં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૨૯મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી જ્ઞાનાદિ ગુણોનો વિકાસ થાય છે. માનસિક મલિનતા દૂર થાય છે, અને ચિંતા હંમેશને માટે નષ્ટ થઈ જાય છે.

શીતાંશુ-રશ્મિ-નિકર-પ્રસરા-નુષંગાદ્,
યચ્ચન્દ્રકાન્તમણયઃ પરિતો દ્રવન્તિ ।
તદ્-વત્ ત્વદીય-મહિમ-શ્રવણેન ભવ્યાઃ
શાન્તાઃ પ્રવૃદ્ધ-કરૂણા દ્રવિતા ભવન્તિ ।।૩૦।।

મંત્ર—ૐ હ્રીં અર્હં નમો ઉજમઈણું ઓં। ૐ ક્લીં હ્રીં શ્રીં ક્લીં નમો મોહિની દેવી ! સર્વજનં વશ્યં કુરૂ કુરૂ સ્વાહા ।।




આ ૩૦મો શ્લોક વાંચવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી અરસપરસ પ્રેમ વધે છે. સુખનો ઉદય થાય છે. લોકોમાં આદરણીયતા પ્રાપ્ત થાય છે.

## ૩૧

**દુઃખ-પ્રધાન-શિવ-વર્જિત-હીયમાને,**
**કાલે સદા વિષય-જાલ-મહા-કરાલે !**
**ભવ્યા ભવત્પ્રવચનં શિવદં જિનેન્દ્ર ।**
**પીત્વાઽઽત્મશાન્તિમુપયાન્તિ નિતાન્ત-શુદ્ધામ્ ॥**

મંત્ર—ૐ શ્રીં હ્રીં ણમો ખીરાસવીણં । ૐ નમો શ્રાં શ્રીં શ્રૂં શ્રઃ કમલે દેવી સિદ્ધિ દેહિ, મનોવાંછિતં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૩૧મા શ્લોકને વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી દુઃખનો નાશ થાય છે. જીવનભર સુખ મળે છે સર્પાદિ વિષવાળા જન્તુઓના કરડવાથી લાગેલા વિષ શાંત થઈ જાય છે. અમૃતની વર્ષા થાય છે અને ઘરમાં તેમજ બહાર સર્વત્ર શાંતિ થાય છે.

**ષટ્કાયનાથ ! મુનિનાથ ! ગુણાધિનાથ !**
**દેવાધિનાથ ! ભવિનાથ ! શુભૈકનાથ ! ।**
**અસ્માન્ પ્રબોધય જિનાધિપ ! દૂરતોપિ,**
**કિં નો સ્મિતાનિ કુરૂતે કુમુદાનિ ચન્દ્રઃ ? ॥૩૨॥**

મંત્ર—ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ નમો સવ્વસિદ્ધિપત્તસ્સ વદ્ધમાણસ્સ તિત્થયરસ્સ । ૐ હ્રીઁ શ્રીઁ વિજયા દેવી ! મમ હ્રતં નષ્ટધનં સ્વજનં ચ પ્રાપય પ્રાપય સ્વાહા ॥



આ ૩૨મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી ગુમાવેલ ધન-ધાન્ય પ્રાપ્ત થાય છે. રીસાઈને અગર બીજા કોઈ કારણે, કોઇ અજાણ્યા સ્થળે ચાલ્યા ગયેલાં સ્વજનોનું પુનર્મિલન થાય છે. દેશપરદેશમાં દરેક જગાએ વિજય પ્રાપ્ત થાય છે.

## ૩૩

**વૃક્ષોऽપિ શોકરહિતો ભવદાશ્રયેણ,**
**જાતસ્તતઃ સ યદશોક ઇતિ પ્રસિદ્ધઃ ।**
**ભવ્યાઃ પુનર્જિન ! ભવચ્ચરણાશ્રયેણ,**
**કિં નામ કર્મરહિતા ન ભવન્ત્યશોકાઃ ! ॥૩૩॥**

મંત્ર—ૐ હ્રીં નમો સવ્વોસહિપત્તાણં, શ્રી સવ્વસિદ્ધિપત્તાણં । ૐ હ્રીં શ્રીં ક્લીં હ્રૌં હ્રૂં મહાકાલી દેવી । મમ આધિ વ્યાધિ હર હર સ્વાહા ॥




આ ૩૩મો શ્લોક ભણવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી ત્રિવિધ ચિંતાનો નાશ થાય છે. દરેક પ્રકારનું કષ્ટ નષ્ટ થાય છે. જ્વરાદિથી ઉત્પન્ન થયેલ જ્વાળા શાંત થઈ જાય છે, અને નેત્રાદિ ઇંદ્રિઓના રોગ નષ્ટ થાય છે.

૩

ॐ

સિંહાસને મણિમયે પરિભાસમાનં,
નાથં નિરીક્ષ્ય કિલ સંદિહતે વિધિજ્ઞાઃ ।
ઇન્દુઃ કિમેષ ? નહિ યત્ સ કલંકરંકુઃ
કિંવા રવિર્નં સ તુ ચંડતરપ્રકાશઃ ॥ ૩૪ ॥

મંત્ર—ૐ હ્રીં અર્હં નમો સવ્વ ઈઢ્ઢીપત્તાણું । ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં અતુલ પ્રભાશાલિનિ અજિતા દેવી । મમ દિવ્યપ્રભાં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ ૩૪મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી, દિવ્ય તેજ પ્રાપ્ત થાય છે. પ્રખર તેજથી મુખ મંડલ ઉદ્ભાસિત થાય છે. દુષ્ટારોપીત કલંક મટી જાય છે. અંતરમાં જ્યોતિ પ્રકટ થાય છે અને સર્વત્ર સન્માન પ્રાપ્ત થાય છે.

## ૩૫

**પુંજ–સ્ત્વિષા–મિતિ–પુરા નિરણાયિ પશ્ચાદ્**
**વ્યક્તાકૃતિ–સ્તનુધરોડય–મિતિ પ્રબુદ્ધૈઃ ।**
**ભવ્યૈઃ પુમા નિતિ પુનઃ પ્રશમ–સ્વભાવઃ**
**કારૂણ્ય–રાશિ–રિતિ વીર જિનઃ ક્રમેણ ॥૩૫॥**

**મંત્રઃ**–ઓઁ હ્રીઁ ક્લીં બ્લૂઁ નમો અપૂવ્વનાણુદંસણધરસ્સ વદ્ધમાણસ્સ । ઓઁ હ્રીઁ શ્રીઁ અદ્દભુત ચમત્કાર શાલિનિ કીર્તિદેવી સર્વં સિદ્ધિં સમૃદ્ધિં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૩૫મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી અપૂર્વ ચમત્કારની પ્રાપ્તિ થાય છે. સિદ્ધિનો પ્રાદુર્ભાવ થાય છે, ખોવાયેલ ધન પ્રાપ્ત થાય છે. ભૂત પ્રેતાદિથી થએલા ઉપદ્રવોથી શરીરની રક્ષા થાય છે.

36

**દૈવે-રચિત્ત-કુસુમ-પ્રકરસ્ય વૃષ્ટયા,**
**દિઙ્મંડલં સુરભિતં ભવતોતિશેષાત્ ।**
**સ્યાદ્વાદ-ચારૂ-રચના-વચના-વલીનાં,**
**વૃષ્ટ્યા ભવન્તિ ભવિનઃ પ્રશમે નિમગ્નાઃ ॥૩૬॥**

મંત્ર—ૐ હ્રીં નમો સવ્વ સિદ્ધિપયસ્સ વદ્ધમાણુસ્સ । ૐ હ્રીં શ્રીં ક્લીં મંગલાદેવી મમ દેવાસુરમનુજાન્ પ્રસાદય યશો વિસ્તારય શાંતિ કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૩૬મો શ્લોક ભણુવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણુ કરવાથી દેવતા પ્રસન્ન થાય છે, ઇષ્ટલાભ, યશલાભ, શાંતિલાભ થાય છે.

૩૭

**લોકોત્તરા સકલ–જીવ–વચો–વિલાસા,**
**પિયૂષવત્ પરિણુતા ભવદીય–ભાષા ।**
**સર્વર્દ્ધિ-સિદ્ધિ–ગુણવૃદ્ધિ–વિશાલ–દક્ષા ॥**
**સાક્ષાત્તનોતિ કુશલં સકલં સુલક્ષા ॥૩૭॥**

મંત્ર—ૐ હ્રીં અર્હં ણમો વડ્ઢમાણસ્સ સવ્વ સિદ્ધિ-સુહસંપત્તસ્સ । ૐ ઐં નમો ભગવતે વાગ્દેવી ! ઐં ક્લીં બ્લૂં ૐ હ્રીં વાક્સિદ્ધિં સર્વર્દ્ધિસિદ્ધિ કુરૂ કુરૂ સ્વાહા ॥



આ ૩૭મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી શ્રેષ્ઠશ વચનતા પ્રાપ્ત થાય છે. વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે, સર્વ રિદ્ધિ સિદ્ધિ મળે છે. અને ગુણવૃદ્ધિ થાય છે.

**ગોક્ષીર-નીર-શશિ-કુન્દ-તુષાર-હાર-,**
**શુકલૈ-ર્વિયદ્-વિલસિતૈઃ શુભ-ચામરૌઘૈઃ ।**
**ધ્યાનં સિતં તવ વિભો ! વિનિવેદ્યતે યત્,**
**સર્વજ્ઞતા તદનુ કર્મ-સમૂલ-નાશઃ ॥૩૮॥**

મંત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં પ્લું પ્લું અર્હં ઐં ૐ નમો સિદ્ધિપત્તસ્સ વદ્ધમાણુસ્સ । ૐ હ્રીં શ્રીં બ્લીં ક્લીં વિજયયક્ષ ! મમ અતુલ-પ્રભાવં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ અડત્રીસમો શ્લોક ભણવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી અખંડ આશા, અપ્રતિહત તેજ, સર્વ સમ્માન, રાજકાર્યમાં વિજય અને અતુલ પ્રભાવ પ્રાપ્ત થાય છે.

## ૩૯

**આખંડલૈ-રવનિ-મંડલ-માગતૈ-સ્તૈ-,**
**ભાંમંડલં તવ-નુતં-મુનિમંડલૈશ્ચ ।**
**મોહાન્ધકાર-પરિહાર-કરં જિનેન્દ્ર !**
**તુલ્યં કથં ભવતિ તદ્દ રવિમંડલેન ॥૩૯॥**

**મંત્ર**—ૐઁ: હ્રીં અર્હં નમો ઘોર પરક્કમસ્સ વદ્ધમાણસ્સ ૐઁ હ્રીં શ્રીં ક્લીં શાસનદેવ! મમ અપ્રતિહતં તેજઃ કુરૂ કુરૂ સ્વાહા ॥




**આ ૩૯મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી અપ્રતિહત તેજ પ્રાપ્ત થાય છે. સર્વત્ર અખંડ આજ્ઞા ચાલે છે. સર્વત્ર સન્માન પ્રાપ્ત થાય છે. રાજયકાર્યમાં વિજય પ્રાપ્ત થાય છે. અને એવા અતુલ પ્રભાવથી સન્માનની પ્રાપ્તિ થાય છે.**

**યત્કર્મ-વૃન્દ-સુભટં-વિકટં વિજેતા,**
**લોકત્રયં-પ્રભુ-રસા-વતિશેષ-ધારી ।**
**તસ્મા-જ્જિનેન્દ્ર-સરણિં શરણી કુરૂધ્વં,**
**ભવ્યા ! ધાત ધ્વનતિ ખે કિલ દુન્દુભિસ્તે ॥૪૦॥**

મંત્ર—ૐ હ્રીં અર્હં નમો વિજઈ વદ્ધમાણુસ્સ । ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ અજિતયક્ષ! મમ સર્વત્ર વિજયં કુરૂ કુરૂ સ્વાહા ॥



આ ૪૦મો શ્લોક ભણુવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણુ કરવાથી શત્રુઓનો પરાજય થાય છે. અને પોતાનો વિજય થાય છે. પ્રભુત્વ મળે છે, અતિશય દિવ્ય ચમત્કાર પ્રાપ્ત થાય છે. અને ચારે દિશાઓમાં યશ ફેલાય છે.

## ૪૧

**અત્યુજ્જવલં વિજિત-શારદ-ચન્દ્ર-બિમ્બં**
**સંમોદકં સકલ-મંગલ-મંજુ-કન્દમ્ ।**
**છત્રત્રયં તવ નિવેદયતે જિનેન્દ્ર !**
**રત્નત્રયં પ્રભુપદં શિવદં દદાતિ ॥૪૧॥**

**મંત્ર**—ઓઁ શ્રીં હ્રીં શ્રીં નમો તિલોગમહિયસ્સ જિણસ્સ । ઓઁ હ્રીં શ્રીં હ્રાં હ્રીં હ્રૂં બ્લૂં લોકપાલદેવ ! મમ સકલ વાંછિતં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૪૧મો શ્લોક ભણવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી બીજાઓના મનને પ્રસન્ન કરનાર થાય છે. જગત વલ્લભ અને સર્વપ્રિય બની જાય છે. દેવનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. સંતાપનું નિવારણ થાય છે રત્નાદિનો લાભ પ્રાપ્ત થાય છે અને અક્ષય સુખ મળે છે.

**યત્ર ત્વદીય–પદ–પંકજ–સંનિધાનં,**
**સન્ધાન ભૂમિ–રસમાઽપિ સમા સમન્તાત્ ।**
**સર્વર્ત્તવશ્ચ સુખદા વિલસન્તિ લોકા,**
**મન્યે નુ કલ્પતરૂરેવ ભવત્ પદાબ્જમ્ ॥૪૨॥**

**મંત્ર**—ૐ હ્રીં અર્હું સયલ મંગલ કરસ્સ સિરિ વદ્ધમાણુસ્સ હ્રૌં ૐ । ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ કિન્નરયક્ષ ! મમ સર્વં મનોરથં પૂરય પૂરય સ્વાહા ॥




આ ૪૨મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી કુશળતા અને જંગલમાં મંગલ થાય છે. દુઃખ, રોગ, શોક આદિ વિષમ અવસ્થા સમરૂપ બની જાય છે. સર્વ અનુકુળ બની જાય છે. ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે અને સર્વ પ્રકારના સુખ મળે છે.

**દિવ્યો ધ્વનિર્ગુણગણુશ્ચ યશોऽપિ દિવ્યં,**
**દિવ્યાऽપિ ભાવસમતા પ્રભુતાऽપિ દિવ્યા ।**
**તસ્માદ્ વિભો ! ક્વ તુલના ભુવનત્રયેऽપિ,**
**જ્યોતિર્ગણાઃ કિમિહ ભાનુસમા વિભાન્તિ ।।૪૩।।**

**મંત્ર—**ૐ નમો લોગપજ્જોયગરસ્સ વદ્ધમાણુસ્સ । ૐ હ્રીં શ્રીં હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ ગન્ધમાદનદેવ ! મમ દિવ્ય યશો દિવ્ય-પ્રભાવં કુરૂ કુરૂ સ્વાહા ।।



આ ૪૩મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી દિવ્ય યશની પ્રાપ્તિ થાય છે. શત્રુઓ વચ્ચે પણ સન્માન મળે છે, અને દિવ્ય પ્રભુત્વ અને દિવ્યબલ પ્રાપ્ત થાય છે.

**દિવ્યં પ્રભાવ-મવલોક્ય સુરાદ્દયસ્તે**
**પીયૂષ-સાર-વચનાનિ નિશમ્ય સમ્યક્ ।**
**આનન્દ-વારિધિ-તરંગ-નિમગ્ન-ચિત્તા-,**
**સ્ત્વદ્દવર્ણના-ક્ષમતયા પ્રણુમન્તિ ભાવાત્ ॥૪૪॥**

**મંત્ર**—ઑઁ હ્રાઁ હ્રીઁ શ્રાઁ શ્રીઁ નમો અક્ખય સુહદાયગસ્સ વદ્ધમાણુસ્સ । ઑઁ હ્રીઁ શ્રીઁ ક્લીઁ હૈમવત કૂટવાસિનિ મેઘમાલિનિ દેવી મમ પરમાનન્દ અક્ષય તેજો વર્ધય વર્ધય સ્વાહા ॥




આ ૪૪મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણુ કરવાથી આનંદ સમુલ્લાસ થાય છે. દિવ્ય પ્રભાવ, અક્ષય તેજ અને વચન માન્યતા પ્રાપ્ત થાય છે.

**૪૫**

**તુભ્યં નમઃ સકલ-મંગલ-કારકાય,**
**તુભ્યં નમઃ સકલ-નિર્વૃતિ-દાયકાય ।**
**તુભ્યં નમઃ સકલ-કર્મ-વિનાશકાય,**
**તુભ્યં નમઃ સકલ-તત્ત્વ-નિરૂપકાય ॥૪૫॥**

મંત્ર—ૐ હ્રીઁ સવ્વ મંગલ દાયગસ્સ વદ્ધમાણુસ્સ । ૐ હ્રીઁ ક્લીઁ શ્રીં બ્લૂઁ નિષધકૂટવાસિનિ સુમેધાદેવી મમ શાન્તિસુખં કુરૂ કુરૂ સ્વાહા ॥




આ ૪૫મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી મંગલની પ્રાપ્તિ થાય છે. સિદ્ધિ મળે છે. સર્વ પ્રકારના રોગ શોક નષ્ટ થઈ જાય છે, બુદ્ધિ વિશદ થાય છે.

**તુભ્યં નમઃ સકલ-જીવ-દયા-પરાય,**
**તુભ્યં નમઃ શિવદ-શાસન-ભાસ્કરાય,**
**તુભ્યં નમ: સકલ-લોક શુભંકરાય,**
**તુભ્યં નમઃ સતતમસ્તુ જિનેશ્વરાય ।। ૪૬ ।।**

મંત્ર—ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ નમો સવ્વ જીવ રક્ખગસ્સ વદ્ધમાણુસ્સ। ૐ શ્રાઁ શ્રીં શ્રૂઁ શ્રઃ નન્દનકૂટનિવાસિની મેઘંકરા દેવી। મામ્ રક્ષ રક્ષ સ્વાહા ।।



આ ૪૬મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી સર્વ પ્રકારની રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે બધા માણસો અનુકુળ બની જાય છે, સર્વ પ્રકારની અર્થ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

૪૭

**રક્ષઃ-પિશાચ-નિકરૈ-રદયો-પસૃષ્ટં,**
**દુર્વૃત્ત-દુષ્ટ-ખલ-સૃષ્ટ-વિસૃષ્ટ-મુષ્ટમ્ ।**
**દારિદ્રય-દુઃખ-ગ્રહ-જાલ-વિશાલ-કષ્ટં,**
**નષ્ટં ભવ-ત્યખિલ-માશુ ભવત્પ્રભાવાત્ ॥૪૭॥**

મંત્ર—ૐ હ્રીં અર્હં નમો સવ્વોસહિપત્તાણં જિણાણં । ૐ હ્રીં ક્લીં બ્લૂં ખલકૂટવનિવાસિ ખલદેવ મમ સર્વ સંકટં હર હર ૐ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ॥




આ ૪૭મા શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી ભૂત, પ્રેત રાક્ષસ પિશાચ વિગેરેથી કરાયેલ ઉપદ્રવો દૂર થાય છે ખરાબ માણસોથી મારેલી મૂંઠ નષ્ટ થાય છે, દારિદ્રય નષ્ટ થાય છે વિપત્તિ ભાગી જાય છે, રાજયનો ભય દૂર થાય છે.

**ચૌરારિ સિંહ-ગજ-પન્નગ-દુષ્ટ-દાવ-,**
**હિંસ્રપ્રચાર-ખલબન્ધન-દુર્ગ-ભૂમૌ ।**
**સર્વં ભયં ભયકરં પ્રણિહન્તિ નાથ !**
**ત્વદ્ધ્યાનમાત્ર-મખિલં-ભુવનત્રયેઽસ્મિન્ ॥૪૮॥**

મંત્ર—ઓં હ્રીં શ્રીં નમો અરિહંતસ્સ વદ્ધમાણુસ્સ ઓં । ઓં હ્રીં ક્લીં બ્લું સાગર ચિત્રકૂટવાસિનિ વૈરસેના દેવી મમ સર્વ ભય હર હર સ્વાહા ॥




આ ૪૮મો શ્લોક ભણવાથી મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી ચોર, સિંહ, સર્પ, ગજ, અગ્નિ તથા દુષ્ટ હિંસક પ્રાણી વિગેરે દ્વારા થનાર કષ્ટ તથા સ્થાવર જંગમ વિષનો નાશ થાય છે.

૪૯

**સિંહો-રગ-પ્રખર-સૂકર હિંસ્રજાલૈ-,**
**વ્યાપ્તા-ટવી-વિકટ-લુણ્ટક-કંટનાલૈઃ ।**
**સર્વર્તુ-પુષ્પ-ફલ-પલ્લવ-શોભમાના,**
**સા નન્દનં ભવતિ તે સ્મરણાજ્જિનેન્દ્ર ! ॥૪૯॥**

મંત્ર—ૐ હ્રીં શ્રીં અભયસુહદાયગસ્સ જિણવરસ્સ । ૐ હ્રાં હ્રીં હ્રૂં રુચકકૂટવાસિનિ વત્સમિત્રા દેવી મમ અરણ્યમાર્ગે સિંહાદિભયં હર હર સુખં કુરુ કુરુ સ્વાહા ॥




આ ૪૯મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી, યંત્રને ધારણ કરવાથી સિંહ, સર્પ સૂકર વિગેરે ભયંકર હિંસક પ્રાણીઓથી વ્યાપ્ત તથા કંટકોથી ભરપૂર જંગલ પણ નન્દનવન સમાન સુખમય આનંદમય થઈ જાય છે.

૪

૫૦

**ઘોરાતિઘોરવિકટે સુભટેઽતિકષ્ટે,**
**ભ્રષ્ટે બલે વિવિધદુઃખશતૈર્વિશિષ્ટે ।**
**શસ્ત્રાહતિ પ્રવિચલદ્રુધિર-પ્રવૃદ્ધે,**
**યુદ્ધે તનોતિ તવ નામ વિશુદ્ધશાન્તિમ્ ॥૫૦॥**

મંત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં અર્હં નમો ભગવઓ સવ્વ વિગ્ઘ-હરસ્સ જિણુવરસ્સ ૐ હ્રીં શ્રીં વજ્રકૂટવાસિનિ ખલાહકા દેવી મમ શત્રુભયં નિવારય નિવારય ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ।




**આ ૫૦મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી, યંત્રને ધારણ કરવાથી રણમાં વિજય મળે છે. શત્રુએ કરેલ કપટ વિગેરેનીતિમાં શત્રુઓ ઉપર વિજય મળે છે. અને વિશુદ્ધ શાંતિ પ્રાપ્ત થાય છે.**

**સર્વર્દ્ધિ-સિદ્ધિદ-મિદં પરમં પવિત્રં,**
**સ્તોત્રં ચ યઃ પઠતિ વીર-જિનેશ્વરસ્ય ।**
**ચિન્તામણિઃ સુરતરુઃ સકલાર્થ-સિદ્ધિઃ,**
**સંસેવિતું તમનુફલયિતું સમેતિ ॥૫૧॥**

મંત્ર—ઓઁ હ્રીઁ નમો સિવસુહઈઢ્ઢીપત્તસ્સ જિણસ્સ । ઓઁ હ્રઁ શ્રાઁ શ્રી મંદરકૂટવાસિનિ મેઘવતી દેવી મમ સર્વ રિદ્ધિ-સિદ્ધિ કુરુ કુરુ સ્વાહા ॥




આ ૫૧મો શ્લોક ભણવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કરવાથી યંત્રને ધારણ કરવાથી બધા પ્રકારની રિદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થાય છે. સર્વત્ર અનુકૂળતા પ્રાપ્ત થાય છે અને ફળ આપનારી સિદ્ધિ થાય છે.

**શ્રી વર્ધમાન-શુભનામ-ગુણા-નુ બદ્ધાં,**
**શુદ્ધાં વિશુદ્ધ-ગુણ-પુષ્પ સુકીર્તિ-ગન્ધામ્ ।**
**યો ઘાસિલાલ-રચિતાં સ્તુતિ-મંજુ-માલાં,**
**કંઠે બિભર્તિ ખલુ તં સમુપૈતિ લક્ષ્મીઃ ।।૫૨**

મંત્ર—ૐ હ્રીઁ શ્રીઁ કલીં નમઃ સુખકરાય લક્ષ્મીદાયકાય ગુણ દાયકાય વર્ધમાનાય ૐ હ્રીઁ નમઃ । ૐ હ્રીઁ ક્રોઁ શ્રીઁ રજતકૂટવાસિનિ સુવત્સા દેવી મમ હિરણ્ય સુવર્ણ ધનધાન્યવૃદ્ધિ લોકવૃદ્ધિ અધિકારવૃદ્ધિ કુરૂ કુરૂ મનોવાંછિતં પૂરય પૂરય ।।



આ ૫૨ મો શ્લોક વાંચવાથી, મંત્રનો ૧૦૮ વાર જપ કર યંત્રને ધારણ કરવાથી હિરણ્ય સુવર્ણની વૃદ્ધિ થાય છે. ધનધા વૃદ્ધિ થાય છે, સંતાન આદિની વૃદ્ધિ થાય છે. સર્વાધિકારી છે. લક્ષ્મીથી સર્વદા યુક્ત રહે છે.

# અથ નવસ્મરણં પ્રારભ્યતે

## । મઙ્ગલાચરણમ્ ।

વર્ધમાનં જિનં નત્વા, નત્વા ગૌતમનાયકમ્ ।
ઘાસીલાલેન મુનિના, નવસ્મરણમુચ્યતે ॥૧॥

(૧) જૈનશાસનના પ્રણેતા, ચોવિસમા તિર્થંકરશ્રીવર્ધમાન જિનેશ્વરને નમસ્કાર કરી, જિનશાસનનાયક, પ્રભુના પટ્ટશિષ્ય, ગણધર શ્રી ગૌતમ સ્વામીને નમસ્કાર કરીને આચાર્ય શ્રી ઘાસી-લાલજી મહારાજ હવે આપણને નવસ્મરણનું મહાત્મ્ય સમજાવે છે.

## ગીતિવૃત્તમ્ ।

નવ-નવ-મંગલ-જનકં, નવ-નવ-સંમોદ-સન્દોહમ્ ।
નવનિધિ-વિધાન-નિપુણં, ક્રિયતે શુભદં નવસ્મરણમ્ ॥૨॥

(૨) આ નવસ્મરણ સ્તોત્ર અપૂર્વ, અવનવા માંગલિકોનો જન્મદાતા છે. અવનવા આનંદ મંગળનો દાતા છે. નવનિધાનના પ્રાકટયમાં અદ્ભુત શક્તિ ધરાવે છે. એવા શુભફલપ્રદ નવસ્મ-રણની હવે આપણે આરાધના શરૂ કરીએ છીએ.

નમો ભક્ત સુખં સંપદ, ઋદ્ધિઃ સિદ્ધિર્જયસ્તથા ।
વિજયશ્ચાપિ શાન્તિશ્ચ, નવસ્મરણમીરિતમ્ ॥૩॥

(૩) આ નવસ્મરણનું વિવરણ નીચે દર્શાવ્યા મુજબ છેઃ–

(૧) નવકાર (નમસ્કાર) રૂપી મંગળસ્મરણ (૨) ભક્તા-રૂપી આનંદસ્મરણ (૩) સુખસ્મરણ, (૪) સંપત્સ્મરણ, (૫) [illegible] સિદ્ધિસ્મરણ, (૭) જયસ્મરણ, (૮) વિજય [illegible]

[illegible] સ્મરણમાહાત્મ્યમ્ ।

[illegible] સર્વથા શાન્તિકારકમ્ ।
[illegible] સર્વકલ્યાણકારકમ્ ॥૪॥

(૪) નવસ્મરણની, આરાધના સર્વ જીવો સાથે મૈત્રી કરાવનાર છે, સર્વ રીતે શાંતિ ઉપજાવનાર છે. સર્વ પ્રકારનાં દુઃખો હરનાર છે, તેમજ સર્વ પ્રકારે કલ્યાણકારક છે.

કાસઃ શ્વાસો જ્વરો દાહઃ, કુક્ષિશૂલં ભગન્દરમ્ ।
અર્શોઽજીર્ણં દષ્ટિશૂલં, મૂર્ધશૂલમરોચકઃ ॥૫॥

(૫) નવસ્મરણની આરાધનાથી ઉધરસ, દમ સહિત શ્વાસોશ્વાસના સર્વ રોગો, તાવ, શરીરમાં ઉત્પન્ન થતો દાહ, પેટની આંકડી-આંચકી–ચૂંક, ભગંદર, હરસ–મસા, અજીર્ણ દષ્ટિશૂળ, મસ્તકશૂળ, અરૂચિ જેવા રોગો તત્કાળ મટે છે તેમાં લેશમાત્ર સંશયને સ્થાન નથી.

અક્ષિશૂલં, કર્ણશૂલં, કંઠરોગો જલોદરમ્ ।
કુષ્ઠં ચ વ્યાધયઃ સર્વે, વિનશ્યન્તિ ન સંશયઃ ॥૬॥

(૬) નવસ્મરણના પ્રભાવથી આંખની પીડા, કાનની પીડા, કંઠમાળસહિત ગળાના સર્વ રોગો, જળોદર, કોઢ જેવા સર્વ પ્રકારના રોગો નાશ પામે છે તેમાં જરા પણ સંદેહ નથી.

એતત્પ્રભાવાત્ સિંહાદ્યા, દસ્યવો વૈરિણસ્તથા ।
દૂરાદેવ પલાયન્તે, નવસ્મરણધારિણામ્ ॥૭॥

(૭) આ નવસ્મરણ ધારણ કરનારને સિંહ આદિ વિકરાળ પ્રાણીઓ તરફથી, ચોર, લુંટારાઓ તરફથી, તેમજ શત્રુઓ તરફથી આવતા ઉપસર્ગો [ત્રાસ] આ નવસ્મરણના પ્રભાવથી સ્પર્શી શકતા નથી અને દૂરથી જ ભાગી જાય છે.

ઘોરાસુ સર્વબાધાસુ, વેદનાસુ ...
એતસ્ય પઠનાદેવ, સદ્યો મુચ્યેત ...

(૮) ચારે બાજુથી ઘોર આફતો...
અસહ્ય વેદના ઉપડી હોય, તેવે સમ...
કરવાથી એ સર્વ સંકટોમાંથી તુરત જ ...

પિશાચાદ્યુપસર્ગાશ્ચ, ગ્રહપીડાશ્ચ દારુણાઃ ।
પાઠશ્રવણમાત્રેણ, વિનશ્યન્તિ નૃણાં ધ્રુવમ્ ॥૯॥

(૯) જો કોઈને ભૂત, પ્રેત, પિશાચ આદિ તરફથી ઉપસર્ગ [ત્રાસ] થઇ રહ્યો હોય, કોઇને ત્રાસદાયક ગ્રહપીડા નડતી હોય તો આ નવસ્મરણનો પાઠ કરવા માત્રથી અને સાંભળવા માત્રથી તે મનુષ્યોની આવેલી આપત્તિ ઓસરી જશે તેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી.

કાયિકં વાચિકં પાપં, માનસંચાપિ દુષ્કૃતમ્ ।
દુષ્કૃતોત્થા વિપત્તિશ્ચ, ક્ષયં યાન્તિ ન સંશયઃ ॥૧૦॥

(૧૦) તનથી તેમજ વચનથી ઉપાર્જન કરેલાં પાપકર્મો, તેમજ બે-લગામપણે વીહરતા મુકેલા મનના ઘોડાને કારણે મનથી ચિંતવેલ દુષ્કર્મો, તેમજ દુષ્કર્મોથી એકાએક આવી પડેલી આપત્તિ આ નવસ્મરણના પ્રભાવથી નાશ પામે છે તેમાં જરા પણ સંશય રાખવા જેવો નથી.

યુદ્ધેષુ વિજયપ્રાપ્તિઃ, કાનનં નન્દનં વનમ્ ।
દુઃસ્વપ્નશ્ચાપિ સુસ્વપ્નો, ભવત્યસ્ય પ્રભાવતઃ ॥૧૧॥

(૧૧) આ નવસ્મરણના પ્રભાવથી રણભૂમિમાં વિજયની વરમાળા પ્રાપ્ત થાય છે, નિર્જન જંગલ નંદનવન સમાન બને છે અને અશુભ સ્વપ્નાઓ શુકનવંતા શુભ સ્વપ્નાઓમાં પરિણમે છે. આ છે નવ[illegible]ણનો પ્રભાવ.

[illegible] પ્રભાવ[illegible]

રાજદ્વારે [illegible] સભાયાં શત્રુસંકટે ।
[illegible], વિજયં લભતે ધ્રુવમ્ ॥૧૨॥

[illegible]પ રાજદ્વારે હો, યા સમરભૂમિપર હો, [illegible]ની છાવણીમાં હો, ભયંકર ઉત્પાતમાં [illegible] પણ નવસ્મરણના પ્રભાવે કરીને વિજય [illegible]લા [illegible]ં લેશ માત્ર શંકાને સ્થાન નથી.

કાન્તારે ચ મહારણ્યે, પ્રાન્તરે દવસંકુલે ।
સ્થિતશ્ચ શત્રુભિશ્ચૈવ, ગૃહીતસ્તસ્કરૈસ્તથા ॥૧૩॥

(૧૩) ધારો કે કોઈ ઘોર નીર્જન એવા મહા અરણ્ય [વન]માં અટવાઈ ગયા હો, બે દેશોના સિમાડા ઉપર ફસાઈ ગયા હો, ભયંકર દાવાનળમાં સપડાયા હો, ચોર ડાકુથી લુંટાયા હો તેવે સમયે નવસ્મરણના સ્મરણ માત્રથી સર્વ સંકટોમાંથી મુક્ત થવાય છે.

વૃશ્ચિકૈર્ભુજગૈશ્ચૈવ, સૂકરૈઃ ક્રોષ્ટુભિસ્તથા ।
સિંહવ્યાઘ્રૈરનુગતો, વને વાઽરણ્યહસ્તિભિઃ ॥૧૪॥

(૧૪) વીંછી, સાપ, વકરેલો સુવર તથા શિયાળના ઉપસર્ગો આવી પડયા હોય તેવે સમયે, તથા કોઈ અરણ્યમાં સિંહ વાઘ તથા જંગલી હાથી તમારી પાછળ સાક્ષાત્ કાળ [મોત] રૂપે પડયા હોય તેવે સમયે નવસ્મરણનું સ્મરણ માત્ર એ સર્વ સંકટોમાંથી છૂટવાનું સાધન છે.

આઘૂર્ણિતો મહાવાતૈઃ, સ્થિતઃ પોતે મહાર્ણવે ।
રાજ્ઞાજ્ઞપ્તો વધસ્થાનં, નીતઃ કારાગૃહેઽપિ વા ॥૧૫॥

(૧૫) ધારો કે કોઈ માનવી ભયાનક વાવાઝોડાની આંધીના ચક્કરમાં ફસાયો હોય તેવ સમય, તથા સમુદ્ર પર્યટન દરમ્યાન મહાસાગરમાં ઘુઘવતાં અને તાંડવના હીલોળે [illegible]વથી સ્પ[illegible] કાળદેવ [યમરાજ]નાં દર્શન કરાવતાં [illegible] રાજાની આજ્ઞાથી કોઈને વધસ્થાને–ફાંસ[illegible] હોય તેવે સમયે આ નવસ્મરણનું સ્મ[illegible] સંકટોમાંથી છૂટવાનું એક માત્ર સાધન[illegible]

પતત્સુ ચાપિ શસ્ત્રેષુ, સંગ્રામે દા[illegible]
અસ્ય સ્મરણમાત્રેણ, સંકટાન્મુચ્ય[illegible]

(૧૬) ભયંકર યુદ્ધ ખેલાઈ રહ્યું હોય અને શત્રુઓની છાવણીઓમાંથી જીવલેણ શસ્ત્રોનો વરસાદ વરસતો હોય તેવે સમયે સર્વ સંકટોમાં નવસ્મરણનું સ્મરણ માત્ર જ અભયનું દાતાર છે.

અશેષાનુપસર્ગાંશ્ચ, મહામારીકૃતાનપિ ।
રોગાતંકભયં ચૈવ, સમસ્તં શમયેદ્ દ્રુતમ્ ।।૧૭।।

(૧૭) આવી પડેલા કે ઉપજાવેલા બધા જ ઉપસર્ગો–ત્રાસ, મહામરકીનો ભયંકર રોગ, ઉપરાંત અન્ય જીવલેણ રોગો આ નવસ્મરણના સ્મરણ માત્રથી જલ્દી શમી જાય છે.

ઉન્માદશ્ચિત્તવિક્ષેપો, મૂર્ચ્છાપસ્માર એવ ચ ।
સદ્યશ્ચૈતે નિવર્તન્તે, સર્વે સ્મરણમાત્રતઃ ।।૧૮।।

(૧૮) મનની ઉન્માદ અવસ્થા, ગાંડપણ, ચિત્તભ્રમદશા, વાઈ-હીસ્ટીરીઆ, અને મૂર્ચ્છાના રોગો, એ સર્વ નવસ્મરણના સ્મરણ માત્રથી નિવારી શકાય છે.

સર્વપાપપ્રશમનં, સર્વસિદ્ધિવિધાયકમ્ ।
ય ઈદં કીર્તયેત્ સ્તોત્રં, સ સુખી સર્વદા ભવેત્ ।।૧૯।।

(૧૯) આ નવસ્મરની આરાધના કરવાથી સઘળાં પાપો શમી જાય છે. નવસ્મરણ સર્વ પ્રકારની સિદ્ધિદાયક છે. જે કોઈ ભવિજીવ આ સ્તોત્રનું કીર્તન કરશે તે સદૈવ સુખી રહેશે.

આ છે નવેજં પ્રાપ્નુયાત્ સર્વં, ધનાર્થી ધનસંપદમ્ ।
રાજદ્વારે ... પ્રભાવાત્ પ્રાપ્નોતિ, સુખં ચાત્ર પરત્ર ચ ।।૨૦

... સ્તોત્રની આરાધનાથી મનવાંચ્છિત ફળ
... અભિલાષા હશે તેને ધનસંપત્તિ મળશે, આ
...લોકમાં પણ સુખની પ્રાપ્તિ થશે.

...લિખિતં સ્તોત્રં ભયં તસ્ય ન જાયતે ।
...ા સંપત્, સ્થિરા ભવતિ સર્વદા ।।૨૧।।

(૨૧) જેના ઘરમાં આ નવસ્મરણુ સ્તોત્રની આરાધના થતી હશે ત્યાં બીક કે ભય ડોકીયું પણુ કરી શકતો નથી. લક્ષ્મી ભલે ચંચલ કહેવાતી હોય છતાં આ સ્તોત્રના પ્રભાવથી આરાધકના ઘરમાં સઘળી સંપત્તિ સદૈવ અક્ષય અને અચલિત થઇને રહે છે.

મોક્ષપ્રદં મુમુક્ષૂણાં, દરિદ્રાણાં નિધિપ્રદમ્ ।
સ્તોત્રમેતદ્ વ્યાધિહરં, ગ્રહાણાં શાન્તિકારકમ્ ॥૨૨॥

(૨૨) આ સ્તોત્ર જેને મોક્ષની ઈચ્છા હોય તેને મોક્ષપ્રદ એટલે કે મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે. જે ધનરહિત હોય તેને ધનની પ્રાપ્તિ કરાવનાર છે જેને કોઈ ખરાબ ગ્રહદશા નડતી હોય તેમજ આધિ, વ્યાધિ અને ઉપાધિમાથી પસાર થતો હોય તેને માટે શાંતિનું ધામ છે.

ભેદે રાજ્ઞઃ પ્રજાનાં ચ, દમ્પત્યોઃ પ્રીતિભેદને ।
ગુરૌ શિષ્યે ચ સંઘેષુ, મૈત્રીકરણમુત્તમમ્ ॥૨૩॥

(૨૩) રાજા અને પ્રજા વચ્ચે કોઈ મોટો મતભેદ ઉભો થયો હોય તેવે વખતે, પતિ અને પત્ની વચ્ચે હોવી જોઈતી પ્રેમાળતા ને બદલે કટુતા વ્યાપી હોય તેવે સમયે, તથા ગુરૂ, શિષ્ય અથવા શ્રીસંઘ વચ્ચે ઉંચા મન થયાં હોય તેવે વખતે આ નવસ્મરણ સ્તોત્ર, એ સઘળી કટુતા તોડીને અતુટ મૈત્રી ઉપજાવનાર ઉત્તમ ત્રની ગરજ સારે છે.

માનોન્નતિર્ભવેલ્લોકે, યશસા પરિવર્ધતે ।
ાધિપત્યં ચ લભતે, સર્વદા સ્તોત્રપાઠકઃ ॥૨૪॥

(૨૪) આ સ્તોત્રનું પઠન કરનારનો આ લોકમાં માન મરતબો વધે છે, યશ કીર્તિ ખુબ વૃદ્ધિ પામે છે. અને હોદ્દા ઉપર ઉપરીપણુ (-ગ્રેડ-અધિપતિપણું) વધે છે.

એતત્પ્રભાવાદ્ ભવ્યાનાં, સર્વસૌખ્યપરમ્પરા ।
તથા તિષ્ઠતિ મેદિન્યાં, પુત્રપૌત્રાદિસંતતિઃ ॥૨

(૨૫) આ સ્તોત્રના પ્રભાવથી ભવિજનો સર્વ રીતે સુખોની પરંપરા ભોગવે છે. અને આ લોકને વિષે પુત્ર, પૌત્રાદિક ઐહિક સુખ પ્રાપ્ત કરે છે.

ઈહલોકે સુખં સિદ્ધિં, મંગલં સર્વસંપદઃ ।
પ્રાપ્ય જીવઃ પરભવે, મોક્ષં વા સ્વર્ગમાપ્નુયાત્ ॥૨૬॥

(૨૬) આ સ્તોત્રની આરાધનાથી માનવી આ લોકમાં સુખ સમૃદ્ધિ, સિદ્ધિ, માંગલિક પ્રસંગો, તથા સર્વ પ્રકારની શુભ સંપત્તિ મેળવે છે. સાથે સાથે પરભવને વિષે મોક્ષપદ અગર છેવટે સ્વર્ગ લોક તો પામે છે જ.

ઈતિ નવસ્મરણ મહાત્મ્ય સંપૂર્ણ

# અથ નમસ્કારરૂપં મંગલસ્મરણમ્

॥ ૧ ॥

નમો અરિહંતાણં (૧)
નમો સિદ્ધાણં (૨)
નમો આયરિયાણં (૩)
નમો ઉવજ્ઝાયાણં (૪)
નમો લોએ સવ્વસાહૂણં (૫)

એસો પંચનમુક્કારો,
સવ્વપાવપ્પણાસણો ।
મંગલાણં ચ સવ્વેસિં,
પઢમં હવઈ મંગલં ॥૧॥

જેણે રાગ દ્વેષ આદિ, આત્માના અઢારે શત્રુઓને હણ્યા છે, એવા અરિહંત પ્રભુને નમસ્કાર હજો. (૨) જેઓ આત્માના સર્વ કર્મ ખપાવી, સકળ કાર્ય સિદ્ધિ કરી, અચળ સિદ્ધપદને પામ્યા છે તેવા સિદ્ધ પરમાત્માને નમસ્કાર હજો. (૩) શ્રીઆચા-

યજીને નમસ્કાર હજો. (૪) અરિહંતજીને નમસ્કાર હજો. (૫) લોકને વિષે વિચરતા સર્વ સાધુ, સાધ્વિજીઓને નમસ્કાર હજો.

આ પાંચ નવકાર (નમસ્કાર) સર્વ પાપોને નાશ કરનાર છે. અને સર્વ માંગલીકોમાં સર્વ પ્રથમ કક્ષાનું મંગળ છે.

ચારિત્રેષુ યથાખ્યાતં, જયેષુ કર્મણાં જયઃ ।
પરમેષ્ઠિનમસ્કારસ્તથા મંત્રેષુ વિદ્યતે ॥૧॥

(૧) જેમ ચારિત્રની બાબતમાં યથાખ્યાત નામનું ચારિત્ર પ્રથમ કક્ષાનું છે, સર્વ વિજયોમાં, કર્મરૂપી શત્રુઓ ઉપર મેળવેલો વિજય શ્રેષ્ઠ છે, તેમ સર્વ મંત્રોમાં પંચપરમેષ્ઠિનો નવકાર મંત્ર શ્રેષ્ઠ છે.

ગોત્રેષુ તીર્થંકૃદ્ગોત્રં, યથા ગન્ધેષુ ચન્દનમ્ ।
પરમેષ્ઠિનમસ્કારસ્તથા મંત્રેષુ વિદ્યતે ॥૨॥

(૨) ગોત્રની બાબતમાં જેમ તિર્થંકર ગોત્ર શ્રેષ્ઠ ગણાય છે, સુવાસમાં જેમ ચંદનની સુગંધિ ઉત્તમ ગણાય છે તેવી રીતે સર્વ પ્રકારના મંત્રોમાં નવકારમંત્ર પ્રથમ કક્ષાનો મંત્ર છે.

એષ પંચનમસ્કારઃ સર્વપાપપ્રણાશનઃ ।
મંગલાનાં ચ સર્વેષાં, પ્રથમં ભવતિ મંગલમ્ ॥૩॥

(૩) આ પાંચ નવકાર (નમસ્કાર) સર્વ પાપપુંજનો નાશ કરનાર છે અને સર્વ માંગલીકોમાં પ્રથમ કક્ષાનું મંગળ છે.

યશઃ કીર્તિ બલં લક્ષ્મીં, વિવિધં ચ મહોત્સવમ્ ।
નવં નવં પ્રમોદં ચ, લભતે નાત્ર સંશયઃ ॥૪॥

(૪) નવકાર મંત્રના પ્રભાવે કરીને આરાધક યશ, કીર્તિ, સશક્તતા, લક્ષ્મી તથા આનંદ મંગળ વરતાય તેવા વિવિધ પ્રકારના શુભ અવસરના મહોત્સવો, અવનવા આનંદ પ્રમોદ મેળવે છે તેમાં કોઈ સંદેહ નથી.

નવલક્ષજપાદસ્ય, ષટ્ષષ્ટિલક્ષયોનિકાઃ ।
ક્ષપયેન્માનવઃ શુદ્ધ,-સ્તતો યાતિ પરાં ગતિમ્ ॥૫॥

(૫) નવકાર મંત્રના નવ લાખ જપ શુદ્ધ ભાવે રટણ કરનાર આરાધકને છાસઠ (૬૬) લાખ, ઉતરતી કક્ષાની યોનીમાં જન્મ મરણના ફેરા કરવા પડના નથી પણ પરમ ઉચ્ચ ગતિને પામે છે.

અષ્ટકોટયષ્ટલક્ષાણિ, સહસ્રાષ્ટકમેવ ચ ।
અષ્ટોત્તરં ચાષ્ટશતં, જપિત્વા તીર્થકૃદ્દ ભવેત્ ॥૬॥

(૬) જે આરાધક નવકાર મંત્રના આઠ કરોડ. આઠ લાખ, આઠ હજાર, આઠસો આઠ વખત જપ કરે છે તે શ્રેષ્ઠ એવું તિર્થંકર ગોત્ર ઉપાર્જન કરે છે.

એતત્ સંસ્મૃત્ય ભાવેન, યત્ર યત્રૈવ ગચ્છતિ ।
તત્ર તત્ર ભવેત્ સિદ્ધિઃ, સર્વાભીષ્ટપ્રદાયિની ॥૭॥

(૭) જે આરાધક આવી રીતે શુદ્ધ ભાવથી નવકાર મંત્રનું સંસ્મરણ કરે છે, તે જયાં જયાં જાય છે ત્યાં ત્યાં મનવાંચ્છિત ફળ દેનારી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**ઇતિ પ્રથમં પરમેષ્ઠિનમસ્કારરૂપં મંગલસ્મરણં સંપૂર્ણમ્ ॥**

**પ્રથમ મંગલસ્મરણ સમાપ્ત**

# અથ સુખસ્મરણમ્ ॥૩॥

સુખમૂલં ગણધરં, વર્ધમાનાનુયાયિનમ્ ।
દ્વાદશાંગધરં નિત્યં, વન્દે તં ગૌતમં પ્રભુમ્ ॥૧॥

(૧) સુખના મૂળકારણરૂપ એવા શ્રી વદ્ધમાન મહાવીર જીનેશ્વરના પટ્ટ શિષ્ય તથા બાર અંગધારી એવા ગણધર શ્રી ગૌતમ પ્રભુને મારાં સદૈવ નમસ્કાર હોજો.

યસ્ય સ્મરણમાત્રેણ, સર્વલબ્ધિઃ પ્રજાયતે ।
ઋદ્ધિઃ સિદ્ધિઃ સમૃદ્ધિશ્ચ, વન્દે તં ગૌતમં પ્રભુમ્ ॥૨॥

(૨) જેનું સ્મરણ માત્ર કરવાથી સર્વ પ્રકારની લબ્ધિ, રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ મળે છે તેવા લબ્ધિ તણા ભંડાર ગૌતમપ્રભુને મારા નમસ્કાર હજો.

નેતારં સર્વસંઘસ્ય, જેતારં કર્મવૈરિણામ્ ।
ત્રાતારં સર્વજીવાનાં, વન્દે તં ગૌતમં પ્રભુમ્ ॥૩॥

(૩) આ ગૌતમ પ્રભુ કેવા છે? સકળ સંઘના નાયક છે, કર્મરૂપી શત્રુઓના વિજેતા છે. સર્વજીવોના રક્ષક એવા ગૌતમ પ્રભુને મારા નમસ્કાર હજો.

તનયં વસુભૂતેશ્ચ, પૃથિવ્યા અંગજાતકમ ।
દિવ્યજયોતિર્ધરં દિવ્યં, રૂપલાવણ્યસંયુતમ્ ॥૪॥

(૪) વિદ્વાન વસુભૂતિ પંડિતના સુપુત્ર અને પૃથિવી નામે માતાની કુખે જન્મેલા, દિવ્યરૂપ, દિવ્ય લાવણ્યથી યુક્ત સુશોભિત તથા દિવ્ય જ્ઞાનની અણબુઝ જયોતિ પેટાવીને સારાએ આર્યાવર્તને જ્ઞાનનો પ્રકાશ આપનાર જયોતિર્ધર ગૌતમ પ્રભુને મારા નમસ્કાર હજો.

દિવ્યસંહનનં ચૈવ દિવ્યસંસ્થાનશોભિતમ્ ।
દિવ્યર્દ્ધિં દિવ્યલેશ્યં ચ, વન્દે તં ગૌતમં પ્રભુમ્ ॥૫॥

(૫) જેનાં શરીરનું સંહનન–બંધારણ દિવ્ય છે, જેનું સંસ્થાન આકાર–દિવ્ય રીતે સુશોભિત છે, જેની રિદ્ધિ દિવ્ય અને જેની લેશ્યા–મનનાભાવ પણ દિવ્ય છે એવા ગૌતમ પ્રભુને મારા નમસ્કાર હજો.

દિવ્યપ્રભાવસંપન્નં, દિવ્યતેજઃસમર્ચિતમ્ ।
દિવ્યલબ્ધિધરં દિવ્યં, વન્દે તં ગૌતમં પ્રભુમ્ ॥૬॥

(૬) દિવ્ય પ્રભાવથી જે યુક્ત છે, અલૌકિક તેજના પુંજ સમાન, તથા અલૌકિક લબ્ધિઓના સ્વામી એવા ગૌતમ પ્રભુને મારા નમસ્કાર હજો.

ચતુર્જ્ઞાનધરં શુદ્ધં, વિદ્યાચરણપારગમ્ ।
ધારકં સર્વપૂર્વસ્ય, વન્દે તં ગૌતમં પ્રભુમ્ ॥૭॥

(૭) ચાર પ્રકારના શુદ્ધ જ્ઞાનના ધરણહાર, વિદ્યા અને ચારિત્રમાં પારંગત તથા ચૌદ પૂર્વના ધારી એવા ગૌતમ પ્રભુને મારા વંદન હજો.

ગોશબ્દાત્ કામધેનુત્વં, તકારાત્ તરુતુલ્યતા ।
મકારાન્મણિસામ્યં ચ, જ્ઞાયતે ગૌતમપ્રભોઃ ॥૮॥

(૮) "ગૌ-ત-મ" શબ્દ ત્રણ અક્ષરનો બનેલો છે તેમાં પ્રથમ 'ગ' 'ગો' અક્ષર આપ કામધેનુ સમાન છો, તેમ સૂચવે છે. 'ત' અક્ષર મનવાંચ્છિત ફળ આપનાર તરૂ (કલ્પતરૂ) સમાન છો, તેમ સૂચવે છે. ત્રીજો 'મ' અક્ષર આપ ચિંતવેલુ આપે તે મણી (ચિંતામણી) સમાન છો તેમ સૂચવે છે હે ગૌતમ પ્રભુ! આપના ત્રણ અક્ષરના (ગૌ-ત મ) આ નાનકડા નામમાં કેટલું સામર્થ્ય સમાએલું છે!

કામધેનુસમો લોકે, સર્વસિદ્ધિપ્રદસ્તથા ।
કલ્પવૃક્ષસમો વાઞ્છા, પૂરણે ચિન્તિતે મણિઃ ॥૯॥

(૯) લોકને વિષે આપ કામધેનુ સમાન છો, વથા સર્વ પ્રકારની રિદ્ધિના દાતાર છો, આપ મનવાંચ્છિત ઈચ્છાઓ પરિપૂર્ણ કરનાર કલ્પવૃક્ષ સમાન છો, તથા આપ ચિંતવેલું આપનાર ચિંતામણીરત્ન સમાન છો, એવા હે ગૌતમ પ્રભુ! આપને મારા નમસ્કાર હજો.

અંગુષ્ઠે ચામૃતં યસ્ય, યશ્ચ સર્વગુણોદધિઃ ।
ભંડારઃ સર્વલબ્ધીનાં, વન્દે તં ગૌતમં પ્રભુમ્ ॥૧૦॥

(૧૦) જેને અંગુઠે સાક્ષાત્ અમૃત વસે છે જે સર્વ સદ્‌ગુણોના મહાસાગર જેવા છે અને જે સર્વ પ્રકારની લબ્ધિઓના ભંડાર છે, તેવા ગૌતમ પ્રભુ! આપને મારા નમસ્કાર હજો.

(ગૌતમ પ્રભુને આપણે લબ્ધિતણા ભંડાર કહીને નવાજીએ છીએ તો હવે તેમની લબ્ધીઓનાં ગુણગાન કરીએ–)

આમર્ષૌષધિલબ્ધિશ્ચ, વિપ્રુડૌષધિરેવ ચ ।
શ્લેષ્મ–જલ્લૌષધી ચૈવ, વિપુલર્જુમતી તથા ॥૧૧॥

(૧૧) આપ આમર્ષૌષધિ નામની લબ્ધિના ધારણહાર છો (જેના પ્રભાવે કરીને આપના સ્પર્શ માત્રથી રોગોનો નાશ થાય.) આપ વિપ્રુડૌષધિ નામની લબ્ધિના ધારણહાર છો. (આ લબ્ધિ જેને હોય તેનાં મળમૂત્રમાં સર્વ રોગનાશકશક્તિ હોય છે) આપ શ્લેષ્મ ઔષધિના ધારણહાર છો (આ લબ્ધિ જેને હોય તેનું શ્લેષ્મ સર્વ રોગો ઉપર ઔષધિ તરીકે કામ આવે છે) તથા આપ વિપુલ અને રૂજુમતી નામની લબ્ધિના ધારક છો.

સંભિન્નશ્રોત્રલબ્ધિશ્ચા, વધિલબ્ધિસ્તથૈવ ચ ।
મનઃપર્યયલબ્ધિશ્ચ, લબ્ધિઃ કેવલિનસ્તથા ॥૧૨॥

(૧૨) આપ સંભિન્નસ્રોત લબ્ધિના ધારણહાર છો (આ લબ્ધિ જેને હોય તેની બધી ઈન્દ્રિયો એક બીજી ઈન્દ્રિયનું કામ કરી શકે) આપ અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, અને કેવલજ્ઞાનની લબ્ધિઓના ધારણહાર છો.

લબ્ધિર્ગણધરસ્યાપિ, લબ્ધિઃ પૂર્વધરસ્ય ચ ।
પદાનુસારિલબ્ધિશ્ચ, લબ્ધિઃ ક્ષીરાસ્રવસ્ય ચ ॥૧૩॥

(૧૩) હે ગૌતમ પ્રભુ! આપે ગણધરની લબ્ધિ મેળવેલી છે. ચૌદ પૂર્વની લબ્ધિ પણ આપની પાસે છે. પદાનુસારિ લબ્ધિના આપ ધારક છો. (જે લબ્ધિમાં એક પદ ઉપરથી અનેક પદ ઉત્પન્ન કરવાની શક્તિ સમાએલી છે) તેમજ આપ ક્ષીરાસ્રવ લબ્ધિ (જેનાં દૂધ જેવાં મીઠાં વચન હોય તેવી)ના ધારક છો.

ઘૃતાસ્રવસ્ય લબ્ધિશ્ચ, લબ્ધિર્મધ્વાસ્રવસ્ય ચ ।
વૈક્રિયાહારલબ્ધિ શ્ચ, લેશ્યાલબ્ધિસ્તથૈવ ચ ॥૧૪॥

(૧૪) આપ ઘૃતાસ્રવ (જેનાં વચનો ઘી જેવાં હોય) લબ્ધિના ધારણહાર છો. આપ મધ્વાસ્રવ (મધ જેવા મીઠાં જેનાં વચનો હોય તેવી) લબ્ધિના ધારણહાર છો. આપ વૈક્રિયઆહારક (જેનામાં એકનાં અનેક સ્વરૂપો બનાવવાની શક્તિ રહેલી છે તેવી) લબ્ધિના ધારણહાર છો. આપ તેજોલેશ્યા અને શીત લેશ્યા લબ્ધિઓના આપ ધારક છો.

અક્ષીણમહાનસસ્ય, લબ્ધિર્જંઘાચરાદિકા ।
લબ્ધયઃ સકલાસ્તસ્ય, વશે તિષ્ઠન્તિ સર્વદા ॥૧૫॥

(૧૫) આપ અક્ષીણ મહાનસ (અક્ષય પાત્ર સમાન રસોડાની) લબ્ધિ, જંઘાચરાદિક (જાંઘ ઉપર હાથ મુકવાથી ગગનમાં વિહાર કરી શકાય તેવી) લબ્ધિના ધારણહાર છો. આ સર્વ લબ્ધિઓ સર્વદા આપને આધીન રહે છે.

ઋદ્ધિઃ સિદ્ધિઃ સુખં સંપદ યશઃ કીર્તિર્જયસ્તથા ।
વિજયશ્ચાસ્ય પાઠેન, લભ્યતે નાત્ર સંશયઃ ॥૧૬॥

(૧૬) આગળ કહી ગયા પ્રમાણે સર્વ પ્રકારની લબ્ધિઓના ધારક ગૌતમસ્વામિના ગુણગાન રૂપ, આ સુખસ્મરણની આરાધના કરનારને રિદ્ધિ, સિદ્ધિ, સુખ, સંપત્તિ, યશ, કીર્તિ અને વિજય આવી મળે છે, તેમાં સંશયને સ્થાન નથી.

૫

દિવ્યં સુખં પરભવે, તથાનન્તંચ શાશ્વતમ્ ।
અવ્યાબાધં ધ્રુવં સૌખ્યં, લભ્યતે પરમં પદમ્ ॥૧૭॥

(૧૭) તે ઉપરાંત આરાધક પરભવને વીશે દિવ્ય, અનંત અને શાશ્વત સુખ સંપત્તિનો સ્વામિ બને છે. અને છેલ્લે અચળ પરમદ મોક્ષની પણ પ્રાપ્તી કરે છે.

ઇતિ સુખસ્મરણં સંપૂર્ણમ્ ॥૩॥

# અથ સંપત્સ્મરણમ્ ॥૪॥

ૐ હ્રીઁ શ્રીઁ ઋષભાદિ ચતુર્વિંશતિ જિનેન્દ્રેભ્યો નમઃ

॥ શ્રી ગૌતમસ્વામિલબ્ધિર્ભવતુ ॥

ૐ હ્રીઁ શ્રીઁ ઋષભદેવથી માંડીને તે મહાવીર સ્વામી સુધીના ચોવીસે તીર્થંકર દેવોને મારા નમસ્કાર હજો. શ્રી ગૌતમ સ્વામીના જેવી લબ્ધિ હજો.

। મંગલાચરણમ્ ।

ચિન્તામણિમહાવિદ્યે, શ્રીધારે સર્વસૌખ્યદે ।
અચિન્ત્યશુભદે શુદ્ધે, સંપત્સિદ્ધિપ્રદે નમઃ ॥૧॥

(૧) લક્ષ્મીની ધારાસમાન સર્વ પ્રકારનાં સુખ દેનારી, જેની ચિંત્વના પણ ન કરી હોય છતાં શુભ મનોકામના પૂર્ણ કરનાર, શુદ્ધ સ્વરૂપવાળી, સંપત્ સિદ્ધિ દેનારી હે ચિંતામણી મહાવિદ્યા! તને નમસ્કાર હજો.

આનન્દકન્દસંભૂતે, મહાલક્ષ્મિ મહોત્સવે ।
સદા જિનેન્દ્રભક્તાનાં સંપત્સિદ્ધિપ્રદે નમઃ ॥૨॥

(૨) હે આનંદકન્દસ્વરૂપ! હે મહાલક્ષ્મી! હે મહાઉત્સવવાળી તથા જીનેન્દ્ર ભગવાનના ભક્તોને સદા સુખ સંપત્તિ અને સિદ્ધિ આપનારી એવી હે મહાવિદ્યા તને નમસ્કાર હજો.

નાનાશાસ્ત્રં સમાદાય શ્રીધારા સુખદા સદા ।
લોકોત્તરા લૌકિકી ચ ઘાસીલાલેન તન્યતે ॥૩॥

(૩) વિવિધ પ્રકારના શાસ્ત્રોમાં બતાવાયેલી સદા સુખ અને લક્ષ્મીની ધારા વહાવનાર, લૌકિક તથા લોકોત્તર એ બે વિદ્યા વિશે હવે શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબ આપણને કહે છે.

આ રહી એ મહાવિદ્યા—

સા મહાવિદ્યા ચેયમ્—

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ સંપત્પ્રદે શ્રીધારે સુધારે સુધાધારે સુખે સુખરૂપે સુખદે રુચિરે રુચિરપ્રભે રુચિરકાન્તે રુચિરવર્ણે રુચિરલેશ્યે રુચિરધ્વજે સિદ્ધે સિદ્ધિરૂપે; સિદ્ધિધરે સિદ્ધિદે; પૂર્ણે પૂર્ણરૂપે પૂર્ણપ્રભે, સૂર્યે સૂર્યપ્રભે, સૂર્યકાન્તે સૂર્યવર્ણે સૂર્યલેશ્યે, પદ્મ પદ્મરૂપે પદ્મવર્ણે પદ્મલેશ્યે; શુકલે શુકલરૂપે શુકલવર્ણે શુકલલેશ્યે, ઈષ્ટે, ઈષ્ટરૂપે ઈષ્ટદે, કાન્તે કાન્તરૂપે કાન્તદે, પ્રિયે પ્રિયરૂપે પ્રિયદે, મનોજ્ઞે મનોજ્ઞરૂપે મનોજ્ઞદે, સૌમ્યે, સૌમ્યરૂપે સૌમ્યદે, શુભે શુભરૂપે શુભદે, સુભગે, સુભગરૂપે સુભગદે, તતમે તિતિમે થથમે થિથિમે, દદમે દિદિમે દુદુમે, ધધમે ધિધિમે ધુધુમે, કકમે કિકિમે કુકુમે, ખખમે ખિખિમે ખુખુમે । ઈઁ ઐઁ ઐઁ ઐઁ રક્ષ રક્ષ માં સર્વં મમાધીનં ચ સર્વવિઘ્નતઃ ।

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ હે સંપત્પ્રદે, શ્રીધારે, સુધારે, સુધાધારે, સુખે, સુખરૂપે, સુખદે, રૂચિરે, રૂચિરપ્રભે, રૂચિરકાન્તે, રૂચિરવર્ણે, રૂચિરલેશ્યે, રૂચિરધ્વજે, સિધ્ધે, સિદ્ધિરૂપે, સિદ્ધિધરે, સિદ્ધિદે, પૂર્ણે પૂર્ણરૂપે, પૂર્ણપ્રભે, સૂર્યે સૂર્યપ્રભે, સૂર્યકાન્તે, સૂર્યવર્ણે, સૂર્યલેશ્યે, પદ્મે પદ્મરૂપે, પદ્મવર્ણે, પદ્મલેશ્યે, શુક્લે, શુક્લરૂપે, શુક્લવર્ણે,

શુક્લલેશ્યે, ઇષ્ટે ઈષ્ટરૂપે; ઈષ્ટદે, કાન્તે, કાન્તરૂપે, કાન્તદે, પ્રિયે, પ્રિયરૂપે, પ્રિયદે, મનોજ્ઞે, મનોજ્ઞરૂપે, મનોજ્ઞદે, સૌમ્યે, સૌમ્યરૂપે, સૌમ્યદે, શુભે, શુભરૂપે, શુભદે, સુભગે. સુભગરૂપે, સુભગદે, તતમે, તિતિમે, થથમે, થિથિમે, દદમે, દિદિમે, દુદુમે, ધધમે, ધિધિમે, ધુધુમે, કકમે, કિકિમે, કુકુમે, ખખમે, ખિખિમે, ખુખુમે, ઇઁ, એં, એં, એં મારી રક્ષા કરો, રક્ષા કરો, તેમજ સર્વ વિઘ્નોથી મારા આશ્રિતોનું રક્ષણ કરો.

ચંદ્રે ચંદ્રરૂપે ચંદ્રવર્ણે ચંદ્રલેશ્યે ચંદ્રોત્તમે ચંદ્રશેખરે, યથા શશિ શિશિરકિરણૈઃ સંતાપં હરતિ, તથૈવ મમ મત્પરિવારસ્ય ચ દુઃખદારિદ્રયસંતાપં હર હર સ્વાહા । યંત્રે યંત્રરૂપે મંત્રે મંત્રરૂપે તંત્રે તંત્રરૂપે સર્વં મમ વશ્યં કુરૂ કુરૂ । કર્ષે કર્ષવતિ હર્ષે હર્ષવતિ મમ શરીરે મમ ગૃહે મમ કુટુમ્બે અચિન્ત્યહર્ષં કુરૂ કુરૂ । ચિન્તિતં સર્વં સુખં શીઘ્રં મહ્યં દેહિ દેહિ ।

હે ચંદ્રે, ચંદ્રનાં રૂપ, વર્ણ લેશ્યાવાળી, ચંદ્રથી પણ ઉત્તમ, ચંદ્રના કિરણો સમાન દેવી! જેવી રીતે ચંદ્રમા તેના શિતળ કિરણો વડે સંતાપ નીવારે છે તેમ હે ચંદ્રે! મારાં તથા મારા કુટુંબ પરિવારનાં દુઃખ દારિદ્ર તથા સંતાપ હરો, યંત્રમાં યંત્રરૂપ મંત્રમાં મંત્રરૂપ, તંત્રમાં તંત્રરૂપ હે દેવી! સર્વે મને વશ થાય તેમ કરો. કર્ષમાં કર્ષવતિ, હર્ષમાં હર્ષવતિ, મારા શરીરે, મારા ઘરમાં, મારા કુટુંબ કબીલામાં, જેની ચિંતા પણ ન કરી હોય, રોમરોમમાં આનંદ ઉભરાય તેવો હર્ષ ઉત્પન્ન કરો. મારાં મનવાંચ્છિત સર્વ સુખ મને તત્કાળ આપો.

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ ઐઁ હ્રીઁ શ્રીઁ રત્નવર્ષિણિ અંકરત્ન–સ્ફટિક-રત્ન–હીરક–વૈડૂર્યરત્ન – લોહિતાક્ષરત્ન–હંસગર્ભ–પુલાક – જ્યોતિઃ-સૌગન્ધિકાદિવિવિધરત્નાનિ–વર્ષય વર્ષય । બહુધનધાન્યૈર્મમ કોશ-કોષ્ઠાગારં પૂર્ણં કુરૂ કુરૂ ।

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ ઐઁ હ્રીઁ શ્રીઁ ક્રૈ રત્નોનો વરસાદ વરસાવનારી અંક રત્ન, સ્ફટિકરત્ન, હીરા, વૈડૂર્યરત્ન, લોહિતાક્ષરત્ન, હંસગર્ભ, પુલાક જયોતિ, સૌગંધિક વીગેરે જાતનાં રત્નોની વૃષ્ટિ કરો વૃષ્ટિ કરો. હીરણ્ય સુવર્ણની વૃષ્ટિ કરનારી મારા ઘરમાં સોનૈયા, રૂપૈયાની વૃષ્ટિ કરો. બહુ ધન–ધાન્યથી મારો ખજાનો કોઠાર ભરપૂર કરો–ભંડાર ભરપૂર કરો.

અમૃતે, અમૃતોપમે, અમૃતદ્રવે અમૃતાસ્રવે અમૃતવદને અમૃતસેચને અમૃતપૂર્ણે માં મમાધીનાન્ અમૃતમયાન્ કુરૂ કુરૂ ।

અમૃતે ! અમૃતની ઉપમા તુલ્ય, અમૃત સીંચન કરનાર, અમૃત વરસાવનાર, અમૃત વદનવાળી, અમૃત સિંચન કરવાવાળી અમૃત પૂર્ણા, મને અને મારા બધા આશ્રિતોને તમે અમૃતમય બનાવો.

ઐઁ કામરાજ ક્લીઁ શુદ્ધે બુદ્ધે બુદ્ધરૂપે બુદ્ધિદે, સિદ્ધે સિદ્ધિરૂપે સિદ્ધિદે મમ સર્વકાર્યાણિ સાધય સાધય । ૐ અર્હઁ વશિનિમોહિનિ સર્વાન્ મમ વશ્યાન્ કુરૂ કુરૂ સર્વાન્ મોહય મોહય । ૐ હ્રીઁ શ્રીઁ સુખસુધાહિરણ્યસુવર્ણવર્ષિણિ મમ સુખં વર્ષય ૨, સુધાં વર્ષય ૨, હિરણ્યં વર્ષય ૨, સુવર્ણં વર્ષય ૨, આભંકરે પ્રભંકરે ચંદ્રે ચંદ્રકાંતે ચંદ્રાવર્તે ચંદ્રવર્ણે ચંદ્રલેશ્યે ચંદ્રશ્રેષ્ઠે ચંદ્રશેખરે સૂરે સૂરપ્રભે સૂરકાંતે સૂરલેશ્યે સૂરશ્રેષ્ઠે સૂરશેખરે મમ લોકોત્તરં સુખદં ચમત્કારં કુરુ ૨ । ૐ હ્રીઁ ધૃણિઃ સૂર્ય આદિત્યઃ શ્રીઁ મમ સર્વાધિવ્યાધિચિન્તારોગશોકાન્ નાશય ૨, મમ તુષ્ટિં પુષ્ટિં સુખંચ કુરૂ કુરૂ । ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ નમો ભગવતિ અન્નપૂર્ણે ધનધાન્યં વર્ષય ૨ । સર્વ સિદ્ધિદાયિનિ સર્વસુખદાયિનિ શ્રીસીમંધરસ્વામિનં સર્વજ્ઞં સર્વદર્શિનં જિન–મનુસ્મર, ગણધરસત્યમનુસ્મર, નિર્ગ્રન્થપ્રવચનમનુસ્મર, આદિનાથજિનમનુસ્મર, શાન્તિનાથજિન-

મનુસ્મર, પાર્શ્વનાથજિનમનુસ્મર, વર્દ્ધમાનજિનમનુસ્મર, શેષસર્વ-જિનમનુસ્મર, અવધિજિનમનુસ્મર, મનઃપર્યયજિનમનુસ્મર, કેવલિજિનમનુસ્મર, આમર્શૌષધિમનુસ્મર, વિપ્રુડોષધિમનુસ્મર, બીજબુદ્ધિમનુસ્મર, અક્ષીણમહાનસલબ્ધિધરમનુસ્મર, એકપૂર્વધર-મનુસ્મર, યાવત્‌ચતુર્દશપૂર્વધરમનુસ્મર, વૈક્રિયલબ્ધિધરમનુસ્મર, આહારકલબ્ધિધરમનુસ્મર ।

ઐં કામરાજ ક્લીં શુદ્ધ, બુદ્ધ, બુદ્ધરૂપી, બુદ્ધિ દેનારી, સિદ્ધિ, સિદ્ધિરૂપી, સિદ્ધિ દેનારી મારાં સર્વ કાર્યો સાધી આપો. ૐ અર્હં વશિનિ, મોહિનિ સર્વ મારે વશ થાય તેવું કરો સર્વને મારા ઉપર મોહ થાય તેવું કરો. ૐ હ્રીઁ શ્રીઁ સુખ, અમૃત, હિરણ્ય-સૂવર્ણ વરસાવનારી મારા ઉપર સુખ વરસાવો અમૃત વરસાવો. રૂપું વરસાવો. સુવર્ણ વરસાવો–હે દેવી! આભંકરે પ્રભંકરે, ચંદ્રે, ચંદ્રકાન્તે, ચંદ્રાવર્તે ચંદ્રવર્ણે, ચંદ્રલેશ્યે, ચંદ્ર-શ્રેષ્ઠે, ચંદ્રશેખરે, સૂરે, સૂરપ્રભે, સૂરકાન્તે, સૂરલેશ્યે, સૂરશ્રેષ્ઠે, સૂરશેખરે, મને લોકોત્તર સુખ મળે તેવો ચમત્કાર કરો. ૐ હ્રીઁ ધૃણીઃ સૂર્યઃ આદિત્યઃ શ્રીઁ મારાં સર્વ આધિ વ્યાધિ ચિંતા, રોગ, શોક વગેરેનો નાશ કરો મને સંતોષ થાય, પુષ્ટિ મળે, સુખ થાય તેવું કરો–ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ હે ભગવતિ અન્નપૂર્ણા તમને મારા નમસ્કાર હજો. તમે મારે ત્યાં ધન ધાન્યની વૃષ્ટિ કરો સર્વ સિદ્ધિ દેનારી, સર્વ સુખ દેનારી, સર્વજ્ઞ, સર્વદર્શિ જીનેશ્વર સિમંધર સ્વામિનુ સ્મરણ કરો ગણધર સત્યનું સ્મરણ કરો, નિર્ગ્રંથના પ્રવચનનું સ્મરણ કરો, આદીશ્વર ભગવાનનું સ્મરણ કરો. શાંતિનાથ ભગવાનનું સ્મરણ કરો. પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરો. ભગવાન મહાવીરનું સ્મરણ કરો. બાકી રહેલા સર્વ તીર્થંકર ભગવાનનું સ્મરણ કરો. અવધિજ્ઞાની જીનેશ્વરનું સ્મરણ કરો. મનઃપર્યયજ્ઞાની જીનેશ્વરોનું સ્મરણ કરો, કેવળજ્ઞાનીનું સ્મરણ કરો, અમર્શૌષધિ લબ્ધિધારીનું સ્મરણ કરો, વિપ્રુડોષધિ લબ્ધિધારીનું સ્મરણ કરો. બીજબુદ્ધિ

ધારીનું સ્મરણ કરો. અક્ષીણ મહાનસલબ્ધિધારીનું સ્મરણ કરો, નવપૂર્વધારીનું સ્મરણ કરો, દશથી તેર સુધીના પૂર્વધરોનું અને ચૌદમાં પૂર્વધરનુ સ્મરણ કરો વૈક્રિય લબ્ધિધરનું સ્મરણ કરો. આહારક લબ્ધિધરનું સ્મરણ કરો.

સકલજિનશાસનદેવમનુસ્મર, સકલજિનશાસનદેવીમનુસ્મર, બલકૂટે બલદેવમનુસ્મર, ગંધમાદને ગંધમાદનદેવમનુસ્મર, બ્રાહ્મીં સુન્દરીમનુસ્મર, શ્રીદેવીમનુસ્મર, નન્દનકૂટવાસિનીં મેઘંકરાદેવી-મનુસ્મર, મન્દરકૂટવાસિનીં મેઘવતીદેવીમનુસ્મર, નિષધકૂટવાસિનીં સુમેઘાદેવીમનુસ્મર, હૈમકૂટવાસિનીં મેઘમાલિનીદેવીમનુસ્મર, રજત-કૂટવાસિનીં સુવત્સાદેવીમનુસ્મર, રુચકકૂટવાસિનીં વત્સમિત્રા દેવીમનુસ્મર, સાગરચિત્રકૂટવાસિનીં વૈરસેનાદેવીમનુસ્મર, વજ્રકૂટવા-સિનીં બલાહકાદેવીમનુસ્મર ।

સકળ જીનશાસનદેવનુ સ્મરણ કરો, સકળ જીનશાસનદેવીનુ સ્મરણ કરો. બલકૂટમાં બીરાજમાન બલદેવનું સ્મરણ કરો, ગંધમાદનમાં બીરાજતા ગંધમાદનદેવનુ સ્મરણ કરો. સતિ બ્રાહ્મી-સુંદરીનું સ્મરણ કરો, શ્રી દેવીનું સ્મરણ કરો, નંદનકૂટ નિવાસી મેઘંકરાં દેવીનુ સ્મરણ કરો. મંદરકૂટનિવાસી મેઘવતી દેવીનુ સ્મરણ કરો, નિષધકૂટ નિવાસી સુમેધાદેવીનું સ્મરણ કરો, હૈમ-વતકૂટ નિવાસી મેઘમાલિનીદેવીનુ સ્મરણ કરો, રજતકૂટ નિવાસી સુવત્સા દેવીનું સ્મરણ કરો, રૂચકકૂટ નિવાસી વત્સમિત્રાદેવીનુ સ્મરણ કરો. સાગરચિત્રકૂટ નિવાસી વૈરસેનાદેવીનું સ્મરણ કરો, વજ્રકૂટ નિવાસી બલાહકાદેવીનુ સ્મરણ કરો.

ધન્યશાલિભદ્રમનુસ્મર ।। ૐ હ્રીઁ શ્રીઁ લક્ષ્મીદેવી આગચ્છ ૨ મમ ગૃહે મમ નિવાસસ્થાને ધનધારાં વર્ષય ૨, સર્વં મનોવાંછિતં પૂરય ૨, ક્ષણુમીક્ષણુઃ મમ સર્વં ક્ષણું સુખમયં કુરૂ કુરૂ ।

ધન્ના શાલિભદ્રનું સ્મરણ કરો. ૐ હ્રીઁ શ્રીઁ લક્ષ્મીદેવી પધારો મારા ઘરમાં આપની પધરામણી કરો, મારા નિવાસ સ્થાને મારા

ઘરમાં ધનની ધારા વરસાવો–ધનની વૃષ્ટિ કરો મારા મનની સર્વ મુરાદ પૂર્ણ કરો. કાળની ગતિમાં વહેતી મારી હરેકપળ–સમય સુખમય બનાવો.

પદ્મા શ્રીँ મન્મથ કલીँ હૃદયં નમઃ । સુપ્રતિષ્ઠે શ્રેષ્ઠે વરિષ્ઠે ગરિષ્ઠે શમે શમપ્રભે મહાપ્રભે ભાસુરે ભાસુરપ્રભે મમ સર્વ મનોરથં પૂરય ૨ ધનધાન્યહિરણ્યસુવર્ણવિવિધરત્નવૃષ્ટિં કુરૂ કુરૂ ।

પદ્મા શ્રીँ મન્મથ ક્લીँ હૃદયં નમઃ સુપ્રતિષ્ઠે, શ્રેષ્ઠે; વરિષ્ઠે, ગરિષ્ઠે, શમે, શમપ્રભે, મહાપ્રભે, ભાસુરે, ભાસુરપ્રભે, મારા સર્વ મનોરથ પૂર્ણ કરો ધનધાન્ય હિરણ્ય, સુવર્ણ તથા તરેહ તરેહનાં રત્નોની વૃષ્ટિ કરો.

ૐ હ્રીँ શ્રીँ રૂપે પ્રસીદ ૨ । ૐ શ્રીँ દિવ્યાનુભાવે પ્રસીદ ૨ । ૐ શ્રીँ ઉજ્જવલે પ્રસીદ ૨ । ૐ શ્રીँ ઉજ્જવલરૂપે પ્રસીદ ૨ । ૐ શ્રીँ જ્યોતિર્મયિ પ્રસીદ ૨ । ૐ શ્રીँ જ્યોતિરૂપધરે પ્રસીદ ૨ મમગૃહં મમ ગૃહસ્ય અંગણું નન્દનવનં કુરૂ કુરૂ । ૐ અમૃતકુંભે પ્રસીદ ૨ । ૐ અમૃતકુંભરૂપે પ્રસીદ ૨ । મમ વાંછિતં દેહિ ૨ । ૐ ઋદ્ધિદે પ્રસીદ ૨, ૐ સમૃદ્ધિદે પ્રસીદ ૨, ૐ શ્રીँ મહાલક્ષ્મી પ્રસીદ ૨, ૐ શ્રીँ લોકમાતઃ પ્રસીદ ૨, ૐ શ્રીँ લોકજનનિ પ્રસીદ ૨, ૐ શ્રીँ શોભાવર્દ્ધિનિ પ્રસીદ ૨, ૐ શ્રીँ અમૃતસંજીવનિ પ્રસીદ ૨, ૐ શ્રીँ શાન્તલહરિ પ્રસીદ ૨, ૐ શ્રીँ પ્રશાંતલહરિ પ્રસીદ ૨, ૐ શ્રીँ ગ્લૌँ ૐ શ્રીँ શાંતપ્રશાંતલહરિ પ્રસીદ ૨, શ્રીँ નમઃ ૐ હ્રીँ સર્વશત્રુદમનિ સર્વશત્રુન્ નિવારય ૨ વિઘ્નંછિન્ધિ ૨ પ્રસીદ ૨ ધરણેન્દ્રપદ્માવતિ મમ સુખં કુરુ ૨ પ્રસીદ ૨ ।

ૐ હ્રીँ શ્રીँ લક્ષ્મીરૂપે પ્રસન્ન થાઓ. ૐ શ્રીँ દિવ્યાનુભાવે પ્રસન્ન થાઓ ૐ શ્રીँ ઉજ્જવલસ્વરૂપા પ્રસન્ન થાઓ. ૐ શ્રીँ

ઉજ્જવલરૂપા પ્રસન્ન થાઓ ૐ શ્રીઁ જ્યોતિર્મયિ પ્રસન્ન થાઓ ૐ શ્રીઁ જ્યોતિરૂપધરા પ્રસન્ન થાઓ, મારૂં ઘર અને મારા ઘરના આંગણાને નંદનવન સમાન કરો–નંદનવન બનાવો. ૐ અમૃતકુંભા પ્રસન્ન થાઓ ૐ અમૃતકુંભરૂપા પ્રસન્ન થાઓ. મારી મનોકામના પૂર્ણ કરો ૐ ઋદ્ધિદા પ્રસન્ન થાઓ. ૐ સમૃદ્ધિદા પ્રસન્ન થાઓ ૐ શ્રી મહાલક્ષ્મીદેવી પ્રસન્ન થાઓ. ૐ શ્રીઁ લોકમાતા પ્રસન્ન થાઓ પ્રસન્ન થાઓ. ૐ શ્રીઁ લોક-જનનિ પ્રસન્ન થાઓ ૐ શ્રીઁ શોભાવર્ધિનિ પ્રસન્ન થાઓ. ૐ શ્રીઁ અમૃત સંજીવનિ પ્રસન્ન થાઓ ૐ શ્રીઁ શાન્તલહરિ પ્રસન્ન થાઓ ૐ પ્રશાંત લહરી પ્રસન્ન થાઓ ૐ શ્રી શાંત પ્રશાંતલહરિ પ્રસન્ન થાઓ. ૐ શ્રીઁ ગ્લૌં શ્રીઁ નમઃ ૐ હ્રીઁ સર્વ શત્રુદમનિ મારા શત્રુઓનું નિવારણ કરો વિઘ્ન કાપો પ્રસન્ન થાઓ હે ધરણેન્દ્રઅને પદ્માવતિ મને સુખી કરો પ્રસન્ન થાઓ.

**મૂલમંત્ર**–ૐ હ્રીઁ શ્રીઁ અસિઆઉસાણં નમઃ ।
શ્રી અરિહંત દેવને નમસ્કાર કરૂં છું.
શ્રી સિદ્ધ ભગવાનને નમસ્કાર કરૂં છું.
શ્રી આચાર્યજીને નમસ્કાર કરૂં છું.
શ્રી ઉપાધ્યાયજીને નમસ્કાર કરૂં છું.
લોકને વિષે વિચરતાં સાધુ–સાધ્વિજીઓને નમસ્કાર કરૂં છું.

ૐ મંગલકરિ પ્રસીદ ૨, ૐ સુખકરિ પ્રસીદ ૨, ૐ શાંતિકરિ પ્રસીદ ૨, ૐ ઋદ્ધિસિદ્ધિકરિ પ્રસીદ ૨ સુખં દેહિ, શાંતિં દેહિ, ઋદ્ધિસિદ્ધિ દેહિ, ૐ કિલિકિલિ એહિ એહિ આગચ્છ આગચ્છ સર્વસિદ્ધિદાયિનિ મમ મનોવાંછિતં શીઘ્રં પૂરય પૂરય ।

ૐ મંગલ કરનારી પ્રસન્ન થાઓ ૐ સુખ કરનારી પ્રસન્ન થાઓ. ૐ શાંતિ કરનારી પ્રસન્ન થાઓ ૐ રિદ્ધિ સિદ્ધિ કર-

નારી પ્રસન્ન થાઓ સુખ આપો શાંતિ આપો, રિદ્ધિ સિદ્ધિ આપો. ૐ કિલિ કિલિ એહિ-એહિ, પધારો પધારો હે સર્વ-સિદ્ધિદાયિની મારી મનોકામનાઓ તુરત પૂર્ણ કરો.

**સાધ્યમંત્ર**–ૐ શ્રીધારે પ્રસીદ પ્રસીદ । ઉપહૃદયમ્–ૐ ત્રિલોકવાસિન્યૈ કેવલલક્ષ્મ્યૈ નમઃ, ધનધાન્યહિરણ્ય સુવર્ણધારાં મમ નિવાસે પાતય ૨ । ૐ શ્રીઁ રત્નસિંહાસને પ્રસીદ ૨, ૐ કમલાસને પ્રસીદ ૨, ૐ રત્નકુંડલે પ્રસીદ ૨ । ૐ રત્નમુકુટે પ્રસીદ ૨ । ૐ રત્નભૂષણે પ્રસીદ ૨ । ૐ ચારુચ્છત્રચામરે પ્રસીદ ૨, ૐ સહસ્રકિરણપ્રદ્યોતકરિ સર્વરાજવશકરિ સર્વપ્રજાવશકરિ સર્વલોકવશકરિ સર્વં મમ વશ્યં કુરૂ કુરૂ ।

**સાધ્યમંત્ર**—ૐ શ્રીધારા પ્રસન્ન થાઓ ઉપહૃદયમ્ ૐ ત્રણે લોકમાં નિવાસ કરનાર કેવલલક્ષ્મીને મારા નમસ્કાર હજો. ધનધાન્ય, હિરણ્ય સુવર્ણની ધારા મારા ઘરમાં વરસાવો. ૐ શ્રીઁ રત્નસિંહાસનવાળી પ્રસન્ન થાઓ. ૐ કમલાસનવાળી પ્રસન્ન થાઓ. ૐ રત્નકુંડલવાળી પ્રસન્ન થાઓ. ૐ રત્નમુકુટવાળી પ્રસન્ન થાઓ. ૐ રત્નભૂષણવાળી પ્રસન્ન થાઓ. ૐ સુંદર છત્રચામરોવાળી પ્રસન્ન થાઓ. ૐ હે હજાર કિરણોના પ્રકાશથી તેજોમયી સર્વ રાજાઓને વશ કરનારી સર્વપ્રજાને વશકરનારી હે દેવી ! સર્વ મને વશ થાય તેવું કરો.

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ મહામાયાયૈ નમઃ ઇંદ્ર પ્રસીદ ૨, સૂર્ય પ્રસીદ ૨, સોમ પ્રસીદ ૨, યમ પ્રસીદ ૨, વરુણ પ્રસીદ ૨, વૈશ્રવણ પ્રસીદ ૨, હરિણૈગમૈષિદેવ પ્રસીદ ૨, ત્રિજૃંભક પ્રસીદ ૨, શબ્દાપાતિસ્વામિસ્વાતિદેવ પ્રસીદ ૨ । વિકટાપાતિસ્વામિપ્રભાસદેવ પ્રસીદ ૨ । ગંધાપાતિસ્વામ્યરુણદેવ પ્રસીદ ૨ । માલ્યવદદ્રિસ્વામિપદ્મદેવ પ્રસીદ ૨ । સર્વદિશાભ્યઃ સર્વવિદિશાભ્યઃ કલ્પલતેવ મમ વાંછિતં પૂરય ૨ ।

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ કેવળલક્ષ્મી પ્રસન્ન થાઓ ઈન્દ્ર પ્રસન્ન થાઓ. સૂર્ય પ્રસન્ન થાઓ. સોમ (ચંદ્ર) પ્રસન્ન થાઓ. યમ પ્રસન્ન થાઓ. વરુણ પ્રસન્ન થાઓ. વૈશ્રવણ પ્રસન્ન થાઓ. હરિણેગમેષિદેવ પ્રસન્ન થાઓ. જિજૃમ્ભક દેવ પ્રસન્ન થાઓ. શબ્દાપાતિ પર્વતના અધિપતિ પ્રભાસદેવ પ્રસન્ન થાઓ. ગંધાપાતિ પર્વતના અધિપતિ અરુણદેવ પ્રસન્ન થાવ. માલ્યવદદ્રિપર્વતના અધિપતિ પદ્મદેવ પ્રસન્ન થાવ. સર્વ દિશાથી સર્વવિદિશાથી કલ્પલતા સમા મારા સર્વ મનોરથ પૂર્ણ કરો.

અનુમોદયન્તુ માં મંત્રાધિષ્ઠિતદેવાઃ । શમ ૨ મજ ૨ સજ ૨ ઉજ ૨ તર ૨ મિલ ૨ દિલ ૨ પુલ ૨ ફુલ ૨ ।

હે મંત્રના અધિષ્ઠિત દેવો ! મને અનુમોદન આપો. શમ–શમ, તર–તર, મિલ–મિલ, દિલ-દિલ, પુલ–પુલ, ફુલ-ફુલ.

દયામયિ દયસ્વ ૨ માં, જાગૃષ્વ ૨ ઉત્તિષ્ઠ ૨ સુખકરં હિરણ્યસુવર્ણં દેહિ ૨ દાપય ૨ મહ્યં હિતકરં શાંતિકરં કુલકરં વંશકરં વંશવૃદ્ધિકરં । મહાપદ્મહ્રદનિવાસિનિ હ્રીદેવિ મમ લજ્જાં-રક્ષ ૨ । મહાપુંડરીકહ્રદનિવાસિનિ બુદ્ધિદેવિ મમ બુદ્ધિં દેહિ ૨ । તિગિચ્છહ્રદનિવાસિનિ ધૃતિદેવિ મમ ધૈર્યં કુરૂ ૨ । કેસરિહ્રદ-નિવાસિનિ કીર્ત્તિદેવિ મમ યશઃકીર્ત્તિં પ્રસારય ૨ ।

હે દયામયિ ! મારા ઉપર દયા કરો મારૂં રક્ષણ કરો. જાગો, જાગો, ઉઠો–ઉઠો મને સુખ ઉપજાવે તેવું તેટલું સુવર્ણ આપો, અપાવો. મને હિત કારક, શાંતિકારક, કુળવંશ રાખનાર, તથા મારા ધર્મ વંશની વૃદ્ધિ કરનાર આપો, અપાવો. હે મહાપદ્મ હ્રદમાં બિરાજતી હ્રીઁ દેવી ! મારી ઈજ્જત આબરૂનું રક્ષણ કરો. હે મહાપુંડરીક હ્રદમાં બિરાજતી બુદ્ધિદેવી મને બુદ્ધિ આપો. તિગિચ્છ હ્રદમાં બિરાજતી હે ધૃતિદેવી મને ધૈર્યવાન બનાવો

હે કેસરિ હૃદયમાં બિરાજતી હે કીર્તિદેવી! મારો યશ અને મારી કીર્તિ ચોમેર ફેલાવો.

ૐ હ્રીં વિશ્વરૂપિણિ, વિભૂતિ વિભૂતિરૂપિણિ, સૃષ્ટિ સૃષ્ટિરૂપિણિ, ધૃતિ ધૃતિરૂપિણિ, કીર્ત્તિ કીર્ત્તિરૂપિણિ, સિદ્ધિ સિદ્ધિરૂપિણિ, સર્વસુખસામ્રાજ્યદાયિનિ મમ ત્રિલોકસંપદં કુરૂ કુરૂ, હિરણ્યસુવર્ણૈઃ સુખસિદ્ધિસૌભાગ્યૈઃ શ્રેષ્ઠૈઃ સર્વોપકરણૈઃ સર્વભોગૈઃ સર્વોપભોગૈશ્ચ મમ કોષકોષ્ઠાગારાણિ ભર ભર પૂરય પૂરય ॥

ૐ હ્રીઁ વિશ્વરૂપિણિ, વિભૂતિ–વિભૂતિ રૂપિણિ, સૃષ્ટિ–સૃષ્ટિરૂપિણિ ધૃતિ–ધૃતિરૂપિણિ, કીર્તિ–કીર્તિરૂપિણિ, સિદ્ધિ–સિદ્ધિરૂપિણિ.

હે સર્વ સુખ સામ્રાજ્ય દેનારી દેવી! ત્રણેલોકની સંપત્તિ મને આપો. હિરણ્ય સુવર્ણ સુખ, સિદ્ધિ સૌભાગ્યથી, શ્રેષ્ઠ સર્વ ઉપકરણોથી, સર્વભોગોથી, સર્વ ઉપભોગોથી, મારો ખજાનો–ભંડાર ઠાંસોઠાંસ ઠાંસીને ભરપૂર કરો.

## મૂલવિદ્યા—

ૐ નમિઊણ અસુરસુરગરુલભુયંગપરિવંદિય ગયકિલેસે। અરિહા સિદ્ધાયરિય ઉવજ્ઝાય સવ્વસાહુણો ॥

ૐ હ્રીં નમઃ ધનદપુત્રિ જગત્સવિત્રિ અષ્ટસિદ્ધિપ્રધાનમહાનિધાનસુવર્ણકોટિરત્નકોટિ શતસહસ્રસંપન્ને આગચ્છ ૨ ભગવતિ મમ ગૃહે મમ પુરે પ્રવિશ પ્રવિશ મમ અક્ષીણં સર્વધનં ધારારૂપેણ વર્ષય વર્ષય ।

ૐ હ્રીઁ નમઃ હે ધનદપુત્રિ! જગત્ સવિત્રિ આઠ સિદ્ધિઓમાં મુખ્ય મહાનવનિધાન, સુવર્ણકોટિ, રત્નકોટિ, લાખોસંપત્તિસાથે પધારો. હે ભગવતિ! મારા ઘરમાં, મારા નગરમાં પ્રવેશ કરો. મારા ઘરમાં અક્ષય અને વર્ધમાન સર્વધનની અસ્ખલિત ધારા વડે વૃષ્ટિ કરો.

૭૭

## મહાવિદ્યા—

ૐ હ્રીં શ્રીં શ્રીધારે મમ ચિંતિતસુખદાયિનિ અચિંતતસુખ-દાયિનિ પ્રસીદ ૨ મમ સર્વં કાર્યં સાધય સાધય ।

સર્વસુખનિધિ યંત્રમ્—

| | | | |
|---|---|---|---|
| શ્ર | શ્ર | વ | વ |
| ખ | ખ | ઞ | ઞ |
| દ | દ | ધ | ધ |

ૐ હ્રીં શ્રીં મારાં ચિંતવેલાં સુખો આપનારી તથા મારા શમણામાં પણ નથી એવાં વણચિંતવ્યાં સુખોની આપનારી હે શ્રી ધારા દેવી ! પ્રસન્ન થાવ. મારાં સર્વકાર્યો સિદ્ધ કરો. મારા મનના મનોરથ પરિપૂર્ણ કરો.

સર્વ સુખ નિધિયંત્ર—

## પરમહૃદયમ્—

ૐ નમઃ શ્રીધારે ચિંતામણિમહાવિદ્યે કરુણશરણે દીનભરણે જગદુદ્ધરણે વિમલકમલવાસિનિ હિરણ્યસુવર્ણધનધાન્યકરિ મમ સકલાર્થસિદ્ધિ પ્રાપય પ્રાપય, સર્વચિંતાં ચૂરય ચૂરય, સર્વરિપૂન્ સ્તંભય ૨, નિવારય ૨ જૃંભય ૨, મોહય ૨, સુખદે શિવદે શાન્તિદે શુભદે પ્રમોદદે મમ સર્વસૌભાગ્યં ઋદ્ધિં સિદ્ધિ સમૃદ્ધિ વશ્યં રક્ષાં ચ કુરુ કુરુ મમ જયં વિજયં ચ કુરુ કુરુ ॥

ૐ નમઃ શ્રીધારે ચિંતામણિ મહાવિદ્યા આપત્તિમાં આવી પડેલા ઉપર કરુણાભાવ રાખીને શરણ આપવાવાળી, ગરીબોનું ભરણ પોષણ કરવાવાળી, જગતનો ઉદ્ધાર કરવાવાળી વિમળ કમળમાં નિવાસ કરવાવાળી હિરણ્ય સુવર્ણ, ધનધાન્ય નીપજાવનારી હે દેવી ! મારા સકળ અર્થની સિદ્ધિ પ્રાપ્ત કરાવો. મારી સર્વ

આધિ, વ્યાધિ ઉપાધિઓ હરી લો. મારા સર્વ શત્રુઓને થંભાવી દો, તેનું નિવારણ કરો. મારા શત્રુઓને સ્તંભન કરો. જંભિત કરો. મોહિત કરો. મારા ઉપર મમતા રાખો. હે સુખદેનારી, કલ્યાણકરનારી, શાંતિદેનારી, શુભ કરનારી, આનંદ પ્રમોદ દેનારી મારૂં સર્વ સૌભાગ્ય, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ અને મારા વંશનું રક્ષણ કરો. મારો જય-વિજય થાય તેવું કરો.

આ વિદ્યા અચલમતિ વિદ્યાધરે ભદ્રનંદ નામના ગાથાપતિને આપી. તે વિદ્યા મને પણ આપો.

॥ ઇતિ શ્રીધારામહાવિદ્યાખ્યં સમ્પત્સ્મરણમ્ ॥૪॥

# અથ ઋદ્ધિસ્મરણમ્ ॥૫॥

ઋદ્ધિસ્મરણમાત્રેણ જાયતે ઋદ્ધિમાન્નરઃ ।
તસ્માદ્ ઋદ્ધિં ભગવતઃ પ્રવક્ષ્યામિ શુભાવહામ્ ॥૧॥

(૧) રિદ્ધિસ્મરણના અધ્યયન માત્રથી માનવી રિદ્ધિમાન બને છે. માટે હંમેશાં શુભ કરનારી એવી ભગવાનની રિદ્ધિનું હું વર્ણન કરીશ.

ઋદ્ધેર્નિરીક્ષણં કર્તું યસ્યાહારકલબ્ધિકઃ ।
ગચ્છત્યાહારકં કૃત્વા તસ્મૈ ભગવતે નમઃ ॥૨॥

(૨) જેની રિદ્ધિના નિરીક્ષણ અર્થે આહારક લબ્ધિધારી મુનિરાજ પોતાની લબ્ધિના પ્રતાપે ભગવાન પાસે જાય છે. તે પ્રભુને મારા નમસ્કાર હજો.

અનન્તં કેવલં જ્ઞાનં તથા કેવલદર્શનમ્ ।
અનન્તં સૌખ્યમપ્યેવં સમ્યક્ત્વં ક્ષાયિકં તથા ॥૩॥

આ પ્રભુની રિદ્ધિ કેવીક છે ? જેને ૧ અનંત કેવલજ્ઞાન છે. ૨ અનંત કેવળદર્શન છે. ૩ અનંતુ સુખ છે. ૪ ક્ષાયિક સમ્યક્ત્વ છે.

યથાખ્યાતં ચ ચારિત્ર-મવેદિત્વમતીન્દ્રિયમ્ ।
દાનાદિલબ્ધયઃ પંચ દ્વાદશોક્તા ગુણા ઇમે ॥૪॥

(૪) તે ઉપરાંત ચારિત્રોમાં શ્રેષ્ઠ એવું ૫ યથાખ્યાતચારિત્ર છે. ૬ અવેદીપણું (સ્ત્રી પુરુષ, નપુંસક, પણાથી મુક્ત) છે. અતીન્દ્રિયપણાથી અગોચર પાંચ પ્રકારની લબ્ધિઓ (દાન, ૮ લાભ, ૯ ભોગ, ૧૦ ઉપભોગ, ૧૧ અને વીર્ય ૧૨) છે અને બારે ગુણે કરીને સહિત છે.

દિવ્યં લોકોત્તરં રૂપં દિવ્યલાવણ્યસંભૂતમ્ ।
દિવ્યં જ્ઞાનાદિકં યસ્ય તસ્મૈ ભગવતે નમઃ ॥૫॥

(૫) તે ઉપરાંત આ લોકમાં એના જેવું રૂપ નથી એવું દિવ્ય અને અલૌકિક જેનું રૂપ છે. જેના શરીરનું લાવણ્ય-સુંદરતા પણ દિવ્ય છે. જેનું જ્ઞાન વિગેરે પણ દિવ્ય છે તે ભગવાનને મારા નમસ્કાર હજો.

ઊર્ધ્વાગ્રાઃ કણ્ટકાઃ સર્વે યત્પ્રભાવાદધોમુખાઃ ।
વિષમાડપિ સમા ભૂમિસ્તસ્મૈ ભગવતે નમઃ ॥૬॥

(૬) શું ભગવાનની સિદ્ધિ છે! શું તેનો પ્રભાવ છે! ધરતી પર ઉંચી અણી રાખીને પડેલા કાંટા પણ એના પ્રભાવે કરીને અધોમુખ આડા પડી જાય છે. એવા પ્રભુને મારા નમસ્કાર હજો.

ઈતિર્ભીતિશ્ચ મારી ચ દુર્ભિક્ષં વૈરભાવના ।
આધિર્વ્યાધિરુપાધિશ્ચ તથોત્પાતઃ પ્રશામ્યતિ ॥૭॥

(૭) અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ વગેરે ગમે તે પ્રકારનો ભય લાગતો હોય, મહામારી કે મરકીનો રોગ ચાલતો હોય, દુષ્કાળ તેનું ખપ્પર ભરતો હોય, શત્રુઓની વૈરભાવના પ્રબળ હોય. ચારે તરફ આધિ-વ્યાધિ અને ઉપાધિનું સામ્રાજ્ય વરતાતું હોય તથા દેશમાં કે નગરમાં ભારે ઉત્પાત મચ્યો હોય તો તે સઘળું પ્રભુની રિદ્ધિના પ્રતાપે શમી જાય છે.

ઋતવશ્ચ વસન્તાદ્યાઃ સર્વે પ્રાદુર્ભવન્તિ ચ ।
લોકાઃ પ્રમુદિતા યસ્માત્ તસ્મૈ ભગવતે નમઃ ॥૮॥

(૮) જેના પ્રભાવે કરીને વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર ઋતુઓ પ્રગટ થાય છે. જેના પ્રભાવે કરીને સર્વ લોકમાં આનંદમંગળ વરતાઈ રહે છે તેવા પ્રભુ ! ને મારા નમસ્કાર હજો.

સંવર્તકેન વાતેન, તત્ર યોજનમંડલમ્ ।
સંશોધ્યતે ચ પરિતઃ, પ્રાસુ પુષ્પામ્બુવર્ષણમ્ ॥૯॥

(૯) જેના પ્રભાવે કરીને સંવર્તક નામે પવન–વાયરા દ્વારા આખું યોજન મંડળ શુદ્ધ થઈ તેમાંથી અચેત પુષ્પોની વૃષ્ટિ થાય છે તેવા પ્રભુને મારા નમસ્કાર હજો.

રૂપ્યસાલો દીપ્યમાનઃ સ્વર્ણકપ્ગુર–શોભિતઃ ।
સ્વર્ણસાલોઽપિ રુચિરો, રત્નકપ્ગુર–શોભિતઃ ॥૧૦॥

(૧૦) પ્રભુની રિદ્ધિનો મહિમા તો જુઓ. રૂપાના દેદીપ્યમાન ગઢ અને સુવર્ણના ઝગમગતા સુશોભિત કાંગરાં ૧, સુવર્ણના ગઢ અને રત્નના સુશોભિત કાંગરાંની ૨ રચના થાય છે.

રત્નસાલસ્તૃતીયશ્ચ ભાસ્વરો મણિકપ્ગુરઃ ।
ઇન્દ્રાસ્તત્ર ચતુઃષષ્ટિરાયાન્તિ પ્રભુસન્નિધૌ ॥૧૧॥

(૧૧) ત્રીજો રત્નનો ગઢ અને મણિ રત્નોના કાંગરાંની રચના થાય છે. અને જ્યાં ૬૪ ઈન્દ્રો પ્રભુની સેવા માટે હાજર થાય છે.

અશોકપાદપસ્તત્ર સિંહાસનવરસ્તથા ।
દુન્દુભિશ્ચામરં છત્રં પ્રાદુર્ભવતિ પુણ્યતઃ ॥૧૨॥

(૧૨) એક બાજુ આ બધી રચનાઓ થાય છે બીજી બાજુ અશોક વૃક્ષ નીચે પ્રભુ સિંહાસન પર બીરાજમાન થાય છે. છત્ર, ચામરો ઢોળાય છે. અને આકાશમાં દેવો દુંદુભી–નાદ કરી પ્રભુના

મહિમાની જગતને જાણ કરે છે. આ બધું પ્રભુના પુણ્યપ્રભાવથી થાય છે.

ભામંડલં પ્રભોસ્તત્ર નેત્રાનન્દકરં પરમ્ ।
દિવ્યધ્વનિશ્ચ સર્વેષાં સુખદં જાયતે તતઃ ॥૧૩॥

(૧૩) આ પ્રમાણે પ્રભુ જયાં બીરાજે છે ત્યાં આનંદની સીમા નથી. પ્રભુના ભામંડળનાં દર્શન કરતાં નેત્રમાં અનંત આનંદનાં પૂર ઉભરાય છે. પ્રભુના મુખેથી દિવ્ય વાણીની ઘોષણા થાય છે, ત્યારે હાજર રહેલાં સૌ કોઈ પ્રાણી માત્ર વિષાદ રહિત થઈ સુખનો અનુભવ કરે છે. રોમેરોમ આનંદ અને સુખથી ઉભરાય છે. આવું સમોસરણ પ્રભુ જયાં બિરાજતા હોય ત્યાં થાય છે.

સ્વર્ગશોભા ચ યા સ્વર્ગે, યાવતી સ્યાત્તતોઽધિકા ।
અનન્તગુણિતા શોભા, રાજતે તત્ર મંડલે ॥૧૪॥

(૧૪) પ્રભુના સમોસરણ આગળ તો સ્વર્ગ પણ પાણી ભરે છે. સ્વર્ગમાં રહેલી સ્વર્ગની શોભા કરતાં તો અનંત ગણી શોભા સમોસરણની હોય છે.

ન્યૂનાન્ન્યૂનં કોટિસંખ્યાસ્તં સુરાઃ સમુપાસતે ।
દ્વાદશાનાં પરિષદિ, દેશનાં દિશતિ પ્રભુઃ ॥૧૫॥

(૧૫) અનેક જાતિ અને પ્રકારના દેવો. પ્રભુના સમોસરણમાં આવે છે. અને બાર પ્રકારની પરિષદોને પ્રભુ દેશના ( પ્રવચન ) આપે છે.

દેવા મનુષ્યાસ્તિર્યંચઃ સર્વે શ્રૃણ્વન્તિ દેશનામ્ ।
તત્તદ્રાકૂપરિણામિન્યા ભાષયા સ ચ ભાષતે ॥૧૬॥

(૧૬) દેવતા મનુષ્ય અને તિર્યંચ, મિત્ર અને શત્રુ સમભાવે પ્રભુના સમોસરણ રૂપ ધર્મ સામ્રાજયમાં શત્રુતા ભુલી દયા શાંતિ

૬

અને પ્રેમના વાતાવરણમાં અભય બની પ્રભુની વાણી પોતપોતાની ભાષામાં સમજે છે.

યદિ ખંડમયં ક્ષેત્રં મધુવારિ પ્રવર્ષણમ્ ।
ક્ષીરસારસ્ય પિંડેન પુરણં તત્ર કર્ષંતિ ॥૧૭॥

(૧૭) પ્રભુની જે વાણીએ પ્રાણીમાત્રના આત્મા વચ્ચે પ્રેમની એકતા સાધી તે પ્રભુજીની વાણી કેવી છે. તો કહે છે કે ધારોકે કોઈ ખાંડનુ ખેતર હોય અને સોનામાં સુગંધી જેમ તેમાં મધનો વરસાદ વરસે. દૂધના માત્રાનું ખાતર નાખવામાં આવે અને પછી તેને ખેડે.

તત્રાપિ યદિ બીજં સ્યાત્ પુણ્ડ્રકસ્ય નિરામયમ્ ।
સેચનં તત્ર સદ્રાક્ષા રસેનં યદિ તત્ફલમ્ ॥૧૮॥

(૧૮) આ ઉપરાંત પુણ્ડ્રક નામની શેરડીનું શુદ્ધ અને નીરોગી બીજ વાવવામાં આવે. અને તેનું સિંચન દ્રાક્ષના રસથી કરવામાં આવે. અને પછી દૈવયોગે તેનું ફળ ઉત્પન્ન થાય તો તે ફળ માટે કહેવાનું શું હોય ? કેવી સરસ તે શેરડીની મીઠાશ હોય !

તદ્રસાદધિકાનન્ત ગુણા મિષ્ટા પ્રભોર્ગિરઃ ।
યસ્ય ચોચ્છ્વાસનિઃશ્વાસાઃ પદ્મોત્પલસુગન્ધિકાઃ ॥૧૯॥

(૧૯) એ શેરડીની મીઠાશ કરતાં તો અનંતગણી મિઠાશ પ્રભુની વાણીમાં રહેલી છે. જેના શ્વાસોશ્વાસમાં કમળના પુષ્પ જેવી આહ્લાદક સુગંધી ભરેલી છે.

જિનેન્દ્ર ચરણોપાન્તે યે સમાયાન્તિ વાદિનઃ ।
સંશયાપગમાદ્દ સર્વે સુપ્રસન્ના ભવન્તિ તે ॥૨૦॥

(૨૦) શાસ્ત્રના વાદવિવાદ કરનાર વિદ્વાનો પણ આખરે તો એ જીનેશ્વર પ્રભુના ચરણમાં આળોટે છે. અને જેઓ પ્રભુના માર્ગમાં સંશય રાખતા હતા તેઓનો સંશય ટળતાં પ્રસન્નતા અનુભવે છે.

એવં સમવસરણું જિનેંદ્રસ્યાતિશાયિનઃ ।
ઉત્કૃષ્ટશોભાસંપન્નં દ્યોતમાનં ચ સર્વતઃ ॥૨૧॥

(૨૧) એવું જીનેન્દ્ર ભગવાનના અતિશયોથી શોભાયમાન સમોસરણ રચાયું છે. એની શોભા અને પ્રકાશથી સર્વત્ર પ્રકાશ પ્રકાશ રેલાઈ રહે છે.

તત્ર રત્નમયી ભૂમી રત્નપ્રાકાર ગોપુરમ્ ।
રત્નપત્રૈરત્નપુષ્પૈ વૃક્ષૈરત્નફલૈર્યુતમ્ ॥૨૨॥

(૨૨) આ સમોસરણની ભૂમિ કેવી છે ? તો કહે છે કે રત્નમય તો તેની ધરતી છે, રત્નના ગઢ અને રત્નોના દરવાજા છે. રત્નનાં પાંદડાં છે અને રત્નના પુષ્પો છે. રત્નનાં વૃક્ષ છે અને રત્નનાં ફળ બાઝેલાં છે.

કવચિદ્દ વૈડૂર્યસંકાશં કવચિન્નીલમણિપ્રભમ્ ।
સ્ફટિકાભં કવચિજજ્યોતિઃ પદ્મરાગસમં કવચિત્ ॥૨૩॥

(૨૩) સમોસરણની આ પૂનિત ધરતી પર, ઉપર પ્રમાણે સઘળું રત્નમય જ ભાસે છે. કોઈક સ્થળે વૈડૂર્ય રત્નથી સુશોભિત લાગે, તો કોઈક સ્થળે નીલમણિના ઝળકાટથી ઝળહળે છે. કોઈક સ્થળે જ્યોતિ રત્ન સમાન, તો કોઈક સ્થળે પદ્મરાગની પ્રભા સમાન લાગે છે.

કવચિત્કાંચનસંકાશં બાલસૂર્યસમં કવચિત્ ।
કવચિન્મધ્યાહ્નસૂર્યાભં વિદ્યત્કોટિસમંકવચિત્ ॥૨૪॥

(૨૪) કોઈક સ્થળે સુવર્ણ નગરી સમાન લાગે છે, તો કોઈક સ્થળે પ્રભાત સમયે ઉગતા બાલરવિ સમાન તેજસ્વી અને શિતળ પ્રકાશ સમું લાગે છે કોઇવાર ખરા બપોરના ઝેનીથ ઉપર આવેલા સૂર્ય સમાન પણ તાપ રહિત પ્રકાશે છે. કોઇકવાર કરોડો વીજળીના ચમકારા સમાન ચમકે છે.

न सूर्यचन्द्रौ नो विद्युत् कोटयोमणयोऽपि न ।
जिनप्रभायाः कोट्यंश–कोट्यंशेनापि ते समाः ॥२५॥

(૨૫) કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી ! સૂર્યની સરખામણી આપણે આગીયા સાથે કરી રહ્યા છીએ. કયાં પ્રભુજીની દિવ્ય પ્રભા ! અને કયાં આ આગીયા સમા સૂર્ય, ચંદ્ર, વિજળીઓ અને મણીરત્ન ! અરે જીનેશ્વરની પ્રભાનો એક કરોડાંશનો પણ કરોડાંશ એ તમારા સૂર્ય, ચંદ્ર, વિજળી અને મણીરત્નોમાં નથી.

लोकोत्तराऽऽर्हती ऋद्धिर्द्रव्यतो भावतस्तथा ।
मण्डलान्तःस्थवस्तूनां दिव्यदीप्तिविधायिनी ॥२६॥

(૨૬) ભગવાનની રિદ્ધિ દ્રવ્ય અને ભાવથી લોકોત્તર છે. સમોસરણમાં બિરાજતા ભગવાનની દિવ્ય દિપ્તીવિધાયની–દર્શાવનારી દ્રવ્ય અને ભાવરિદ્ધિ છે.

तस्या विशुद्धभावेन पाठेन विधिना जनः ।
भवेत् स्वल्पेन कालेन द्रव्यभावर्द्धिसंयुतः ॥२७॥

(૨૭) આવી પ્રભુજીની રિદ્ધિના સ્તોત્રની જે કોઇ ભવિજન વિધિપૂર્વક શુદ્ધ ભાવે આરાધના કરશે. તેને ઘણા જ ટુંકા સમયમાં દ્રવ્ય અને ભાવથી સંયુક્ત રિદ્ધિ આપોઆપ આવીને મળશે.

॥ इति ऋद्धिस्मरणं संपूर्णम् ॥ ५ ॥

---

# અથ સિદ્ધિસ્મરણમ્ ॥૬॥

સિદ્ધીસરણમેત્તેણં, સવ્વસિદ્ધી પજાયએ ।
તમહં સંપવોચ્છિસ્સં, ભવ્વાણં સિદ્ધિહેયવે ॥૧॥

(૧) સિદ્ધિસ્મરણ માત્રથી-એટલે કે સિદ્ધિસ્મરણના સ્વાધ્યાય માત્રથી સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. એવા સિદ્ધિસ્મરણના મહિમાના ગુણગાન ભવી જીવોના હિતાર્થે હવે હું કરીશ.

વિમલસયલમણોહરં, નમિઊણં ચરણં જિણવરાણં ।
વઇસ્સં તણુતણુત્તં, સુહસિદ્ધિયં ભવિહિયટ્ઠાએ ॥૨॥

(૨) અત્યંત નિર્મળ અને સર્વજીવોના ચિત્તને આકર્ષે તેવા નયન મનોહર જીનેન્દ્રભગવાનનાં ચરણને નમસ્કાર કરી, ભવ્ય જીવોના હિતાર્થે હવે હું સુખ, સિદ્ધિદાયક, એવા સિદ્ધિસ્મરણ રૂપ તનુ તનુત્ર (કવચ)ના ગુણગાન કરીશ.

ૐ હ્રીં શ્રીં ઉસભોસિરમવઉ ૐ ઐં ક્રોં વિઅજિઓ ભાલં ।
ૐ શ્રીં સંભવો નેત્તં, પાઉસયા સવ્વ સમ્મદોય ॥૩॥

(૩) ૐ હ્રીં શ્રીં ઋષભદેવ સ્વામી! મારા મસ્તકની રક્ષા કરો. ૐ ઐં ક્રોં અજીતનાથ સ્વામી! મારા ભાલ પ્રદેશની (કપાળની) રક્ષા કરો.

ૐ શ્રીં સર્વ પ્રકારના કલ્યાણના દાતા સંભવનાથ સ્વામી! મારા ચક્ષુ (આંખો)ની સદા રક્ષા કરો.

ઘાણિંદિયં સવ્વયા, ૐ હ્રીં શ્રીં ક્લીં સિરિ અભિનંદણો ।
વચ્છઅંપાઉ સુમઇ ૐ, કણ્ણં ૐ બ્લોં ચ પઉમપ્પહો ॥૪॥

(૪) ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ શ્રી અભિનંદન સ્વામી ! મારી નાસીકા (નાક)ની સદા રક્ષા કરો.

ૐ સુમતિનાથ સ્વામી ! મારા વક્ષઃ સ્થળ (છાતી)ની રક્ષા કરો.

ૐ બ્લૌઁ પદ્મપ્રભુ સ્વામી ! મારા કર્ણો (કાન)ની રક્ષા કરો.

કંઠસંધિં તુ રક્ખઉ, ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ સુપાસજિણવરો મે ।
ખંધં પુણ પાઉ મજ્ઝક, ૐ હ્રીઁ શ્રીઁ જિણચંદપ્પહો ॥૫॥

(૫) ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ સુપાર્શ્વનાથ સ્વામી ! મારા કંઠ-ગરદનની રક્ષા કરો.

ૐ હ્રીઁ શ્રીઁ ચંદ્રપ્રભુ જીનેશ્વર ! મારા ખભાની રક્ષા કરો.

ૐ ક્રૌઁ સુવિધિબુદ્ધિં, અવઉ સિજ્જંસ વાસુપુજ્જો કરજં ।
વિમલજિણો ઉયરં મે, ૐ હ્રીઁ શ્રીઁ વણ્ણસંકલિઓ ॥૬॥

(૬) ૐ ક્રૌઁ શ્રીઁ સુવિધિનાથ સ્વામી ! મારી બુદ્ધિની રક્ષા કરો.

ૐ ક્રૌઁ શ્રેયાંસનાથ સ્વામી ! મારા જમણા હાથની આંગળીઓની રક્ષા કરો.

ૐ ક્રૌઁ વાસુપૂજ્ય સ્વામી ! મારા ડાબા હાથની આંગળીઓની રક્ષા કરો.

ૐ હ્રીઁ શ્રીઁ વિમલજીનેશ્વર ! મારા ઉદર (પેટ)ની રક્ષા કરો.

ૐ હ્રીઁ ધમ્મો જંઘં, પિટ્ઠં મલ્લિ મલ્લિકુસુમકોમલો ।
સદયમુણિસુવ્વયો હિયં, કુન્થૂ કરે ગીવં અરો શ્રીઁ ॥૭॥

(૭) ૐ હ્રીઁ ધર્મનાથપ્રભુ ! મારી જંઘાઓ (જાંઘ)ની રક્ષા કરો.

ૐ હ્રીઁ મલ્લિકા (વેલી) ફુલ સમાન કોમળ શરીરધારી શ્રી મલ્લીનાથ જીનેશ્વર ! મારી પીઠની રક્ષા કરો.

ૐ શ્રીઁ દયાળુ મુનિસુવ્રત જીનેશ્વર મારા ! હૃદયની રક્ષા કરો.

ૐ કુંથુનાથજીનેશ્વર ! મારા હાથોની રક્ષા કરો.

ૐ અરનાથ સ્વામી ! મારી ગ્રીવા (ડોક)ની રક્ષા કરો.

ૐ શ્રીઁ શ્રાઁ નમી કકૂખં, નાસારોગં હરઉ હ્રીઁ શ્રીઁ નેમી ।
અણંતપાસો ગુજ્જરોગં, ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ સુકલિયો ॥૮॥

(૮) ૐ શ્રાઁ શ્રીઁ શ્રી નમીનાથસ્વામી ! મારી કાખો (કુખ)ની રક્ષા કરો.

ૐ હ્રીઁ શ્રીઁ શ્રી નેમી જીનેશ્વર ! મારા નાસિકાના રોગને મટાડો.

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ શ્રી અનંત જીનેશ્વર તથા ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! મારા ગુહ્ય (ગુપ્ત) રોગોને મટાડો.

ૐ શ્રીઁ તિહુઅણકવસં, કુરુ કુરુ વદ્ધમાણો મહાવીરો ।
સવ્વમંગલસુહકરો, ચિંતામણિ-સુરતરુવ્વ ફલઓ ॥૯॥

(૯) ૐ શ્રીઁ સર્વરીતે મંગળકરનાર તથા સુખદેનાર, ચિંતામણી રત્ન તથા કલ્પવૃક્ષ સમાન મનવાંચ્છિત ફળ દેનાર એવા હે ! વર્ધમાન મહાવીર સ્વામી ! આપ ચિંતામણી સુરતરૂ-કલ્પવૃક્ષ સમાન મારે માટે થાવ.

સવ્વે જિણગણહરા, અંગરોમાઇ મજ્ઝક રકૂખંતુ ।
ૐ હ્રીઁ શ્રીઁ સિયલપહુ, સવ્વસત્તુચયં સિઢિલં કુરુ ॥૧૦॥

(૧૦) હે સર્વે જિનવરો સર્વે ગણધરો ! મારા શરીરના અંગ તથા રોમો (રૂવાટાં)ની રક્ષા કરો.

ૐ હ્રીઁ શ્રીઁ શીતલનાથ સ્વામી મારા સર્વ શત્રુ સમૂહને શિથિલ બનાવી દો.

ૐ હ્રીઁ શ્રી ક્લી હ્રીઁ, સંતીસુહસંપયં મજ્ઝક કુણઉ સમિદ્ધિં ।

ૐ હ્રીં એં સીમંધર, પમુહા હોંતુ કામધેણુ વ્વ ॥૧૧॥

(૧૧) ૐ હ્રીં શ્રીં ક્લીં હ્રીં શાન્તિનાથ જીનેશ્વર મને શાંતિ, સુખ, સંપત્તિ અને સમૃદ્ધિ આપો.

ૐ હ્રીં ઐં સીમંધર સ્વામી વિગેરે જિનગણ કામધેનુ ગાય સમાન મારા માટે મનવાંચ્છિત ફળના દાતાર હો !

એવં સિદ્ધીસરણં, જણુહિયકરણં સુહાવહં સયયં ।
તમ્હા અબ્ભસણિજ્જં, સવ્વાણં સવ્વસુહચંદં સુહકંદં ॥૧૨॥

(૧૨) આ પ્રકારનું આ સિદ્ધિસ્મરણ માનવી માત્રના માટે સર્વદા હિતકારક અને સુખકારક છે. એટલા માટે સર્વસુખોના બીજ સ્વરૂપ આ સિદ્ધિસ્મરણનો સ્વાધ્યાય સર્વ લોકોએ કરવો તે ઇચ્છનીય છે.

॥ ઈતિ સિદ્ધિસ્મરણમ્ ॥૬॥

# અથ જયસ્મરણમ્ ॥૭॥

જયસ્મરણમાત્રેણ જયઃ સર્વત્ર જાયતે ।
તદહં સંપ્રવક્ષ્યામિ ભવ્યાનાં જયહેતવે ॥૧॥

(૧) જય સ્મરણના સ્વાધ્યાય કરનારને તે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સર્વ સ્થળે ચોમેર જય મળે છે. એટલા માટે ભવ્યજનોના જયના હેતુ અર્થે હવે હું જય સ્મરણ કહીશ.

ૐ ઘણ્ટાકર્ણો મહાવીરઃ સર્વવ્યાધિવિનાશકઃ ।
સર્વવિઘ્નાપહર્તા ચ, સર્વત્ર જયકારકઃ ॥૨॥

(૨) ૐ ઘંટાકર્ણ મહાવીર પ્રભુ ! સર્વ પ્રકારના વ્યાધિનો નાશ કરનાર ! સર્વ પ્રકારના આવી પડતાં વિઘ્ન હરનાર ! સર્વત્ર જયકારી એવા હે મહાવીર પ્રભુ...

યત્ર ત્વં વર્તસે દેવ !, લિખિતોક્ષરપંક્તિભિઃ ।
તત્રાધયો વ્યાધયશ્ચ, નૈવ તિષ્ઠન્તિ સર્વદા ॥૩॥

(૩) ...જ્યાં આપ બિરાજો છો, જ્યાં જ્યાં પંક્તિઓમાં આપનું નામ લખાએલું છે ત્યાં ત્યાં આધિ વ્યાધિ કોઈ કાળે રહી શકતાં નથી.

ઉપાધયશ્ચ સર્વેપિ, શોકશ્ચિન્તા દરિદ્રતા ।
ઉપસર્ગા ગ્રહાશ્ચૈવ, પ્રશામ્યાન્ત ન સંશયઃ ॥૪॥

(૪) તે ઉપરાંત સર્વ પ્રકારની ઉપાધીઓ, શોક, ચિન્તા, દરિદ્રતા, આવી પડેલા ઉપસર્ગો તથા પનોતી કે તેવી કોઇ પણ પ્રકારની ગ્રહદશા, વિગેરે હે ઘંટાકર્ણ! મહાવીરજી આપના પ્રભાવથી શમી જાય છે તેમાં સંશયને સ્થાન નથી.

ડાકિની શાકિની ચૈવ, યોગિની રાક્ષસા અપિ ।
ભૂતાઃ પ્રેતાશ્ચ વેતાલાઃ, પલાયન્તે ન સંશયઃ ॥૫॥

(૫) ચાહે ગમે તે વળગાડ હોય, ડાકણ શાકિણી, જોગણી, રાક્ષસ, ભૂત, પ્રેત, વૈતાળ ગમે તેનો ઉપદ્રવ નડતો હોય તો પણ, હે ઘંટાકર્ણ મહાવીરજી! આપના પ્રભાવથી આ સર્વ ઉપદ્રવ કરનાર, જીવ લઈને નાસી જાય છે તેમાં લેશમાત્ર પણ સંશય નથી.

ઘણ્ટાકર્ણપ્રભાવેણ, કામધેનુઃ સુરદ્રુમઃ ।
ચિન્તામણિર્નિધિશ્ચૈતે, ભવન્તિ વશવર્તિનઃ ॥૬॥

(૬) ઘંટાકર્ણના પ્રભાવથી કામધેનુ, કલ્પવૃક્ષ, ચિંતામણીરત્ન, નવનિધિ, વગેરે આ સ્તોત્રનો સ્વાધ્યાય કરનારને વશ થાય છે, એટલે કે મનોકામના પૂર્ણ થાય છે.

નાકાલે મરણં તસ્ય ન ચ સર્પેણ દશ્યતે ।
અગ્નિચૌરભયંનાસ્તિ, હ્રીઁ ઘણ્ટાકર્ણ નમોસ્તુતે,

(૭) આ ઘંટાકર્ણ મહાવીર સ્તોત્રના સ્વાધ્યાય કરનારનુ અકાળ મોત થતું નથી. તેમજ તેને સર્પદંશ, અગ્નિ, તેમજ ચોરનો ભય રહેતો નથી એવા હે ઘંટાકર્ણ મહાવીરજી! આપને હું નમસ્કાર કરૂં છું. ઠઃ ઠઃ સ્વાહા...

॥ ઇતિ જયસ્મરણં સંપૂર્ણમ્ ॥૭॥

# અથ વિજયસ્મરણમ્ ॥૮॥

વિજયસ્સરણા નિચ્ચં, સવ્વત્થ વિજયો ભવે ।
તમહં સંપવોચ્છિસ્સં, સવ્વલોગોવકારગં ॥૧॥

(૧) વિજય સ્મરણનો સ્વાધ્યાય કરવાથી સર્વત્ર વિજયની પ્રાપ્તિ થાય છે. તેથી હું સર્વ લોકના હિત કાજે સદા કલ્યાણરૂપ એવા વિજયસ્મરણને કહીશ.

ઉપસગ્ગહરં પાસં, કમ્મઘણુયવિમુક્કં પાસં ।
ધરણિંદપોમાવઈ, વંદે સયલકલ્લાણઆવાસં ॥૨॥

(૨) આ વિજય સ્મરણનું અધ્યયન કરવા માત્રથી સર્વ ઉપસર્ગો (આવી પડેલી આપત્તિઓ)નો નાશ થાય છે. સર્વ પાપ-કર્મ નાશ પામે છે. ધરણેન્દ્ર અને પદ્માવતિ દેવી જેની સેવા કરે છે એવા સદા કલ્યાણકારક પ્રભુ પાર્શ્વજીણંદને હું વંદન કરૂં છું.

ૐ હ્રીં શ્રીં તં નમામિ પાસનાહં ॥૩॥

(૩) ૐ હ્રીં શ્રીં હે પાર્શ્વનાથ પ્રભુ ! આપને નમસ્કાર કરૂં છું.

ૐ હ્રીં શ્રીં ધરણિંદનમંસિયં દુહવિણાસં ॥૪॥

(૪) ૐ હ્રીં શ્રીં દુઃખમાત્રનો નાશ કરનાર એવા શ્રી ધરણેન્દ્ર દેવથી નમસ્કાર કરાયેલા આપને નમસ્કાર કરૂં છું.

ૐ હ્રીં શ્રીં જસ્સપ્પભાવેણં સેયા ॥૫॥

ૐ હ્રીં શ્રીં નાસંતિ ઉવદ્દવા સવ્વે ॥૬॥

(૫-૬) ૐ હ્રીં શ્રીં જેના પ્રભાવથી સર્વ પ્રકારની ઉપાધીઓ નાશ પામે છે.

ૐ હ્રીં શ્રીં પઈસુમરામિ તં મણે ॥૭॥

(૭) ૐ હ્રીં શ્રીં જેનું ધ્યાનપૂર્વક સ્મરણ કરવાથી મન પ્રફુલ્લિત થાય છે.

ૐ હ્રીઁ શ્રી ન હોઈ વાહી ન કિંપિ દુહં ॥૮॥

(૮) ૐ હ્રીઁ શ્રીઁ જેનું સ્મરણુ કરવાથી કોઈપણુ પ્રકારની વ્યાધિ કે દુઃખ ઉત્પન્ન થતાં નથી.

ૐ હ્રીઁ શ્રીઁ ન હોઈ જલજલણુભયં તહસપ્પસિંહભયં ॥૯॥

(૯) ૐ હ્રીઁ શ્રીઁ જેનું સ્મરણુ કરવાથી જળ, અગ્નિ, સાપ, તથા સિંહનો ભય હોતો નથી.

ૐ હ્રીઁ શ્રીઁ ન હોઈ ચોરારિસંભવં ભયં ॥૧૦॥

(૧૦) ૐ હ્રીઁ શ્રીઁ જેનું સ્મરણુ કરવાથી ચોર કે દુશ્મનનો ભય ઉત્પન્ન થતો નથી.

ૐ હ્રીઁ શ્રીઁ પયડં ન ઈત્થ સંદેહો ॥૧૧॥

(૧૧) ૐ હ્રીઁ શ્રીઁ આ પાઠનું અધ્યયન કરવાથી સર્વપ્રકારે આનંદ થાય છે. જેથી તેમાં જરા પણુ સંદેહ ન રાખો.

ૐ હ્રીઁ શ્રીઁ નામંવિ જસ્સ હુ મંતસમં ॥૧૨॥

(૧૨) ૐ હ્રીઁ શ્રીઁ જે નામ યશ રૂપ છે, મંત્ર સમાન છે.

ૐ હ્રીઁ શ્રી જો સુમરઈ પાસનાહપહું ॥૧૩॥

(૧૩) ૐ હ્રીઁ શ્રીઁ એવા પાર્શ્વનાથ પ્રભુનું જે સ્મરણુ કરે છે...

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ પહવઈ ન કયાવિ કોવિ તસ્સ ॥૧૪॥

(૧૪) ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ જેનાથી ચોર અને શત્રુનો ભય નાશ પામે છે, તેમાં જરા પણુ સંદેહ રાખશો નહિં.

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ શ્રાઁ શ્રીઁ સવ્વસુહં પાવઈ
ઈહલોગહ્રી પરલોગહ્રી ॥૧૫॥

(૧૫) ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ શ્રાઁ શ્રીઁ તે આ લોક તેમજ પરલોકમાં સર્વ પ્રકારનું સુખ પ્રાપ્ત કરે છે.

ૐ હ્રીં શ્રીં જો સરઈ પાસનાહં
સો મુચ્ચઇ સવ્વદુખ્ખાઓ ॥૧૬॥

(૧૬) ૐ હ્રીં શ્રીં જે પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરે છે, તે સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

ૐ હ્રીં શ્રીં હ્રૂં હ્રૌં ગાં ગીંગઃ, તહ સિજઝકઇ ખિપ્પં ॥૧૭॥

(૧૭) ૐ હ્રીં શ્રીં હ્રૂં હ્રૌં ગાં ગીં ગઃ પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરવાવાળાનાં સર્વ કાર્ય જલ્દીથી સિદ્ધ થઈ જાય છે.

ૐ હ્રીં શ્રીં ઇય નાઉ સરેઈ ભગવંતં ॥૧૮॥

(૧૮) ૐ હ્રીં શ્રીં હ્રૂં હ્રૌં ગાં ગીં ગઃ એમ સમજીને શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ કરવું જોઈએ.

ૐ હ્રીં શ્રીં સવસત્તિસંપન્નધરણિંદ પોમાવઈ દેવિ સવ્વત્થ-વિજયં કુરૂ કુરૂ સવ્વકિત્તિજસોખલં દેહિ દેહિ સવ્વસોભગ્ગં કુરૂ કુરૂ સવ્વમંગલં સાધય સાધય સવ્વ મનોરથં પૂરય પૂરય ૐ હ્રીં શ્રીં નમઃ સિદ્ધં ॥૧૯॥

(૧૯) ૐ હ્રીં શ્રીં સર્વ સુખસંપત્તિ આપનાર ધરણેન્દ્ર તથા પદ્માવતિ દેવી જેની સેવા કરે છે, એવા પાર્શ્વનાથ પ્રભુ ! મારો સર્વ પ્રકારે વિજય કરો ! વિજય કરો ! સર્વ પ્રકારની કીર્તિ, યશ, બળ આપો ! યશ કીર્તિ બળ આપો. સર્વ સૌભાગ્ય કરો ! સર્વ પ્રકારનાં મંગળ સાધી આપો ! મારા સર્વ મનોરથ પૂર્ણ કરો ! ૐ હ્રીં શ્રીં સિદ્ધગતિને પામેલા એવા પાર્શ્વનાથ પ્રભુ ! આપને મારા નમસ્કાર હજો.

॥ ઇતિ વિજયસ્મરણં સંપૂર્ણમ્ ॥૮॥

# અથ શાન્તિસ્મરણમ્ ॥૯॥

શાન્તિસ્મરણ માત્રેણ, શાન્તિઃ સર્વત્ર જાયતે ।
તદહં સંપ્રવક્ષ્યામિ, સર્વકલ્યાણકારકમ્ ॥૧॥

(૧) શાન્તિ સ્મરણનો સ્વાધ્યાય કરવાથી સર્વ સ્થળે શાન્તિજ શાન્તિ થાય છે. તેથી હવે હું આપની સમક્ષ દરેક પ્રકારે કલ્યાણ કરનાર એવા શાન્તિ સ્મરણના મહિમાનું વર્ણન કરૂં છું.

શાન્તિનાથં પ્રભું વન્દે, માતૃગર્ભં ગતોપિ યઃ ।
મારીભયે સમુત્પન્ને, લોકાનાં શાન્તિકારકઃ ॥૨॥

(૨) હે શાન્તિનાથ પ્રભુ ! આપ માતાના ગર્ભમાં આવતાં જ, આપના પિતાના રાજયમાં ફેલાઇ રહેલો, મહામારી-મરકીનો રોગ શમી ગયો અને પ્રજાજનોમાં શાંતિ જ શાંતિ વરતાઇ. એવા હે શાંતિનાથ પ્રભુ ! આપને હું વંદન કરૂં છું.

યસ્મિન્ જાતે ચ લોકેષુ, પ્રકાશઃ સમજાયત ।
શાન્તિઃ સર્વત્ર લોકાનાં, મંગલં ચ ગૃહે ગૃહે ॥૩॥

(૩) હે શાંતિનાથ પ્રભુ ! આપનો જન્મ થતાં જ લોકને વિશે પ્રકાશ પ્રકાશ વ્યાપી ગયો. લોકમાં સર્વ સ્થળે શાંતિજ શાંતિ વ્યાપી ગઇ. ઘેર ઘેર મંગળ વરતાઈ રહ્યું.

વિશ્વસેનો નૃપશ્ચાસીત્, સુન્દરે હસ્તિનાપુરે ।
અચિરાખ્યા મહાદેવી, સુવ્રતા શીલશાલિની ॥૪॥

(૪) સુંદર એવા હસ્તિનાપુર નગરને વિષે આપના પિતા વિશ્વસેન નામે રાજા રાજય કરતા હતા. અને અચલાદેવી (અચીરા) નામે વ્રત નિયમોનું પાલન કરનાર, પતિવ્રતા અને શીલવંતા એવાં મહારાણી આપના માતા હતાં.

તસ્યા ગર્ભે સમાયાતઃ શાન્તિનાથ જિન પ્રભુઃ ।
ત્રિલોકવન્દ્યઃ સર્વેષાં, શોકસન્તાપહારકઃ ॥૫॥

(૫) ત્રણે લોકને વિષે વંદનીય, સર્વ પ્રાણીમાત્રના શોક સંતાપના હરનાર એવા શાંતિનાથ ભગવાન, આવાં ચારિત્રશીલ અચલાદેવી માતાની કૂખે ગર્ભમાં ઉત્પન્ન થયા.

તદા કૂટસંનિવેશે, હસ્તિનાપુરસંનિધૌ ।
શાન્તિપ્રાપ્તા જનાઃ સર્વે, સંકટે સમુપસ્થિતે ॥૬॥

(૬) એ એક સમય હતો. હસ્તિનાપુર નગરની નજીકમાં કૂટ નામના સંનિવેશ (નાનું પરૂં) ને વિશે પ્રજાજનો સંકટ ગ્રસ્ત બન્યા હતા. તેવે સમયે શાંતિનાથ પ્રભુ માતાના ગર્ભે આવ્યા હતા અને સર્વ પ્રજાજનોમાં શાંતિ જ શાંતિ છવાઈ.

કશ્ચિદ્દેવ સ્તદાતત્ર, પૂર્વવૈરમનુસ્મરન્ ।
સ્વકીયશક્ત્યા પાષાણ, વર્ષણં કૃતવાન્ પરમ્ ॥૭॥

(૭) તેવે સમયે કોઈ એક દેવને પોતાના પૂર્વભવના વેરનું સ્મરણ થયું. અને પોતાની દેવી અને માયાવી એવી વૈક્રિય શક્તિથી મોટી મોટી શીલા અને પત્થરોનો વરસાદ ગામ અને નગરો ઉપર વરસાવવા માંડયો.

પ્રચંડ પવન સ્તત્ર, પ્રાદુર્ભૂતો ભયંકરઃ ।
દાવાનલસમશ્ચાગ્નિ; રુદ્ભૂતાઃ સર્પ વૃશ્ચિકાઃ ॥૮॥

(૮) તે દેવને એકલા પત્થરોના વરસાદથી વેરની તૃપ્તિ ન થઇ, પણ તેથી ય આગળ વધીને પોતાની વૈક્રિયશકિતના બળે કરીને પવનની આંધિ અને વાવાઝોડાનુ ભયંકર તાંડવ મચાવ્યું. ચારે તરફ દાવાનળનાં તાંડવ રચાયાં. ધરતી ઉપર આગ ઓકાવા માંડી. ચારે તરફ સર્પ અને વિંછીઓ ઉત્પન્ન કર્યા. અને ઘરેઘર સર્પ અને વીંછીનો ભયંકર ભય વ્યાપી રહ્યો.

વજ્રપાતસમો નાદઃ, સર્વજન્તુભયાનકઃ ।
નદ્યાઃ પૂરઃ પ્રાદુરાસીદ, વિષધૂમસ્તથૈવ ચ ॥૯॥

(૯) આટ આટલું કરવા છતાં પણ એ દેવને વેરની તૃપ્તિ ન થઈ. હજીએ બાકી હોય તેમ, પ્રાણી માત્ર જેના ભયથી ધ્રુજી

મરે તેવા ભયાનક-જાણે વજ્રપાત થતો હોય તેવા વિજળીના કાટકા કરતાં પણ ભયંકર અવાજના કાટકા કરવા માંડયો. નદીઓમાં પ્રલયનાં પૂર ઉભરાવ્યાં, નદીઓએ ચારે તરફ પ્રલય તાંડવના ખેલ ખેલવા માંડયાં. ઝેરી ગેસના ધુમાડાના ગોટેગોટા ઉત્પન્ન કર્યા, તોયે તેના આત્માને શાંતિ ન વળી.

વિદ્યુત્પાતસ્તથા વ્યાધિ, રુપાધિશ્ચ સહસ્રશઃ ।
ભૂકમ્પસ્તમસાચ્છન્નં, નભઃ પક્ષિરુતૈર્યુતમ્ ॥૧૦॥

(૧૦) આટલું તો હજી અધુરૂં હોય તેમ, લપકારા લેતી વિજળીઓ ચારે તરફ પડવા માંડી, જાણે લાવ લશ્કર લઇને આવી હોય, તેમ હજારો આધિ, વ્યાધિ અને ઉપાધીઓ ખડકાવા માંડી, ચારે બાજુ ધરતીકંપ થવા માંડયો, ગગનચુંબી ઇમારતો ધરાશયી થવા માંડી. આકાશમાં ઘનઘોર અંધકાર વ્યાપી રહ્યો. ચારે તરફ વિનાશનાં તાંડવ ખેલાવા માંડયાં. પંખીડાંઓ ભયત્રસ્ત દશામાં કલરવ કરવા માંડયાં.

શિલાવૃષ્ટયાહતાઃ કેચિત્, કેચિદ્વાયુરયાહતાઃ ।
પતન્તિ, વ્યાકુલાઃ કેચિત્, શુષ્કકંઠાઃ પિપાસવઃ ॥૧૧॥

(૧૧) આવા પ્રલયના તાંડવમાં ભાગ્યશાળી હશે તેજ બચ્યો હશે. બાકી તો કેટલાએ પશુ, પક્ષી અને માનવ સમુદાય શિલા-વૃષ્ટિથી ઘવાયા, કેટલાયે પ્રચંડ આંધિના તોફાનથી ઘવાયા, કેટલાયના ભય ત્રસ્ત દશામાં પાણીના અભાવે કંઠ શોષાવા માંડયા. પ્રાણી માત્ર આ તાંડવનો ભોગ બન્યાં.

સમન્તાજ્જ્વલતિગ્રામે, હાહાકારયુતા નરાઃ ।
શબ્દાઘાતેન બધિરાઃ, દષ્ટાઃ સર્પાદિભિસ્તથા ॥૧૨॥

(૧૨) જાણે સારાયે નગરે અગન પીછોડી ઓઢી હોય તેવો દેખાવ થઈ રહ્યો હતો. આગથી ભડભડ બળતા આ નગરના પ્રજાજનોમાં હાહાકાર વરતાઈ રહ્યો હતો. જાણે આકાશ તૂટી પડયું હોય તેવા ગગનભેદી અવાજોથી કેટલાય માનવોના કાનના પડદા

તૂટી ગયા—ખંડેરા બન્યા. કેટલાએ માનવીઓ પર વિષધર ભૂજંગો-સર્પો તૂટી પડયા. અને મોતનાં તાંડવ ખેલાયાં.

નદ્યાઃ પૂરંસમાયાન્તં, દૃષ્ટ્વા ધાવન્તિઃ સર્વતઃ ।
વિષધૂમાદ્દૃષ્ટિહીના, વિદ્યુત્પાતહતા અપિ ॥૧૩॥

(૧૩) પાણીનાં પૂર ચઢવાથી નદીઓ ગાંડાતૂર બની અને કેટલાએ માનવીઓને પોતાની ગોદમાં સમાવી લીધા. ધરતીએ જયાં જયાં માગ આપ્યો ત્યાં ત્યાં પાણીની ઘુમરીઓ લેતી ગાંડાતુર બની દોડવા માંડી. માનવીઓના જીવ તાળવે ચોટયા. અને જીવ બચાવવા આમ તેમ દોડવા માંડ્યા. ઝેરી ગેસ વાયુના કારણે કેટલાએ જીવોએ પોતાની આંખનાં રતન ગુમાવ્યાં. અંધાપો મેળવ્યો, કાળજાં ફાડી નાખે તેવા કાટકા સાથે વિજળીઓ પડતાં કેટલાએ જીવોનો ઘાણ વળી ગયો. મોતના મોંમાં ધકેલાયા.

પતન્તિ યત્રતત્રાપિ, ઝંઝાવાતહતા ગૃહઃ ।
ભૂકમ્પચલિતાશ્ચૈવ, જના ઉદ્વિગ્નમાનસાઃ ॥૧૪॥

(૧૪) ભયંકર આંધિ વાવાઝોડાને કારણે ગગનચુંબી ઈમારતો ધરાશયી-જમીન દોસ્ત થવા માંડી. ધરતી કંપને કારણે ધરતી પગ નીચેથી સરવા માંડી. જાણે કે ધરતી હીલોળે ચઢી. જાન સટોસટનો સમય છે. જાન બચાવવા શું કરીએ ? કયાં જઇએ ? માનવીઓનાં મન ઉદ્વેગનાં હીલોળે હીંચવા માંડ્યાં.

તમઃ પ્રચ્છન્નદેહાશ્ચ, ન પશ્યન્તિ પરસ્પરમ્ ।
સંજાતા ભયભીતાશ્ચ, જનાઃ કલ્પાન્તશંકયા ॥૧૫॥

(૧૫) ચારે તરફ ઘોર અંધકાર વ્યાપી રહ્યો છે. કોઇ કોઈનાં મોઢાં જોઇ શકાતાં નથી. માનવીઓનાં હૈયાં ભયથી ફફડી રહ્યાં છે. આ શું થવા બેઠું છે ? પ્રલય કાળનાં તાંડવ તો નહિ હોય ! પ્રલયની શંકાથી માનવીઓના જીવ તાળવે ચોંટ્યા. મોત હથેળીમાં દેખાવા માંડ્યુ.

કશ્ચિદેકો જનસ્તત્ર, ભીત્યાયાતો નૃપાન્તિકે ।
ઉવાચ કરુણાસિન્ધો ! ત્રાયસ્વ શરણાગતમ્ ॥૧૬॥

(૧૬) ડૂબતો તરણું પકડે તેમ જ્યારે બચવાનો કોઈ ઉપાય ન રહ્યો, તેવે સમયે કોઇ એક નગરજન ભયભીત સ્વરૂપે વિશ્વસેન મહારાજા પાસે આવીને કરગરવા માંડયો, "હે કરૂણાના સાગર! આપને શરણે આવ્યો છું. આ તાંડવમાંથી બચાવો." એમ કહી આંખોમાં ચોધાર આંસુ સાથે વીતેલી કરૂણ ઘટનાઓ મહારાજા સમક્ષ રજુ કરી.

દેશવાર્તાહરાસ્તત્ર, તદૈવ સમુપાગતાઃ ।
ઊચુર્નૃપાન્તિકે સર્વે, દેશવિપ્લવદુર્દશામ્ ॥૧૭॥
સર્વત્ર ચ મહામારી, મહાદુષ્ટા પિશાચિની ।
નિપાત્ય દુઃખગર્તે ચ, જનાન્ ભક્ષતિ સર્વતઃ ॥૧૮॥

(૧૭-૧૮) ચારે તરફ જ્યારે પ્રલયનાં તાંડવથી અંધાધુંધી વ્યાપી ગઈ હતી, તેવે સમયે દેશ દેશના રાજદૂતો એકી શ્વાસે મહારાજા વિશ્વસેન સમક્ષ દોડી આવ્યા, અને રાજાને દેશવ્યાપી વિપ્લવની દુર્દશાની કહાણીનો તાદશ્ય ચિતાર આપવા માંડયો. 'હે મહારાજા! ચારે તરફ આ પ્રલયના તાંડવ તો મચી રહ્યાં છે, તે હજી ઓછું હોય તેમ પિશાચિની સ્વરૂપ, મહા દુષ્ટા એવી મહામારી–મરકીનો રોગચાળો ચારે તરફ ફેલાઈ રહ્યો છે. પ્રજાજનો દુઃખની ઉંડી ખીણમાં ધકેલાઇ રહ્યાં છે. મરકીએ સાક્ષાત્ કાળદેવી–રાક્ષસી સ્વરૂપ ધારણ કર્યું છે, અને માનવીઓનો કોળીઓ કરી રહી છે. મરકી આજે માનવભક્ષી બની ચુકી છે."

એતન્નિશમ્ય વચનં, ભૂપતિર્જનવત્સલઃ ।
વિશ્વસેનઃ કૃપાસિન્ધુઃ, પ્રતિજ્ઞામકરોત્તદા ॥૧૯॥

(૧૯) પ્રજાજનોને પોતાના પ્રાણ સમ વ્હાલા ગણતા એવા,

કરૂણાના સાગર વિશ્વસેન રાજાનું હૈયું આ સર્વ હકીકત સાંભળતાં દ્રવી ગયું, કાળજુ કંપી ઉઠચું, અને તેજ વખતે તેમણે પ્રતિજ્ઞા કરી.

સર્વથા નૈવ શાન્તિઃ સ્યાદ્દ, યાવત્કાલે પ્રજાસુ ચ ।
ચતુર્વિધાશનં ત્યાજ્યં, તાવત્કાલે મયા ધ્રુવમ્ ॥૨૦॥

(૨૦) "જ્યાં સુધી મારા પ્રજાજનોની અશાન્તિ દૂર ન થાય ત્યાં સુધી મારે ચારેય પ્રકારનાં અન્ન પાણીનો ત્યાગ!–આ છે મારી અચળ પ્રતિજ્ઞા!"

આગતસ્તત્ર દેવેન્દ્ર, સ્તદૈવ ચલિતાસનઃ ।
ઉવાચ નૃપતિં રાજન્! કષ્ટં કિં તવ વિદ્યતે ॥૨૧॥

(૨૧) જ્યાં મહારાજાએ પ્રતિજ્ઞા કરી, કે તુરતજ ઇન્દ્રનું ઇન્દ્રાસન ચલાયમાન થયું. તેજ વખતે ઈન્દ્ર, રાજા સમક્ષ પધાર્યા અને પૂછ્યું, "હે રાજન્! આપને એવું તે શું દુઃખ આવી પડયું છે કે આપને અનશન કરવું પડ્યું?"

વિશ્વસેનનૃપઃ સર્વં, દેવેન્દ્રં વૃત્ત મબ્રવીત્ ।
દુઃખવાર્તાં સમાકર્ણ્ય, સુરેન્દ્રઃ પ્રાહ ભૂપતિમ્ ॥૨૨॥

(૨૨) વિશ્વસેન રાજાએ ઈંદ્રને પોતાના પ્રજાજનોને માથે ખેલાઈ રહેલા તાંડવનો ચિતાર કહી બતાવ્યો. આ દુઃખનો ચિતાર સાંભળી ઈંદ્ર વિશ્વસેન મહારાજાને જણાવ્યું કે...

વૃથા કિં ખિદ્યસે રાજન્! સન્નિધિર્યસ્ય સંનિધૌ ।
ચિન્તામણિઃ સુરતરુઃ, કામધેનુશ્ચ વર્તતે ॥૨૩॥

(૨૩) "હે રાજન્! વૃથા ખિન્ન શા માટે થાવ છો? જેની પાસે નિધાન છે, ચિંતામણી છે, કલ્પવૃક્ષ છે અને કામધેનુ વર્તે છે, તેને ચિન્તા કરવાની શી જરૂર છે?"

સર્વશક્તિયુતો દેવઃ, સર્વ શાન્તિકરઃ પ્રભુઃ ।
જનન્યા ઉદરે રાજન્! વર્તતે ભવને તવ ॥૨૪॥

(૨૪) "સર્વશક્તિમાન દેવ, સર્વત્ર શાંતિ જ શાંતિના કારક, એવા શાંતિનાથ પ્રભુ, તો તમારા રાજમહેલમાં તમારી રાણીના કૂખે ગર્ભમાં બીરાજે છે. પછી હે રાજન્! તમારે વૃથા ચિંતા શા માટે કરવી ?"

ઈત્યુક્ત્વા તત્ર દેવેન્દ્રો, માતૃગર્ભં ગતં જિનમ્ ।
ભાવેન સ્તોતુમારેભે, સર્વ શાન્તિપ્રકામ્યયા ॥૨૫॥

(૨૫) દેવાધિદેવ ઈન્દ્ર આ ક્રમાણે કહીને પછી સર્વત્ર શાંતિ સ્થપાય તે સારૂ માતાના ગર્ભમાં રહેલા જીનેશ્વર શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

કર્પૂરં શીતલં લોકે, તસ્માદપિ ચ ચન્દનમ્ ।
તતશ્ચાપ્યધિકશ્ચન્દ્ર, સ્તસ્માદપ્યધિકો ભવાન્ ॥૨૬॥

(૨૬) "હે શાંતિજીનેશ્વર ! આ લોકને વિશે કર્પૂર શીતલ છે. તેનાથી અધિક શીતળતા ચંદનમાં છે. તેનાથી પણ અધિક શીતળતા ચંદ્રમાં છે. અને ચંદ્રથી પણ અધિક શીતળતા, હે પ્રભુ ! આપનામાં છે."

લોકોત્તમો લોકનાથો, લોકપ્રદ્યોતકારકઃ ।
ચક્ષુર્દો માર્ગદશ્ચાપિ, ધર્મદઃ શુદ્ધબોધિદઃ ॥૨૭॥

(૨૭) "હે પ્રભુ ! આપ લોકને વિશે ઉત્તમ છો. આપ લોકના નાથ છો. આપ લોકને વિશે પ્રકાશના કરનાર છે. આપ જ્ઞાન-ચક્ષુના દેનાર છો. આપ પથદર્શક છો. આપ ધર્મ દેનારા છો. શુદ્ધ બોધિબીજ સમકિતના આપનાર છો."

અવધિજ્ઞાન સંપન્નો, ભવ્યબોધાબ્જ ભાસ્કરઃ ।
જનાનન્દકરઃ સર્વ–શુદ્ધ ધર્મ પ્રકાશકઃ ॥૨૮॥

(૨૮) "હે પ્રભુ ! આપ અવધિજ્ઞાન સંપન્ન છો. કમળને

વિકસીત કરનાર સૂર્યસમાન આપ, ભવ્ય જીવોના આત્માને બોધ દ્વારા વિકસીત કરનાર ભાસ્કર–સૂર્ય સમાન છો. સર્વ મનુષ્યોને આનંદકારક છે. આપ શુદ્ધ ધર્મનો પ્રકાશ રેલાવનાર છો."

ચન્દ્રમા શ્રયતે હર્તુમાકાશઃ સ્વગતં તમઃ ।
તથા દુઃખતમો હર્તું, પ્રભો ! ત્વા માશ્રયે ધ્રુવમ્ ॥૨૯॥

(૨૯) "ચારે તરફ જયારે અંધકારનું સામ્રાજય વ્યાપ્યું હોય ત્યારે આકાશ પોતાના અંધકારને મટાડવા માટે ચંદ્રનો આશ્રય લે છે, તેવી રીતે જયારે અમારા ઉપર દુઃખનો ઘોર અંધકાર છાઇ રહ્યો છે, તેવે સમયે હે પ્રભુ ! અમે નિશ્ચિત મને આપનો આશ્રય લઈએ છીએ."

સર્વસિદ્ધિપ્રદઃ સર્વ–સિદ્ધૌષધિ સમઃ પ્રભુઃ ।
સ્મૃતમાત્રો ભવાનત્ર, સર્વથા શાન્તિકારકઃ ॥૩૦॥

(૩૦) "હે પ્રભુ ! આપનું સ્મરણ માત્ર, સર્વ પ્રકારની સિદ્ધિનું દાતા છે, સર્વ પ્રકારની સિદ્ધ ઔષધિસમાન છે. તેમજ સર્વથા શાંતિ ઉપજાવનાર છે."

અજ્ઞાનતિમિરધ્વંસ–ભાનુમન્ કરુણાર્ણવ ।
આહ્લાદને શરચ્ચન્દ્ર ! સાન્દ્રશાન્તિકરોભવ ॥૩૧॥

(૩૧) 'હે શાંતિ જીનેશ્વર ! અજ્ઞાનના અંધકારને તોડનાર આપ સૂર્ય સમાન છો. શરદપૂર્ણિમાના ચંદ્રની માફક આપ મનને પ્રફુલ્લિત કરનાર છો. હે કરૂણાના સાગર ! આપ મહેર કરો અને સર્વ જીવોને શાતા ઉપજાવો."

એવં સ્તુત્વા જિનં શક્ર, સ્તન્માતર મવોચત્ ।
સ્મરણાખ્યકમિદં સ્તોત્રં, બ્રૂહિ માતઃ સ્વયં શુભમ્ ॥૩૨॥

(૩૨) આ પ્રમાણે છ શ્લોકથી શાંતિજીનેશ્વરની સ્તુતિ કરીને ઈન્દ્ર મહારાજ ભગવાનનાં માતા સમક્ષ આવ્યા. આ સ્તોત્રનું

સ્મરણ કરીને કહ્યું કે, "હે માતા! આ શુભ સ્તોત્ર આપના સ્વમુખે બોલો, જેથી સારાયે લોકમાં શાંતિ જ શાંતિ પ્રવર્તે."

ઈન્દ્રસ્ય વચના દ્દેવી, પ્રાસાદમભિરુહ્ય સા ।
સ્તોત્રં પઠતિ ભાવેન, વિલોકય પરિતસ્તદા ॥૩૩॥

(૩૩) આ પ્રમાણે ઈન્દ્ર મહારાજનાં વચનો સાંભળતાં ભગવાનનાં માતા રાણી અચલાદેવી મહેલ પર ચઢ્યાં અને પ્રજાજનોનાં દુઃખ પરિતાપ દૂર કરવા શુદ્ધ ભાવથી આ સ્તોત્રની આરાધના કરવા માંડ્યાં.

સકૃત્પઠન માત્રેણ, શાન્તિર્જાતા ચ સર્વથા ।
સર્વત્ર સર્વલોકેષુ, ઋદ્ધિઃ સિદ્ધિશ્ચ સંપદઃ ॥૩૪॥

(૩૪) જયાં રાજમાતાએ આ સ્તોત્ર ભણવા માંડયું કે મહામારી-મરકી, આગ, શીલાવૃષ્ટિ, ભૂકંપ, સર્પવૃષ્ટિ, વૃશ્ચિકવૃષ્ટિ, નદીઓનાં પ્રલયનાં તાંડવ જગાવતાં પૂર, આંધિનાં તોફાન, ઝેરી વાયુ, વજ્રપાત, વિજપાત, વીજળીના ભયંકર કાટકા, આ સર્વ ઉપદ્રવો એક પછી એક પલાયન થઈ ગયા. સર્વત્ર ત્રણે લોકમાં શાંતિનું સામ્રાજય સ્થપાયું, અને રિદ્ધિસિદ્ધિ અને સંપત્તિનો પ્રાદુર્ભાવ થયો.

યદા પુનર્જિનેન્દ્રસ્ય, જન્મકાલઃ સમાગતઃ ।
તદા સમસ્તલોકે ચ, સ્વયં શાન્તિ રુપાગતા ॥૩૫॥

(૩૫) તે પછી ફરીથી જયારે પ્રભુ શાંતિનાથનો જન્મકાળ આવ્યો, ત્યારે સમસ્ત લોકમાં ચારે તરફ શાંતિ જ શાંતિ છવાઈ રહી. જાણેકે પ્રભુ પોતે જ શાંતિના રૂપમાં પધાર્યા છે.

પ્રસન્નાશ્ચ જનાઃ સર્વે, મંગલં ચ ગૃહે ગૃહે ।
જાતઃ શાન્તિકરઃ શાન્તિ,-નામકઃ ષોડશો જિનઃ ॥૩૬॥

(૩૬) ભગવાનનો જન્મ થતાં જ માનવ માત્રમાં પ્રસન્નતા વ્યાપી ગઇ. ઘેર ઘેર મંગળ વરતાઇ રહ્યું. જેનો જન્મ થતાં જ ચારેકોર શાંતિનું સામ્રાજય સ્થપાયું. તેથી કરીને એ સોળમા જીનવરનું નામ શાંતિનાથ રાખવામાં આવ્યું.

શાન્તિસ્મરણ પાઠેન, સર્વત્ર શુભ ભાવતઃ ।
ઋદ્ધિઃ સિદ્ધિઃ સુખં, સંપજ્જાયતે સર્વ મંગલમ્ ॥૩૭॥

(૩૭) જે કોઈ ભવીજન શુભ ભાવથી આ શાંતિદાયક શાંતિ સ્મરણ સ્તોત્રનું પઠન-અધ્યયન કરશે તેને રિદ્ધિ, સિદ્ધિ, સુખ, સંપત્તિ તેમજ સર્વ માંગલ્યની પ્રાપ્તિ થશે.

**॥ ઇતિ શ્રી શાન્તિસ્મરણનામકં નવમં સ્મરણં સંપૂર્ણમ્ ॥૯॥**

*

પુસ્તક મળવાનું ઠેકાણું :
**સરસ્વતી સ્ટેશનરી એન્ડ કટલરી સ્ટોર્સ**
પોલીસ ચોકી સામે, **સરસપુર-અમદાવાદ. ૧૮**

*

પુસ્તક મળવાનું બીજું ઠેકાણું :
**હરીભાઈ બાલુભાઈ દૂધવાળા**
દહીં દૂધની દુકાનવાળા, મ્યુ. મારકેટની પાસે, સરસપુર
(નિકોલ દરવાજા બહાર, પોટલિયા તળાવ પાસે-**અમદાવાદ. ૧૮**

# કલ્યાણ મંગલ સ્તોત્ર

કલ્યાણ-મંગલ-મુદીરિત-સૌખ્ય-માલમ્ ।
સ્વાલંબનં ભવતિતીર્ષુ-તનુધરાણામ્ ॥
આનંદ-કન્દલ-મમન્દ-મખંડ-બોધમ્ ।
સૌધં શિવસ્ય સુખદં જિનપાદપદ્મમ્ ॥૧॥

મંત્ર-ૐ હ્રીં શ્રાઁ શ્રાં હ્રીં શ્રીં ધરણેન્દ્ર પદ્માવતી નમઃ સર્વજન વશંકરાય સર્વ ચિન્તા ચૂરણાય સર્વાધિ વ્યાધિ વિનાશકાયસકલ મંગલ કરાય.



આ ૧લા શ્લોકનો ૧૦૮ વાર પાઠ કરવાથી યા ૧૨૫૦ વાર પાઠ કરવાથી મંત્ર જપવાથી આ યંત્રને ધારણ કરવાથી તથા ઘરમાં રાખવાથી રાજા, પ્રજા વશ થાય છે. શત્રુ વશ થાય છે. મિત્રથી પ્રેમ વધે છે. આપણી જાતમાં માન સન્માન પ્રાપ્ત થાય છે. બીજી જાતિમાં સન્માન પ્રાપ્ત કરતાં શત્રુ આદર કરે છે. અર્થાત્ કુટુંબ વશ થાય છે.

**કર્માદ્રિભેદકુલિશં લલિતં નિતાન્તમ્**
**લોકોત્તરં હૃદયમોહતમોર્કબિમ્બમ્ ।**
**સમ્યક્ પ્રણમ્ય ખલુ પાર્શ્વ-જીનેશ્વરસ્ય**
**સ્તોષ્યે હિતાય હિતનન્દન-કાનનં તમ્ ॥૨॥**

મંત્ર—નમો ધરેણુન્દ્ર પદ્માવતી સહિતાય સર્વ ચિન્તા ચૂરણાય સર્વ વ્યાધિ વિનાશકાય પાર્શ્વનાથાય મમ ચિન્તાં ચૂરય ચૂરય ચિત્તં પ્રસાદય પ્રસાદય નમઃ ॥



બીજા મંત્રનો ૧૦૮ વાર પાઠ કરવાથી મધ્યમ ૧૨૫૦ વાર પાઠ કરવાથી ઉત્કૃષ્ટનો લાભ થાય છે, તથા મંત્રના જપવાથી યંત્રને પાસે રાખવાથી તથા ઘરમાં રાખવાથી ચિત્તની શારીરિક માનસિક તથા બધા પ્રકારની ચિંતાને દૂર કરે છે. આનંદ મંગલની શાન્તિની વૃદ્ધિ થાય છે. અને આત્મ શાન્તિ દિવસે દિવસે વધે છે.

**ભૂમંડલં કનકસૂત્ર-સુગુંફિતં સ્યાત્ ।**
**દૈવાદશેષ ગિરયો મણિ-રત્નરૂપાઃ ।।**
**અમ્ભોધયો યદિ સુધામ્બુધયો ભવેયુ ।**
**સ્તારા જિનેન્દ્ર ! સકલાઃ શશિનો યદિસ્યુઃ ।।૩।।**

**મંત્ર—ૐ** નમો ભગવને પાર્શ્વનાથાય, અચિન્ત્ય મહિમસંયુક્તાય. અદ્ભુત સુખદાયકાય, અદ્ભુતચમત્કૃતિપ્રાદુર્ભવાય ધરણેન્દ્રપદ્માવતીસહિતાય નમઃ ।।



આ ૩જો શ્લોક ભણવાથી, યંત્રને પાસમાં રાખવાથી સુખ પ્રાપ્ત થાય છે. પછી સુખ પરંપરાની પ્રાપ્તિ થાય છે. અદ્ભુત આનંદની પ્રાપ્તિ તથા અદ્ભુત મંગલ થાય છે. અદ્ભુત શાંતિ થાય છે. અદ્ભુત શાંતિની પરંપરા ચાલુ રહે છે.

१०६

**सर्वे द्रुमा यदि सुरद्रुमता–मुपेयु**
**र्गावो भवेयु–रखिला यदिकामगव्यः ।**
**हे नाथ ! ते तदपि नैव गुणाः प्रवक्तुं**
**शक्या इह त्रिभुवने किल चंद्र शुभ्राः ॥**

મંત્ર–ૐ હ્રીઁ શ્રીઁ કલીઁ બ્લીઁ નમો ભગવતે પાર્શ્વનાથાય અચિન્ત્યબલ પરાક્રમાય અર્હતે અચિન્ત્યશક્તિ સમ્પન્ન ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય વિચિત્ર ચમત્કૃતિ યુક્તાય નમઃ ॥




